કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચક્કાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સક્યુંલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રધ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૨૧ એપ્રિલ, ૨૦૨૬ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરચક્ષ (જખ), દેવપર (ચક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

◆અંક નંબર : ૨૯૫◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ-૫ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

કચ્છમાં કેસરીયો માહોલ: કાલે હર્ષ સંઘવીનો શંખનાદ

યુવા હૃદય સમ્રાટ હર્ષ સંઘવી ગજવશે પશ્ચિમ કચ્છ, ચૂંટણી પ્રચારમાં નવા પ્રાણ ફૂંકશે : સરહદી રણ પ્રદેશમાં રાજકીય ગરમાવો, ભાજપના 'ચાણક્ય' ગણાતા હર્ષ સંઘવીનો ભૂજમા ભવ્ય રોડ-શો અને વિજય સંકલ્પ સભા યોજાશે

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અગાઉ લખપત, દયાપર અને ગાંધીધામમાં જંગી વિજય સંકલ્પ સભાઓ ગજવીને ભાજપની જીતનો પાયો નાખ્યો હતો. હવે તેને વધુ મજબૂત કરવા માટે જનતાના ચહિતા નેતા હર્ષ સંઘવી મેદાનમાં ઉતરી રહ્યા છે

ગાંધીધામ : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વચ્ચે સમગ્ર ગુજરાતમાં રાજકીય પારો ચરમસીમાએ પહોંચ્યો છે. કચ્છની ૨૬ બેઠકો પર વિજયધ્વજ લહેરાવવાના દ્રઢ સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટીએ તેના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સફળ સભાઓ બાદ, હવે ગુજરાતના લોકપ્રિય અને ઉર્જાવાન નેતા હર્ષભાઈ સંઘવી કચ્છની ધરતી પર ચૂંટણીનો શંખનાદ કરવા આવી રહ્યા છે.

ગુજરાત રાજ્યના લોકપ્રિય, ઉર્જાવાન અને યુવા હૃદય સમ્રાટ નેતા હર્ષભાઈ સંઘવી કચ્છની મુલાકાતે આવી રહ્યા છે, જેને પગલે સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહ અને 'કેસરિયો માહોલ' જોવા મળી રહ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીઓના પ્રચાર માટે ભાજપે કમર કસી છે ત્યારે હર્ષ સંઘવીનું આગમન કાર્યકરોમાં નવા પ્રાણ ફૂંકશે અને ચૂંટણીનો પારો આસમાને પહોંચાડરાજ્યના ગૃહ રાજ્યમંત્રી અને જેમને જનતા 'ખરા લોકસેવક' તરીકે ઓળખે છે તેવા હર્ષ સંઘવી આગામી ૨૨મી એપ્રિલના રોજ એટલે કે આવતીકાલે પશ્ચિમ કચ્છ પધારવાના છે. તેમના આગમનના સમાચાર માત્રથી જ ભાજપના ઉમેદવારો અને કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે આ અંગે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, હર્ષભાઈના પશ્ચિમ કચ્છ પ્રવાસ માટેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. રાજમાર્ગો પર એક બહુવિશાળ રોડ-શો યોજાશે, જેમાં હજારોની સંખ્યામાં કાર્યકરો અને આમ જનતા જોડાશે. આ રોડ-શોથી સમગ્ર કચ્છમાં ભાજપની તરફેણમાં પ્રચંડ જુવાળ ઉભો થશે. વાઈબ્રન્ટ કાર્યકર્તા અને સાચા લોકસેવકની છબી ધરાવતા હર્ષ સંઘવી પ્રત્યે કચ્છી જનોમાં અનેરો આદર છે, જે આ પ્રવાસ દરમિયાન જનમેદની સ્વરૂપે ઉમટી પડશે.જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, હર્ષભાઈના સ્વાગત માટે ભવ્ય અને ઐતિહાસિક તૈયારીઓ કરવામાં આવી રહી છે. વાઈબ્રન્ટ નેતૃત્વ અને પાયાના કાર્યકર તરીકેની છબી ધરાવતા હર્ષ સંઘવીનો પ્રવાસ કચ્છ ભાજપ માટે 'માસ્ટર સ્ટ્રોક' સાબિત થશે. આજે મોડી સાંજ સુધીમાં તેમના મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમની સત્તાવાર જાહેરાત કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અગાઉ લખપત, દયાપર અને ગાંધીધામમાં જંગી વિજય સંકલ્પ સભાઓ ગજવીને ભાજપની જીતનો પાયો નાખ્યો હતો. હવે તેને વધુ મજબૂત કરવા માટે જનતાના ચહિતા નેતા હર્ષ સંઘવી મેદાનમાં ઉતરી રહ્યા છે. હર્ષભાઈના આ પ્રવાસથી નગરપાલિકા, મહાનગરપાલિકા અને પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપનો વિજયપથ વધુ સુગમ બનશે તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

ઇરાન શાંતિવાતો માટે તૈયાર: વેન્સ પણ પહોંચશે

નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે શાંતિ વાટાઘાટો માટેના પ્રયાસો તેજ બન્યા છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ મંગળવારે સવારે (ભારતીય સમય મુજબ સાંજે) ઈસ્લામાબાદ જવા રવાના થાય તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, વ્હાઈટ હાઉસે સોમવાર સુધી રાહ જોઈ હતી કે શું ઈરાન વાટાઘાટો માટે ટીમ મોકલશે. એવું જાણવા મળ્યું છે કે આ મુદ્દે ઈરાનમાં મતભેદો હતા. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ એ દબાણ કર્યું હતું કે જ્યાં સુધી અમેરિકા તેના પ્રતિબંધો હટાવે નહીં ત્યાં સુધી વાટાઘાટો ન થવી જોઈએ.દરમિયાન, પાકિસ્તાન, ઈજિપ્ત અને તુર્કી જેવા દેશોએ ઈરાનને વાટાઘાટો માટે મનાવવાનો પ્રયાસ કર્યો. સોમવારે રાત્રે, ઈરાનના સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ પ્રતિનિધિમંડળને મંજૂરી આપી, વાટાઘાટોનો માર્ગ મોકળો કર્યો. આ માહિતી યુએસ મીડિયા આઉટલેટ એક્સિઓસે સૂત્રોને ટાંકીને આપી હતી.

અનુસંધાન પાના નં.૪ પર

પહેલગામ હુમલાની પહેલી વર્ષગાંઠ

ભારત ભૂલતુ નથી, ન્યાય મળી ગયો છે .. ભારતીય સેનાનો પાકિસ્તાનને મેસેજ

નવી દિલ્હી : ૨૨ એપ્રિલ, ૨૦૨૫... આ ફક્ત એક તારીખ નથી. પરંતુ દેશના હૃદયને ચીરી નાંખતી એક ચીસ છે. એક ઘા છે જેને સમય પણ રૂઝાવી શકશે નહીં. બુધવારે આવતીકાલે પહેલગામ હુમલાની પહેલી વર્ષગાંઠ છે. તે દિવસે પહેલગામની ઘાટી શાંતિથી વંચિત હતી. શોકાતૂર હતી. કાયર આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા તે હુમલામાં ૨૬ લોકોએ જીવ ગુમાવ્યા. ઘણા ઘરોના દીવા કાયમ માટે બુઝાઈ ગયા.

પ્રથમ વર્ષગાંઠના એક દિવસ પહેલા ભારતીય

અનુસંધાન પાના નં.૪ પર

મતદારો-કાર્યકરોની નારાજગી ઠારવામાં ન આવે તો ભાજપને તકલીફ

જુદા જુદા વોર્ડમાંથી લોકોના રોષ અંગે પ્રદેશ નેતાગીરીને જાણ કરાઇ : ક્યાંક બેઠક ગુમાવવાનો અને નજીવી લીડથી માંડ માંડ વિજય પ્રાપ્ત થાય તેવી સંભાવના

અમદાવાદ : અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ભારે ગરમીમાં પણ ભાજપનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે, પરંતુ કેટલાક વોર્ડમાં મતદારો અને કાર્યકરોની નારાજગી જોતાં ક્યાંક બેઠક ગુમાવવાનો અને નજીવી લીડથી માંડ માંડ વિજય પ્રાપ્ત થાય તેવી સંભાવના વ્યક્ત થઈ રહી છે.

ભાજપનાં જ સૂત્રોનાં જણાવ્યા અનુસાર, શહેરનાં અનેક વોર્ડ વિસ્તારમાં જુદા જુદા પ્રકારનાં પ્રશ્નો છે અને તેના ઉકેલ માટે જે તે વોર્ડનાં ભાજપનાં કોર્પોરેટરો એટલા કાર્યક્ષમ રહ્યા નહોતા. બીજી બાજુ ભાજપનાં જુના અને અનુભવી તેમજ હોદ્દા ઉપર હોય તેવા કોર્પોરેટરોએ જ તેમનાં વિસ્તારોમાં વિવિધ પ્રકારનાં કામો કરાવી લીધા છે. તેથી તેમનાં વિસ્તારોનાં મતદારોમાં લગભગ કોઇ પ્રકારની નારાજગી જોવા મળતી નથી. જે વોર્ડ વિસ્તારોમાં પાયાનાં પ્રશ્નો જેવા કે પાણી, ગટર, રોડ ઉપરાંત ખાસ કરીને કોર્પોરેટરોની પાંચ વર્ષ દરમિયાન નોંધપાત્ર ગેરહાજરી પણ મતદારોએ નોંધી છે અને હવે ચૂંટણી પ્રચારમાં આવતાં ઉમેદવારોને તેનો સામનો કરવો પડી રહ્યો છે.એટલુ જ નહિ કેટલાય વોર્ડમાં ભાજપનાં જુના કોર્પોરેટરોને પડતા મુકી નવા ચહેરાઓને પસંદ કરવા સામે પણ કાર્યકરોમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે અને કાર્યકરો વોર્ડનાં ચૂંટણી કાર્યાલયોમાં તેમજ પ્રચારમાં દેખાડાની હાજરી આપી તેમની નારાજગી દર્શાવી રહ્યાં છે. સંગઠનનાં હોદ્દેદારો પણ જે રીતે ઉમેદવાર પસંદગી કરવામાં આવી તેનાથી નારાજ થયેલાં છે.

આપના ગુજરાતમાંથી સુપડા થશે સાફ : પાટીલનો હુંકાર

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયનો જંગ જામેલો છે. ભાજપનો ઝંઝાવાતી પ્રચાર પણ ચાલી રહ્યો છે. ઠેર ઠેર દિગ્ગજ નેતાઓ ભાજપના સમર્થનમાં વિજય વિશ્વાસ સંકલ્પ સભાઓ યોજી રહયા છે. દરમ્યાન જ મળતી વિગતો અનુસાર ભાજપના પૂર્વ અધ્યક્ષ સી આર પાટીલ દ્વારા પણ જનસભાને સબાંધન કરતા કહ્યુ હતુ કે, ભાજપનો ભવ્ય વિજય આ ચુંટણીમાં થશે. તેઓએ આમઆદમી પાર્ટીના સુપડા જ સાફ થઈ જવાનો હુંકાર કર્યો હતો. શ્રી પાટીલે કહ્યુ હતુ કે, ગત વખતની ૨૭ બેઠકો પણ આ વખતે આપ ગુજરાતમાં જીતીને દેખાડે?

ગુજરાતમાં સોશ્યલ મીડીયા દ્વારા દેશવિરોધી નેટવર્કનો એટીએસ દ્વારા ભાંડાફોળ

બે યુવકોને દબોચ્યો, પ્રાથમિક તપાસમાં સંદિગ્ધ સાહિત્ય થયું કબ્જે : વધુ પુછતાછ ચાલુમાં

ગાંધીનગર : ભારતની સાથે સીધી જંગમાં લડીને જીતી શકવાનુ નથી તેવુ જાણી ગયેલ નાપાક મુલક ભારતમાં વિવિધ રાજયોમાં છમકલાઓ કરાવી અને હવાતીયા મારતુ રહે છે. પરંતુ ગુજરાતની અલગ અલગ એજન્સીઓ આવી હરકતો સામે સદાય એલર્ટ જ રહેલ હોય તેમ આવા કૃત્યોનો ખુલાસો કરી દે છે.

દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર ગુજરાતમાં સોશ્યલ મીડીયા દ્વારા દેશવીરોધી ચલાવતા બે યુવકોને એટીએસ દ્વારા દબોચી લેવામા આવ્યા છે અને આ બન્ને યુવકોના સંપર્કમાં અન્યો પણ રહેલા હોવાની વિગતો પ્રાથમિક તબક્કે સામે આવવા પામી ગઈ છે. એટીએસની શરૂઆતી કાર્યવાહીમાં જ આ શખ્સો પાસેથી કેટલુક સાહિત્ય પણ કબ્જે કરવામા આવયુ છે જેની પણ જીણવટભરી તપાસ હાથ ધરવમા આવી હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

વહેલી સવારે ઉત્તરપૂર્વીય રાજ્યમાં તીવ્રતા ૫.૨ ભૂકંપના આંચકા

(એજન્સી દ્વારા) નવી દિલ્હી: ભારતના ઉત્તરપૂર્વીય રાજ્યમાં જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા હતા. મંગળવારે વહેલી સવારે આવેલા જોરદાર ભૂકંપના આંચકા અનુભવાયા બાદ ગભરાયેલા લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા.મંગળવારે વહેલી સવારે આવેલા જોરદાર ભૂકંપ ના આંચકા અનુભવાયા બાદ ગભરાયેલા લોકો ઘરોમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપ ની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૨ માપવામાં આવી હતી.આજે વહેલી સવારે મણિપુરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

દીદીને ટાટા બાય બાય કહેવાનો સમય આવી ગયો..દાર્જિલિંગમાં બોલ્યા અમિત શાહ

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીને લઈને કેન્દ્રીય ગૃહમંત્રી પ્રચારમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. ત્યારે આજે અમિત શાહે દાર્જિલિંગમાં સભા સંબોધી હતી. અમિત શાહે સંબોધન કરતા કહ્યું કે પશ્ચિમ બંગાળમાં ભાજપ ની જીત ખથશે. મમતા દીદીનો જવાનો સમય આવી ગયો છે. બંગાળની દરેક સમસ્યાનું સમાધાન થશે. આ ચૂંટણી અન્યાય સામે મુક્તિ મેળવવાની છે. બંગાળે દીદીને હાંકી કાઢવાનું મન બનાવી લીધુ છે. ટીએમસીના અન્યાયની મુક્તિનો સમય આવી ગયો છે. બંગાળમાં આ વખતે હવે કમળ ખીલશે.અમિત શાહે સંબોધન કરતા વધુમાં જણાવ્યું કે બંગાળમાં મહિલાઓ પર અત્યાચાર થઇ રહ્યો છે. હવે અન્યાય નહી ચાલે. બીજેપીની સરકાર બનતા જ અન્યાયનો અંત થશે. ટીએમસીનું ગુંડારાજ હવે નહીં ચાલે.

ભારત-યુએસ કરાર બાબતે વોશિંગ્ટનમાં વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ : ડીલ ઢુંકડી

નવી દિલ્હી ભારત-અમેરિકા વેપાર સોદા અંગે વોશિંગ્ટનમાં વાટાઘાટોનો નવો રાઉન્ડ શ થયો છે. ભારતીય પ્રતિનિધિમંડળ આ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે વોશિંગ્ટનમાં યુએસ ચીફ નેગોશીયેટર બ્રેન્ડન લિંચ સાથે મુલાકાત કરશે. વાટાઘાટોનો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે એક મુખ્ય વેપાર કરાર પર પહોંચવાનો છે. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ વાણિય મંત્રાલયના અધિક સચિવ દર્પણ જૈન કરી રહ્યા છે. દર્પણ જૈન યુએસ નેગોશીયેટર બ્રેન્ડન લિંચ સાથે વાટાઘાટો કરશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે મોટાભાગનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે. ફકત નાની વિગતોને અંતિમ સ્વપ આપવાની જરૂર છે.

બદરીનાથ ધામમાં એટીએસની તૈનાતી

દહેરાદૂન, બદરીનાથ ધામ મંદિરના કપાટ ૨૩મી એપ્રિલે ખોલવાની તૈયારીઓને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. યાત્રામાં સંભવિત ભારે સંખ્યામાં આવનારા શ્રદ્ધાળુઓની સુરક્ષા વ્યવસ્થાને જોતા ચમોલી પોલીસ એલર્ટ પર છે.યાત્રીઓની સુરક્ષા માટે બહુસ્તરીય સુરક્ષા પ્લાન લાગુ કરવામાં આવ્યો છે. બધા પ્રવેશ માર્ગો, મુખ્ય સ્થળો અને સંવેદનશીલ ક્ષેત્રો પર પર્યાપ્ત પોલીસ દળની તૈનાતી કરવામાં આવી છે.

બાલેન શાહનો નવો નિયમ, ભારતથી ૧૦૦ રૂપિયાનો સામાન લાવવા પર પણ લાગશે ટેક્સ

નવી દિલ્હી :: ભારત અને નેપાળ વચ્ચેના 'રોટી-બેટી'ના સંબંધોમાં અત્યારે કસ્ટમ નિયમોની કડકાઈને લીધે કડવાશ આવી છે. રક્સૌલ-બીરગંજ બોર્ડર પર નેપાળ સરકારના નવા નિયમોના વિરોધમાં ભારેલો અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે.નેપાળ સરકારે નવા કાયદા હેઠળ જાહેરાત કરી છે કે, ભારતથી નેપાળમાં પ્રવેશતા કોઈ પણ વ્યક્તિ જો રૂ.૧૦૦ થી વધુની કિંમતનો સામાન લાવશે, તો તેણે ફરજિયાતપણે કસ્ટમ ડ્યુટી ચૂકવવો પડશે. નેપાળની આર્મ્ડ પોલીસ ફોર્સ દ્વારા બોર્ડર પર સતત માઈકિંગ કરીને આ નિયમની કડક અમલવારીની ચેતવણી આપવામાં આવી રહી છે.

AAYUSH HOSPITALS
GUJARAT'S MOST TRUSTED HOSPITAL'S DIRECTORS TEAM

ડૉ. ઉપેન્દ્રસિંહ વાઘેલા
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ & ઓર્થોપેડિક સર્જન
ઓર્થોપેડીક વિભાગ
+ જોઈન્ટ રિપ્લેસમેન્ટ
+ પોલી ટ્રોમા
+ હાડકાંના ફ્રેકચર
+ આથ્રોસ્કોપી

ડૉ. જેનીલ પટેલ
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ કાર્ડિયોલોજીસ્ટ
કાર્ડિયોલોજી વિભાગ
+ એન્જીયોપ્લાસ્ટી
+ એન્જીયોગ્રાફી
+ TMT
+ 2D-Echo

ડૉ. હિતેશ ભાલીયા
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ ન્યુરો & સ્પાઈન સર્જન
ન્યુરો સર્જરી વિભાગ
+ મગજમાં ગાંઠ, હેમરેજ
+ મગજમાં પાણી ભરાવું
+ મણકાની ગાદીની તકલીફ
+ મણકાની નસ દબાઈ જવી

ડૉ. કરણ પટેલ
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ યુરો સર્જન
યુરો સર્જરી વિભાગ
+ કીડની
+ પથરી
+ પ્રોસ્ટેટ
+ મૂત્રમાર્ગના તમામ ઓપરેશન

ડૉ. દીપ પવાણી
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ જોઇન્ટ રીપ્લેસમેન્ટ & ઓર્થોપેડિક સર્જન
ઓર્થોપેડિક વિભાગ
+ જોઇન્ટ રિપ્લેસમેન્ટ
+ પોલી ટ્રોમા
+ હાડકાંના ફેકચર
+ આથ્રોસ્કોપી

ડૉ. કમલ કવા
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ ક્રિઝીશિયન & ક્રીટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
જનરલ મેડીસીન વિભાગ
+ બીપી, ડાયાબીટીસની સારવાર
+ ગંભીર બીમારીની સારવાર
+ ફેફસાંના રોગોની સારવાર
+ લીવર અને કીડનીની રોગોની સારવાર

ડૉ. શ્યામ ત્રિવેદી
એસોસિએટ ડાયરેક્ટર
લેપ્રોસ્કોપીક & જનરલ સર્જન
જનરલ સર્જરી વિભાગ
+ એપેન્ડિક્સ, પિત્તાશયની પથરીના ઓપરેશન
+ સારણગાંઠ અને અન્ય ગાંઠના ઓપરેશન
+ પેટ અને આંતરડાના ઓપરેશન
+ હરસ, મસા, ભગંદરના ઓપરેશન

ડૉ. મયુર કાચા
એસોસિએટ ડાયરેક્ટર
કન્સલ્ટન્ટ પીડીયાટ્રીશીયન
પીડિયાટ્રિક વિભાગ
+ NICU (કાચની પેટી) / PICU
+ નવજાત શિશુની સંભાળ
+ જન્મ સમયે શ્વાસ લેવામાં તકલીફ
+ અધૂરા માસે/ઓછા વજન વાળા બાળકો

આયુષ્યમાન કાર્ડ હેઠળ નિઃશુલ્ક ઓપરેશન સારવાર
આયુષ હોસ્પિટલ | G.K. જનરલ હોસ્પિટલની પાછળ, કેમ્પ એરિયા, ભુજ.
75 73 8888 75

વિદ્યાર્થીઓને દેશનો શ્રેષ્ઠ નાગરિક બનાવવા નેમ ધરાવતી આદિપુરની એક્સલસીયર હાઈ મોડેલ સ્કૂલ

આધુનિક સુવિધાઓસાથેની આ શાળા બાળકોના સર્વાંગી વિકાસ માટેની એક ઉત્તમ શિક્ષણ સંસ્થા છે

ગાંધીધામ - કચ્છઉદય : વિદ્યા સંકુલ ગણાતા આદિપુરમાં છેલ્લા ૬૨ વર્ષથી શૈક્ષણિક સેવા ક્ષેત્રે સતત કાર્યરત રહેલી એક્સલસીયર મોડેલહાઈ સ્કૂલ વિદ્યાર્થીઓને દેશનો શ્રેષ્ઠ નાગરિક બનાવવાનો નેમ ધરાવે છે. શાળા સંકુલમાં અત્યાધુનિક સુવિધાની સાથે ગુણવત્તાસભર શિક્ષણ પણ પૂરું પાડી રહી છે. આદિપુર સ્થિત એક્સલસીયર મોડેલ સ્કૂલ આદિપુર સહિત આસપાસના ગાંધીધામ, અંતરજાળ, મેઘપર બોરીચી તથા અંજારથી આવતા બાળકોના સર્વાંગિ વિકાસ માટે હંમેશાં તત્પર રહી છે. અહીં આવતા વિદ્યાર્થીઓને કારકિર્દીલક્ષી ઉચ્ચત્તમ શિક્ષણ આપવાના હેતુની સાથે વિદ્યાર્થી ભારત દેશનો શ્રેષ્ઠ નાગરિક બની સમાજની સાથે-સાથે રાષ્ટ્રની પણ સેવા કરે એવા ધ્યેય સાથે અહીંના શિક્ષકો સેવા આપી રહ્યા છે. એક્સલસીયર મોડેલ સ્કૂલના આચાર્યા હર્ષાબિન મહેતા વર્ષ ૧૯૮૫ થી બાળકોના અભ્યાસ માટે સતત જાગૃત રહી શિક્ષણકાર્ય માટે કાર્યરત રહ્યા છે. પ્રી પ્રાઈમરી થી ધોરણ ૧૨ સુધીના બાળકો માટેશાળામાં સુસજ્જ એર કન્ડીશનર વર્ગખંડો,ઓડિયો-વિઝ્યુઅલ રૂમની આધુનિક ટેકનોલોજી, યોગા, ડાન્સ અને મ્યુઝિક માટે વિશિષ્ટ રૂમ, કોમ્પ્યુટર લેબ અને સાયન્સ લેબોરેટરી, તેમજ રમતો માટે અલગ રૂમ અને આઉટડોર પ્રવૃત્તિઓ માટે વિશાળ ગ્રાઉન્ડ જેવી સુવિધાઓથી બાળકોને ભણતર સાથે વિવિધ પ્રવૃત્તિઓમાં પણ આગળ વધારવા માટે અહીં વધુ મહત્વ આપવામાં આવે છે.તારીખ ૨૯ નવેમ્બર ૨૦૨૫ ના રોજ રાજકોટ ખાતે આવેલી ગારડી વિદ્યાલયમાં AIPSA – All India Private school Association Education Excellence Conclave & Principals Award - 2025 Gujarat યોજાયો. જેમા શાળાના માનનીય પ્રિન્સિપાલ હર્ષા મહેતાને વર્ષે ૨૦૨૫માં બેસ્ટ પ્રિન્સિપાલના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. આ શાળામાં શૈક્ષણિકશુલ્ક નિમ્નતમ રાખવામાં આવી છે, જેથી સામાન્ય બાળકો તેમજ મધ્યમવર્ગીય પરિવારના બાળકોને પણ શ્રેષ્ઠ શિક્ષણ પ્રદાન કરી શકાય.

ગાંધીધામની એસ પોદ્દાર વિદ્યાજ્યોતિ શાળામાં શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓનો સંગમ

અદ્યતન સુવિધાઓ અને વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા શાળાએ મેળવી આગવી ઓળખ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સ્થિત એસ પોદ્દાર વિદ્યાજ્યોતિ શાળા વર્ષોથી પોતાના આધુનિક માળખાકીય સુવિધાઓ, સુચારુ વહીવટ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં એક વિશ્વાસપાત્ર અને આસ્થારૂપ શિક્ષણ કેન્દ્ર તરીકે ઉભરી આવી છે. શાળા હંમેશા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપતી રહી છે, જ્યાં અનુભવી અને ઉચ્ચ લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને પ્રાયોગિક વિકાસ માટે શાળામાં સ્ટેમ લેબ, કમ્પ્યુટર લેબ, ગણિત લેબ, વિજ્ઞાન લેબ અને એડવાન્સ લાઈબ્રેરી જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. નાના બાળકો માટે સ્માર્ટ બોર્ડથી સજ્જ કે.જી. વર્ગો તેમજ વિશાળ ખેલમેદાનમાં ક્રિકેટ અને બાસ્કેટબોલ જેવી રમતો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.શાળા માત્ર શૈક્ષણિક ક્ષેત્રમાં જ નહીં પરંતુ વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ અને પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે વિવિધ સહપાઠ્ય પ્રવૃત્તિઓનું આયોજન પણ કરે છે, જેના પરિણામે વિદ્યાર્થીઓએ વિવિધ આંતરશાળા સ્પર્ધાઓમાં ભાગ લઈ શાળાનું ગૌરવ વધાર્યું છે. તાજેતરમાં ખેલમહાકુંભ ૨૦૨૫માં જીલ્લાકક્ષાની રસ્સાખેંચ અન્ડર-૧૭ બહેનોની સ્પર્ધામાં શાળાની ટીમે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું, જ્યારે કબ્બડી અન્ડર-૧૪ બહેનોમાં દ્વિતીય સ્થાન મેળવી સફળતા હાંસલ કરી હતી. આ ઉપરાંત તાલુકાકક્ષાની લાંબીકુદ સ્પર્ધામાં વિદ્યાર્થિની કુ. પ્રિયાંશીબા ઝાલાએ દ્વિતીય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.શૈક્ષણિક સ્પર્ધાઓમાં પણ શાળાના વિદ્યાર્થીઓએ એસ.ઓ.એફ. દ્વારા આયોજિત આઈ.જી.કે. ઓ., આઈ.ઈ.ઓ., આઈ. એમ.ઓ., એન.એસ.ઓ. અને આઈ.એચ.ઓ. જેવી ઓલિમ્પિયાડ પરીક્ષાઓમાં મેડલ અને પ્રમાણપત્રો પ્રાપ્ત કર્યા છે. નેલ્ટાસ અને રંગોત્સવ જેવી આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સાથે જ શાળાના ત્રણ શિક્ષકોને પણ તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ વિશેષ સન્માન પ્રાપ્ત થયું હતું. ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ શાળામાં "આનંદમેળા ૩.૦" નામે ફનફેરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓ અને વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો.

અન્ય સિદ્ધિઓમાં કચ્છ મલયાલી વેલ્ફેર એસોસિએશન દ્વારા આયોજિત સ્પર્ધાઓમાં ધોરણ ૧૧ની વિદ્યાર્થિની રીન્કુ પરિહારે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, તેમજ શાળાએ ગાંધીધામ નગરપાલિકાના "સ્વચ્છ ગાંધીધામ" અભિયાનમાં પણ સક્રિય યોગદાન આપ્યું હતું. નર્સરીથી ધોરણ ૧૨ (કોમર્સ) સુધીના વર્ગો ધરાવતી આ અગ્રણી સી.બી.એસ.ઈ. શાળા તેના વિશાળ અને હરિયાળા સંકુલ તેમજ હવા-ઉજાસથી સજ્જ વર્ગખંડો સાથે ભવિષ્યમાં પણ શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા માટે કટિબદ્ધ છે.

લર્નર્સ એકેડેમી ઇંગ્લિશ સ્કૂલ : શિક્ષણની સાથે સંસ્કારનું સિંચન કરતી આદિપુરની અગ્રેસર શૈક્ષણિક સંસ્થા

નજીવી ફી અને શૂન્ય ડોનેશનના ઉમદા હેતુ સાથે જી.પી. સોશિયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શાળામાં પ્લે-હાઉસથી ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓનો થઈ રહ્યો છે સર્વાંગી વિકાસ

ગાંધીધામ - કચ્છઉદય : આદિપુર અને ગાંધીધામ વિસ્તારના મધ્યમવર્ગીય પરિવારોના બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત અંગ્રેજી માધ્યમનું શિક્ષણ મળી રહે તેવા શુભ આશયથી જી.પી. સોશિયલ ટ્રસ્ટ સંચાલિત લર્નર્સ એકેડેમી ઇંગ્લિશ સ્કૂલ કાર્યરત છે. તુલસીદાસ કલવાણી અને માલા કલવાણી દ્વારા સ્થાપિત આ સંસ્થાની શરૂઆત માત્ર નર્સરીથી થઈ હતી, જે આજે પ્રગતિના સોપાન સર કરીને પ્લે-હાઉસથી ધોરણ ૧૨ સુધીના વર્ગો સફળતાપૂર્વક ચલાવી રહી છે. આ શાળાની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં પ્રવેશ સમયે કોઈપણ પ્રકારનું ડોનેશન લેવામાં આવતું નથી અને માત્ર નજીવી ફીમાં બાળકોને તમામ મૂળભૂત સુવિધાઓ સાથે શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત સરકારના નિયમો અનુસાર આર.ટી.ઈ. અંતર્ગત પણ પ્રવેશ પ્રક્રિયાનો લાભ અહીં ઉપલબ્ધ છે.શાળાના શૈક્ષણિક માળખાની વાત કરીએ તો અહીં ઉચ્ચ લાયકાત ધરાવતા અને તાલીમબદ્ધ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સ્નેહભાવ સાથે શિક્ષણ આપવામાં આવે છે. સંસ્થામાં ૯૦ ટકા મહિલા શિક્ષકો અને કર્મચારીઓ કાર્યરત છે, જે એક સુરક્ષિત અને પારિવારિક વાતાવરણ પૂરું પાડે છે. શાળાનું ભવન વિશાળ અને પ્રાકૃતિક છે, જેમાં સ્માર્ટ બોર્ડ ધરાવતા વર્ગખંડો, કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબોરેટરી, લાઈબ્રેરી, ઓડિયો-વિઝ્યુઅલ રૂમ અને રમતગમતના સાધનોથી સજ્જ સ્પોર્ટ્સ રૂમ જેવી આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. સમગ્ર પરિસર સી.સી.ટી.વી. કેમેરાથી સુરક્ષિત રાખવામાં આવ્યું છે.

શૈક્ષણિક પરિણામોમાં પણ શાળાએ હમેશા મેદાન માર્યું છે, જ્યાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ વિવિધ વિષયોમાં એ-૧ ગ્રેડ પ્રાપ્ત કરીને સંસ્થાનું નામ રોશન કર્યું છે. અભ્યાસની સાથે અહીં 'ભારત કો જાણો' જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, સંસ્કૃત પરીક્ષાઓ અને જીકેઆઈક્યુ ટેસ્ટ માટે પણ વિશેષ તૈયારી કરાવવામાં આવે છે. રમતગમત ક્ષેત્રે પણ શાળાના રમતવીરોએ એથલેટીક્સ, વોલીબોલ, ચેસ, અને કુસ્તી જેવી રમતોમાં તાલુકાથી લઈને રાજ્ય કક્ષા સુધી સિદ્ધિઓ હાંસલ કરી છે. કલા મહોત્સવ અને સંગીત ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓએ જિલ્લા અને રાજ્ય કક્ષાએ પ્રથમ તેમજ દ્વિતીય સ્થાન મેળવી પોતાની પ્રતિભા સાબિત કરી છે.વિદ્યાર્થીઓના માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે શાળામાં નિયમિત સંગીતમય પ્રાર્થના સભા, યોગ અને ધ્યાન ધરાવતા સત્રો યોજવામાં આવે છે. વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા અહીં કારકિર્દી માર્ગદર્શન અને સામાજિક સુરક્ષા અંગેના વ્યાખ્યાનો પણ આપવામાં આવે છે. હાલમાં ટ્રસ્ટીમંડળના સભ્યો કે.એલ. ભાવનાણી, તુલસીદાસ કલવાણી અને અન્ય મહાનુભાવોના માર્ગદર્શન હેઠળ આચાર્ય હિતેશ રામદાસાણી અને યેશા રામદાસાણી તેમજ નિષ્ઠાવાન શિક્ષકોની ટીમ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કાર્યરત છે. આ શાળાએ સમાજને કુશળ ડોક્ટરો, ઈજનેરો અને જવાબદાર નાગરિકો આપ્યા છે, જે સંસ્થાની ખરી સફળતા છે. વાલીઓ અને વિદ્યાર્થીઓ પણ શાળાના પ્રેરણાદાયી વાતાવરણ અને જીવનઘડતરની પ્રવૃત્તિઓથી સંતોષ અનુભવે છે.

ગાંધીધામની ડીએનવી ઈન્ટરનેશનલ એજ્યુકેશન એકેડમીમાં વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સ્થિત ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થા ડીએનવી ઈન્ટરનેશનલ એજ્યુકેશન એકેડમી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬ માટે વિવિધ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. એઆઈસીટીઈ દ્વારા માન્યતા પ્રાપ્ત આ સંસ્થામાં ખાસ કરીને બીબીએ અને બીસીએ તેમજ આ બંને વિષયોમાં ઓનર્સ ડિગ્રી માટેના એડમિશન ઓપન કરવામાં આવ્યા છે. અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ કેમ્પસમાં વિદ્યાર્થીઓને ૧૦ વર્ષથી વધુ અનુભવ ધરાવતા નિષ્ણાત શિક્ષકો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. સંસ્થા દ્વારા શૈક્ષણિક ગુણવત્તાની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સુસજ્જ ક્લાસરૂમ, વિશાળ લાઈબ્રેરી અને કેન્ટીન જેવી પાયાની સગવડો પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રમતગમત ક્ષેત્રે રુચિ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઈન્ડોર અને આઉટડોર રમતોની સુવિધા સાથેનું સ્પોર્ટ્સ એરેના પણ ઉપલબ્ધ છે. તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે એકેડમી દ્વારા સ્કોલરશિપ ની સુવિધા પણ આપવામાં આવી રહી છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓ વધુ માહિતી માટે સંસ્થાના સંપર્ક નંબર ૯૫૩૭૫ ૮૧૫૬૬ અથવા ૮૨૦૦૩ ૬૮૬૨૫ પર સંપર્ક કરી શકે છે અથવા સંસ્થાની વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.



આદિપુરમાં ગુણવત્તાસભર શિક્ષણનો પર્યાય એટલે ગુરુનાનકપબ્લિક સ્કૂલ

સંકુલની વિખ્યાત શાળાએ ૨૮ વર્ષની શૈક્ષણિક સફર સફળતાપૂર્વક પૂર્ણ કરી ૨૯મા વર્ષમાં કર્યો પ્રવેશ

ગાંધીધામ : સંકુલમાં આવેલી જાણીતી શિક્ષણ સંસ્થા ગુરુનાનક પબ્લિક સ્કૂલે ૨૮ વર્ષની શૈક્ષણિક સફર પૂર્ણ કરી ૨૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. શાળાના સંચાલન માટે ગુરુનાનક સિંઘ સભા ટ્રસ્ટ દ્વારા આર્થિક યોગદાન પૂરું પાડવામાં આવે છે. શાળાનો ઉદેશ છાત્રોના સર્વાંગી વિકાસ માટે શ્રેષ્ઠત્તમ શિક્ષણ આપવાની સાથે રમતગમત અને ખેલકૂદના ક્ષેત્રમાં પણ છાત્રોનો વિકાસ કરવાનો રહ્યો છે. શાળાના દરેક છાત્રને બિનસરકારી શાળાઓની સરખામણીએ તદ્દન નજીવી ફી સાથે શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં બાળકોને જ્ઞાન આપવા નિષ્ણાત અને અનુભવી શિક્ષકો સેવા આપી રહ્યા છે. સમાજના નબળા અને ગરીબ વર્ગના બાળકોના શિક્ષણ માટે પૈસાનો અભા બાધક ન બને તે માટે નાણાંકીય સહાય પણ આપવામાં આવે છે. દરેક જાતિ, ધર્મ અને સમાજના છાત્રોને શાળામાં પ્રવેશ આપવાની પરંપરા રહી છે.

આ શાળામાં નર્સરી, એલકેજી, યુકેજી, ધો.૧ થી ૧૦ અને ધો.૧૧ તથા ૧૨ (વાણિજ્ય પ્રવાહ - વિજ્ઞાન પ્રવાહ) અંગ્રેજી માધ્યમ અને છાત્રોને ગુણવત્તાસભર શિક્ષણ અપાઈ રહ્યું છે. આદિપુર ખાતે આવેલી ગુરુનાનક પબ્લિક સ્કૂલમાં આગામી શૈક્ષણિક વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે તેવું શાળા સંચાલકોની યાદીમાં જણાવાયું છે.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

“આધુનિક શિક્ષણ સાથે સંસ્કારનું સંકલન — DAV પબ્લિક સ્કૂલ, આદિપુર અને અંજાર”

ગાંધીધામ - કચ્છઉદય : DAV પબ્લિક સ્કૂલ, આદિપુર (સ્થાપના ૨૦૦૯) અને DAV પબ્લિક સ્કૂલ, અંજાર (સ્થાપના ૨૦૨૪) -આર્ય સમાજ ગાંધીધામ દ્વારા સંચાલિત આજે સમગ્ર કચ્છ વિસ્તારમાં ગુણવત્તાયુક્ત, મૂલ્યઆધારિત અને વિશ્વસનીય શિક્ષણ માટે મજબૂત ઓળખ બનાવી ચૂકી છે. આ શાળાઓમાં શિક્ષણને માત્ર અભ્યાસક્રમ પૂરતું ન રાખી, જીવન માટે જરૂરી સંસ્કાર અને મૂલ્યો સાથે જોડવામાં આવે છે. અહીં બાળકને માત્ર સારા ગુણ મેળવવા માટે નહીં, પરંતુ સારો માનવી બનવા માટે તૈયાર કરવામાં આવે છે. વિચારશક્તિ, નૈતિકતા, આત્મવિશ્વાસ અને સમાજ પ્રત્યેની જવાબદારી—આ તમામ ગુણો બાળકના વ્યક્તિત્વમાં વિકસે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે. શાળાનું વાતાવરણ સુરક્ષિત, શિસ્તબદ્ધ અને બાળકમૈત્રીપૂર્ણ હોવાથી વિદ્યાર્થીઓ આનંદપૂર્વક શીખે છે. DAV પબ્લિક સ્કૂલ, આદિપુર ઘણા વર્ષોથી શૈક્ષણિક ઉત્તમતા, સ્થિર પરિણામો અને અનુભવી શિક્ષકવર્ગ માટે જાણીતી છે. અહીં ભણતા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સમયપાલન, નેતૃત્વ અને નિર્ણયક્ષમતા જેવા ગુણો સહજ રીતે વિકસે છે. શાળાની મજબૂત શૈક્ષણિક પરંપરા અને નિયમિત માર્ગદર્શન વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અને સ્પર્ધાત્મક ક્ષેત્રો માટે તૈયાર કરે છે. બીજી તરફ, DAV પબ્લિક સ્કૂલ, અંજાર શહેરની પ્રથમ CBSE સંલગ્ન શાળા — ટૂંકા સમયમાં જ માતા-પિતાનો અતૂટ વિશ્વાસ મેળવી ચૂકી છે. આધુનિક સુવિધાઓ, ખુલ્લું શૈક્ષણિક વાતાવરણ અને નવીન શિક્ષણ પદ્ધતિઓને કારણે આ શાળા આંજાર અને આસપાસના વિસ્તારો માટે આશાનું કેન્દ્ર બની રહી છે. અહીં દરેક બાળકને સમાન તક અને પ્રોત્સાહન આપવામાં આવે છે, જેના કારણે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને પ્રગતિશીલ વિચારસરણી વિકસે છે. બન્ને શાળાઓની વિશેષ ઓળખ છે દરરોજ થતો હવન. આ આધ્યાત્મિક પરંપરા બાળકોમાં શાંતિ, એકાગ્રતા અને સકારાત્મક ઊર્જાનો સંચાર કરે છે. હવન દ્વારા ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને મૂલ્યો પ્રત્યે બાળકના મનમાં આદર અને ગૌરવની ભાવના વિકસે છે, જે તેના સમગ્ર જીવનમાં માર્ગદર્શક બની રહે છે. શાળાઓમાં સ્માર્ટ ક્લાસરૂમ, આધુનિક લેબોરેટરીઝ, પુસ્તકાલય, રમતગમતના મેદાનો, યોગ, સંગીત, નૃત્ય, કલા અને વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ દ્વારા બાળકની છુપાયેલી પ્રતિભા બહાર આવે છે અને તેનો સર્વાંગી વિકાસ થાય છે.શિક્ષકો દરેક બાળકને વ્યક્તિગત ધ્યાન આપે છે, તેની ક્ષમતાઓ અને રસને ઓળખી યોગ્ય માર્ગદર્શન આપે છે. અહીં શિક્ષક માત્ર પાઠ ભણાવનાર નથી, પરંતુ માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત તરીકે કાર્ય કરે છે. માતા-પિતા અને શાળા વચ્ચે સતત સંવાદ અને સહકાર પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. નિયમિત બેઠક, પ્રગતિ અહેવાલ અને ખુલ્લા સંવાદ દ્વારા બાળકના વિકાસ માટે સંયુક્ત પ્રયાસ કરવામાં આવે છે. આ વિશ્વાસ અને સહકારનું વાતાવરણ શાળાને એક પરિવાર જેવું બનાવે છે, જ્યાં દરેક બાળકને સમજ અને સમર્થન મળે છે. આ ઉપરાંત, બન્ને શાળાઓમાં શિસ્ત, સમયપાલન અને જવાબદારી પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, સામાજિક સંવેદનશીલતા અને સકારાત્મક વર્તન વિકસે તે માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રાર્થના સભાઓ, પ્રેરણાત્મક પ્રવચનો અને રોજિંદા શૈક્ષણિક જીવન દ્વારા બાળકોમાં સારા વિચારો અને સકારાત્મક દૃષ્ટિકોણ વિકસે છે. ટેક્નોલોજી આધારિત શિક્ષણ, રમતગમત, યોગ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને સર્વાંગી રીતે મજબૂત બનાવવામાં આવે છે. અહીં શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તક પૂરતું સીમિત નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ, ટીમ વર્ક, આત્મવિશ્વાસ અને સ્વાવલંબન જેવા ગુણો વિકસે તે માટે સતત માર્ગદર્શન આપવામાં આવે છે. શાળાનું વાતાવરણ પ્રેમાળ, પ્રેરણાદાયક અને વિકાસલક્ષી હોવાથી દરેક બાળક નિર્ભય રીતે આગળ વધી શકે છે. અહીં સંસ્કાર અને આધુનિકતાનો સુંદર સમન્વય જોવા મળે છે, જે વિદ્યાર્થીઓને ભવિષ્ય માટે સંપૂર્ણ રીતે તૈયાર કરે છે.

જો તમે તમારા બાળકને એવી શાળામાં દાખલ કરાવવા માંગતા હો જ્યાં શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત સાથે સંવેદનશીલતા, આધુનિકતા સાથે સંસ્કૃતિ અને સફળતા સાથે માનવતા વિકસે- તો DAV પબ્લિક સ્કૂલ, આદિપુર અને આંજાર તમારા બાળકના ભવિષ્ય માટે નિ:સંદેહ શ્રેષ્ઠ અને વિશ્વસનીય પસંદગી છે.

શિક્ષા હી જીવન હૈ : પ્રભાત પબ્લિક સ્કૂલનો સૂત્ર

આ શાળા બાળકોના સર્વાંગી વિકાસને અનુરૂપ થઈને શાળાઓમાં અનેક કાર્ય કરે છે શિક્ષણ સાથે સર્વાંગી વિકાસ થાય તે ધ્યાનમાં લઈને શાળા તે કાર્યરત છે બાળકો શિક્ષકો સાથે તન્મયતાથી વાતચીત કરી શકે છે ખુલ્લા મને નિખાલસતાથી પોતાના પ્રશ્નો ઉકેલી શકે છે આ રીતે આ વિદ્યાલય પ્રભાત પબ્લિક સ્કૂલ સેક્ટર સાત ગાંધીધામમાં કાર્ય કરે છે

ગાંધીધામ : પ્રભાત પબ્લિક સ્કૂલ અંગ્રેજી ઓર હિન્દી માધ્યમ જે શ્રી રામદેવ એજ્યુકેશન એન્ડ મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત છે સેક્ટર- ૭ ગાંધીધામમાં હાઈસ્કુલ ૨૦૦૬થી કાર્યરત છે ત્યાં નર્સરીથી લઈને દસમા ધોરણ સુધી શિક્ષા આપવામાં આવે છે મુખ્ય બાબત એ છે કે આ વિદ્યાલયમાં એફઆરસી લેટરના ફીશ અનુસાર ૩૦% ઓછી ફીસ લઈને બાળકોને ભણાવી તેમનું ભવિષ્ય બનાવે છે.

વિદ્યાલય પ્રાણ સીસીટીવીના નિરીક્ષણમાં છે પુસ્તકાલય આધુનિક કમ્પ્યુટર પ્રયોગશાળા વેનની આવાગમનની સુવિધાઓ આ શાળા વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમો યોજે છે તેથી બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાને લઈને રમતગમત કાર્ડ મેકિંગ રંગોલી કોમ્પિટિશન નિબંધ પ્રતિયોગિતા અલગ અલગ તહેવારોને ધ્યાને લઈ અલગ અલગ કાર્યક્રમો યોજે છે તેથી બાળકોમાં સર સંભાવના કેળવણી થાય અને અંધપુરા વસ્ત દરમિયાન બાળકોને વાર્ષિકોત્સોમાં પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રકારના પારિતોષિક આપી તેમને ઉત્સાહિત કરવામાં આવે છે.આ શાળાનું સૂચન છે કે શિક્ષા હી જીવન હૈ.

KEY FOR SUCCESS

PRABHAT PUBLIC SCHOOL

A Co-Education School of English and Hindi Medium

Managed By: Shri Ramdev Education & Medical Trust (Reg. No.: F-1357)

Plot No. 72-73-74, Sec-7, Gandhidham - Kutch

Mobile: 9427227164, 8200569710

Nursery, LKG, UKG, 1st to 10th

Admission OPEN 2026-27

Hurry

School Facilities

- Experienced and Trained Teachers
- Audio-Visual Learning
- Creative & Well-Structured Curriculum Plan
- Easy & Safe Transportation
- Value Based Educational Activities
- Extra Curricular Activities
- CCTV Surveillance with Security
- Advanced Library & Computer Labs
- Individual Attention for Special Needs Students

ગાંધીધામની કેમ્બ્રિજ ઇંગ્લિશ સ્કૂલ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ સાથે સંસ્કાર સિંચન પર ભાર મૂકતી સંસ્થા

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ સ્થિત કેમ્બ્રિજ ઇંગ્લિશ સ્કૂલ દ્વારા આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે નર્સરીથી ધોરણ ૯ અને ધોરણ ૧૧ સામાન્ય પ્રવાહમાં પ્રવેશ પ્રક્રિયા ખુલ્લી મૂકવામાં આવી છે. શાળા સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓને ઉજ્જ્વળ ભવિષ્યના નિર્માણ માટે યોગ્ય શૈક્ષણિક માર્ગ પસંદ કરવા આહવાન કરવામાં આવ્યું છે. આ સંસ્થા માત્ર શૈક્ષણિક ઉત્કૃષ્ટતા જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને નૈતિક મૂલ્યોના સંવર્ધન માટે પણ પ્રતિબદ્ધ છે, જેથી દરેક બાળક આત્મવિશ્વાસ અને સંપૂર્ણ ક્ષમતા સાથે આગળ વધી શકે. શાળામાં આધુનિક સુવિધાઓથી સજ્જ કમ્પ્યુટર લેબ, વિશાળ અને વ્યવસ્થિત પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં ટીમવર્ક અને આત્મવિશ્વાસના ગુણો વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પ્રિન્સિપાલ શ્રીમતી કવિતા અભિચંદાનીએ જણાવ્યું હતું કે શિક્ષણનો ખરો હેતુ માત્ર ગુણ મેળવવાનો નથી, પરંતુ વિદ્યાર્થીઓને એક આત્મવિશ્વાસી, જવાબદાર અને શ્રેષ્ઠ માનવી તરીકે તૈયાર કરવાનો છે. શાળામાં પ્રવેશ માટે બેઠકો મર્યાદિત હોવાથી વાલીઓને વહેલી તકે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે વાલીઓ શિવાજી પાર્ક સામે, પ્રથમ માળ, ગાંધીધામ ખાતે અથવા મોબાઈલ નંબર ૭૯૯૦૦ ૪૮૩૪૦ પર સંપર્ક કરી શકે છે.

Truth Ever Prevails

CAMBRIDGE ENGLISH SCHOOL

GANDHIDHAM (KACHCHH)

(Managed by SOCIAL SERVICE CIRCLE)

Affiliated to "GUJARAT STATE BOARD"

ANNOUNCES

ADMISSIONS OPEN

FOR THE ACADEMIC YEAR 2026-2027

From NURSERY TO Std IX & XI (General Stream)

SALIENT FEATURES

- Highly Qualified & Experienced Teachers
- Individual Attention to Every Student
- Limited Students per Class as per Government Norms
- Spacious & Well-ventilated Classrooms
- Well-equipped Computer Lab
- Excellent Academic Results

Address: 1st Floor, Opp. Shivaji Park, Gandhidham - 370201

Mobile: 89801 73777

કચ્છના શિક્ષણ જગતનું તેજસ્વી નક્ષત્ર : પ્રીતિ વિનોદ મુનશાણીની અવિરત શૈક્ષણિક સફર

શિક્ષિકાથી લઈને સેવી ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશનના સ્થાપક સુધીની પ્રેરણાદાયી સંઘર્ષગાથા

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છના શૈક્ષણિક પરિદ્રશ્યને નવી ઊંચાઈઓ પર લઈ જનાર શિક્ષણવિદ અને એજ્યુપ્રેન્યોર પ્રીતિ વિનોદ મુનશાણી આજે હજારો વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ બન્યા છે. વર્ષ ૧૯૯૨માં અમદાવાદની અમૃત જ્યોતિ પ્રાઇમરી સ્કૂલથી એક સામાન્ય શિક્ષિકા તરીકે કારકિર્દીની શરૂઆત કરનાર પ્રીતિબેને પોતાની નિષ્ઠા અને વિદ્યાર્થીલક્ષી અભિગમથી શિક્ષણ ક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરી છે. લગ્ન બાદ ગાંધીધામ સ્થાયી થયેલા પ્રીતિબેને મોર્ડન સ્કૂલ અને પી.એન. અમરસી હાઈસ્કૂલમાં અંગ્રેજી શિક્ષિકા તરીકે દીર્ઘ સમય સુધી સેવાઓ આપી હતી. તેમના જીવનમાં વર્ષ ૨૦૦૩માં બનેલી એક દુખદ ઘટનાએ તેમને શિક્ષણ પ્રત્યે એક નવો દૃષ્ટિકોણ આપ્યો. શાળામાં તેમના પુત્ર સાથે બનેલી ગંભીર અકસ્માતની ઘટનાએ તેમને એક એવી શૈક્ષણિક સંસ્થા સ્થાપવા માટે મજબૂર કર્યા જ્યાં બાળકો સંપૂર્ણ સુરક્ષિત રહી શકે અને વાલીઓ નિર્ભય બનીને પોતાના સંતાનોને અભ્યાસ માટે મોકલી શકે.આ સંકલ્પને સાકાર કરવા માટે તેમણે વર્ષ ૨૦૦૪માં ગાંધીધામ ખાતે કિડ્ઝી પ્રી-સ્કૂલ દ્વારા શિક્ષણમાં સાહસિક ડગ માંડ્યા હતા. મોન્ટેસરી પદ્ધતિમાં અતૂટ વિશ્વાસ ધરાવતા પ્રીતિબેને ત્યારબાદ ૨૦૦૯માં માઉન્ટ લિટેરા ઝી સ્કૂલની સ્થાપના કરી અને છેવટે વર્ષ ૨૦૧૪માં પોતાના ફ્લેગશિપ બ્રાન્ડ સેવી ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશનનો પાયો નાખ્યો. આજે વર્ષ ૨૦૨૬ સુધીમાં તેમના નેતૃત્વ હેઠળ ગાંધીધામ અને આદિપુર સહિત અંજાર, ભુજ, રાપર અને મોરબી જેવા વિસ્તારોમાં કુલ ૧૬થી વધુ શાખાઓ કાર્યરત છે, જ્યાં ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી રહ્યા છે. માત્ર શાળાકીય શિક્ષણ જ નહીં પરંતુ ઈન્ડિયન મોન્ટેસરી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ દ્વારા તેઓ ભાવિ શિક્ષકોને પણ તૈયાર કરી રહ્યા છે. આ સાથે જ વિદ્યાર્થીઓની ક્ષમતા ઓળખવા માટે તેમણે ડી.એમ.આઈ.ટી. જેવી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ શિક્ષણમાં વણ્યો છે.પ્રીતિ મુનશાણીની શૈક્ષણિક સેવાઓને બિરદાવતા તેમને બેસ્ટ એજ્યુપ્રેન્યોર એવોર્ડ, એકેડેમિક એક્સલન્સ એવોર્ડ અને બેસ્ટ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યુટ જેવા અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયા છે. વ્યાવસાયિક સફળતાની સાથે તેઓ સામાજિક ક્ષેત્રે પણ તેટલા જ સક્રિય છે. નિર્ભય ફાઉન્ડેશન સાથે જોડાઈને તેઓ પશુ લંગર સેવા દ્વારા દરરોજ ૨૦૦ જેટલા રખડતા શ્વાનોને ભોજન પૂરું પાડે છે. શિક્ષણ એ માત્ર વ્યવસાય નહીં પણ એક સાધના છે તેવું માનતા પ્રીતિબેનનું જીવન મંત્ર છે કે શિક્ષણ પદ્ધતિએ બાળકની જરૂરિયાત મુજબ અનુકૂલન સાધવું જોઈએ. કચ્છના આ શૈક્ષણિક લેજેન્ડ હજુ પણ અનેક નવા વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ વધારવા માટે કૃતનિશ્ચયી છે.

જી.એન.એસ.ઇ. સ્કૂલ — કચ્છનું અગ્રણી શિક્ષણ સંસ્થા

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ૧૧ અને ૧૨ ધોરણના શિક્ષણમાં અગ્રેસર સ્થાન ધરાવતી જી.એન. એસ.ઈ. સ્કૂલ છેલ્લા ૧૮ વર્ષથી વિજ્ઞાન અને કોમર્સ પ્રવાહમાં ઉત્તમ શિક્ષણ પ્રદાન કરી રહી છે. આ વિસ્તારની એવી એકમાત્ર સંસ્થા છે જ્યાં ધોરણ ૧૧ અને ૧૨ માટે સતત ગુણવત્તાસભર શિક્ષણ આપવામાં આવે છે.

સ્કૂલમાં NCERT અભ્યાસક્રમ સાથે સાથે JEE અને NEET જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિશેષ માર્ગદર્શન આપવામાં આવે છે, જેના પરિણામે સંસ્થાએ અનેક સફળતા કથાઓ રચી છે. વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૫થી વધુ વિદ્યાર્થીઓ ડોક્ટર બની ચૂક્યા છે, તેમજ વર્ષ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૪૦થી વધુ વિદ્યાર્થીઓએ JEE Mains સફળતાપૂર્વક પાસ કરી છે. જી.એન.એસ.ઈ. સ્કૂલ અનુભવી અને પ્રતિબદ્ધ શિક્ષકોની ટીમ સાથે વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર માર્ગદર્શન આપે છે. સંસ્થાના ડિરેક્ટર શ્રી કમલ કરમચંદાણી શિક્ષણક્ષેત્રના અગ્રણી વ્યક્તિત્વ છે, જેમણે છેલ્લા ૩૦ વર્ષથી વધુ સમયથી હજારો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી તેમના જીવનમાં સફળતા મેળવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

આ સંસ્થા માત્ર શિક્ષણ પૂરતું સીમિત નથી, પરંતુ આદિપુર, ગાંધીધામ અને અંજાર વિસ્તારમાં સમાજના વિકાસમાં પણ સક્રિય યોગદાન આપી રહી છે. સંસ્થાના સતત પરિણામો અને વિદ્યાર્થીઓની સિદ્ધિઓ તેના ગુણવત્તાસભર શિક્ષણનો સ્પષ્ટ પુરાવો આપે છે. આવતા શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. વિજ્ઞાન અને કોમર્સ પ્રવાહમાં ઉત્તમ માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે ઇચ્છુક વિદ્યાર્થીઓ અને વાલીઓએ સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે. જી.એન.એસ.ઈ. સ્કૂલ — વિશ્વાસ, ગુણવત્તા અને સફળતાનું પ્રતિક.

GNSE

SCHOOL FOR EXCELLENCE

Affiliated to Gujarat Board

A unique school only for 11 - 12 (Sci. & Comm.)

Day School with integrated Curriculum

State Board + JEE / NEET

8 students Qualifying JEE Mains as per Expected Qualifying PR* in JEE Mains 2026 - Session 1

Ishita Pavitra Khushi Om Parth Nabira Kirtan Kartikey

Bas Do Saal Ki Baat Hai, Future Yahin Se Saath Hai!

Ward 5-B, Near KDTTA, Adipur (Kachchh) - 370205

Mobile : 94260 79873 / 9601 53 73 93

શહેરની સફાઈ તો કેટલી થઈ ભગવાન જાણે..પરંતુ..,

ગાંધીધામ નગરપાલિકાની તિજોરી ભાજપના પૂર્વ કારોબારી ચેરમેન જેવા અમુક ભ્રષ્ટ લોકોએ કરી દીધી સાફસફાઈ : સમીપભાઈ જોષી

મતદારો વોર્ડ ન. ૮માં ઉભેલા ઉમેદવારે નગરપાલીકામાં ૨૦૦ કરોડની નલ સે જલ યોજનાને જલ સે ધન યોજના બનાવી ખુદના ગજવા જ ભર્યા છે, કમભાગ્ય છે કે ભાજપે ફરીથી આવા જ અમુક છાપેલા કાટલા જેવાઓને ટિકિટ આપી છે, આવા ચહેરાઓને ઓળખો, પ્રજા જાકારો આપી જ રહી છે, અન્ય વિસ્તારો પણ આવા ભ્રષ્ટ ઉમેદવારોને કારમી હાર આપી અને કોંગ્રેસના ઉમેદવારને વિજયી બનાવી અને વોર્ડ ૮ના વિસ્તારને વીકાસની દીશામાં આગળ લઈ જવા કરે વિચાર

વોર્ડ નં. ૮માં કોંગ્રેસ પક્ષના સર્વ સ્વીકાર્ય ચહેરારૂપ ઉમેદવાર સમીપભાઈ જોષીએ **સામેપક્ષે મેદાનમાં ઉતરેલા ભાજપના પૂર્વ ઉમેદવાર સહિતનાઓની સામે વરસાવ્યા આકરા ચાબખાં** : મતદારોને પણ જાગૃતી દાખવી યોગ્ય ઉમેદવારને મતદાન કરવા કરી હાલક

ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણી યોજાઈ રહી છે. મનપામાં ભાજપ-કોંગ્રેસ અને અમુક સ્થળોએ અન્ય પાર્ટીએ પણ ઉમેદવારો ઉતાર્યા છે. ભાજપે લગભગ નવા ચહેરાઓને ટિકિટ આપવાની વાત કરી અને છાપેલા કાંટલાઓને જ અમુક વિસ્તારોમાં ઉતારી દેતા હવે ભાજપને માટે આ વિસ્તારમાં આવા એકાદ ઉમેદવાર પડકારરૂપ સ્થિતીનું નિર્માણ કરી રહ્યા હોવાની નોબત ઉભી થઈ રહી છે. ગાંધીધામના પણ વોર્ડ ન. આઠમાં કોંગ્રેસમાંથી શિક્ષિત, સંગઠનના જાણકાર, વિવિધ હોદાઓ પર રહી અને લોકોના પ્રશ્નોને બુલંદ વાચા અપનાવનાર લોકપ્રિય ઉમેદવાર સમીપભાઈ જોષી જેવાઓને મેદાનમાં ઉતાર્યા છે. સમીપભાઈએ કચ્છઉદયની સાથે વાતચીત કરતા આ તબક્કે કહ્યુ હતુ કે, ગાંધીધામમાં ભાજપનું બુલડોઝર રાજ ચાલ્યુ છે, પ્રજાજનો ત્રાહીમામ થઈ ગયા છે, લોકો બેઘર બની જવા પામયા છે, દબાણો દુર કરવાના નામે વ્હલા-દવલા કરયા છે, પ્રજાએ બધુ જ જોયુ છે અને ત્રસ્ત થવા પામી ગઈ છે. વાત છે વોર્ડ ન. ૮ની તો કોંગ્રેસ દ્વારા સ્થાનિક, જાતી-જ્ઞાતીના સમીકરણોને ધ્યાને રાખી, લોકોની વચ્ચે રહેતા હોય તેવા જનસેવકોને જ મેદાનમાં ઉતાર્યા છે જયારે સામેપક્ષે ઉમેદવારોમાં કોઈ પેરાસુટ છે તો કોઈ હાર ખમી ચૂકેલા છે જયારે કોઈ વળી અગાઉ ભ્રષ્ટાચાર કરી અને નગરપાલીકાની તિજોરી સાફ કરી ચુકેલા છે. શ્રી જોષીએ આ તબક્કે સામેની પેનલના ઉમેદવાર પર રીતસરનો શાબ્દીક વાર કરતા કહ્યુ હતુ કે ગાંધીધામ નગરપાલિકામાં આવા તત્વોએ તો ભ્રષ્ટાચારના 'કીર્તીમાન' સર્જયા છે. શહેર નહીં, પણ પાલિકાની તિજોરી તેમના સમયમાં સાફ થઈ! વધુ ખુલ્લીને બોલતા તેઓએ કહ્યુ કે, શહેરમા લોકોને પીવાનુ પાણી આપવા માટેની ૨૦૦ કરોડની અંદાજીત નલ સે જલ યોજના લાગુ થઈ હતી પરંતુ આ ભ્રષ્ટાચારી શખ્સો તે વખતે કારોબારી ચેરમેન હતા અને તેમને સબંધિત એજન્સી સાથે સેટીંગ કરી અને ગેરરીતીઓ આચરી હતી. પ્રજાને પીવાના પાણી અને નલ સે જલ યોજનાના નામે ચેડા જ કરી દીધા હતા. નલ સે જલ યોજનાને આવા શખ્સોએ નળ સે છળ બનાવી દીધી છે. શાસક પક્ષ પર આકરા પ્રહારો કરતા જણાવવામાં આવ્યું છે કે, ગત ટર્મ દરમિયાન વિકાસના નામે માત્ર ભ્રષ્ટાચાર જ કરવામાં આવ્યો છે.અને તેનો આ એક મજબુત દાખલો કારોબારી ચેરમેન અને તેના દ્વારા આચરાયેલા કૌભાંડોની હારમાળાઓ કહી શકાય તેમ છે. શહેરની સફાઈ, ગટરની ગંદકી સહિતના? સફાઈના નામે કરોડોનો ધુમાડો કરવામાં આવ્યો હતો.

શહેરમાં સફાઈ અભિયાન પાછળ દર મહિને ૬૦ લાખથી વધુ અને ડ્રેનેજ સહિત કુલ ૧ કરોડથી વધુનો માસિક ખર્ચ કરવામાં આવતો હોવાનુ દેખાડાયુ છે. આટલો મોટો ખર્ચ કરવા છતાં શહેરની સફાઈની સ્થિતિ ઠેરની ઠેર છે. આક્ષેપ કરવામાં આવ્યો છે કે, શહેર સાફ કરવાને બદલે કારોબારી ચેરમેનપદ સમયે આવા સત્તાધીશોએ નગરપાલિકાની તિજોરી સાફ કરવામાં જ રસ દાખવ્યો છે. અને માત્ર પોતાના જ ગજવા ગરમ કરે રાખ્યા છે. કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી 'નલ સે જલ' યોજના ગાંધીધામમાં વિવાદના વમળમાં ફસાઈ છે. ૨૦૦ કરોડથી વધુના બજેટવાળી આ યોજનામાં એજન્સીઓ, કોન્ટ્રાક્ટરો અને સ્થાનિક સ્ટાફના મેળાપીપણાથી ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. લોકોના ઘરે પાણી પહોંચાડવાને બદલે નેતાઓએ પોતાના 'ઘર ભર્યા' હોવાના ગંભીર આક્ષેપો થયા છે.ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે પણ ભારતીય જનતા પાર્ટીએ ગત ટર્મના સભ્યોને ફરી ટિકિટ આપતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ઠેર-ઠેર ઉમેદવારોનો વિરોધ થઈ રહ્યો છે અને જનતા આ વખતે 'ડેમેજ કંટ્રોલ' ના પ્રયાસોને નકારીને પરિવર્તન લાવવા મક્કમ હોવાનું શ્રી સમીપભાઈ જોષીએ જણાવ્યુ હતુ. હવે ભાજપે આવા ભ્રષ્ટાચારીઓને ફરી ફરીને ટિકિટ આપી છે ત્યારે હવે તેમના પાપ-ભ્રષ્ટકર્મી પણ લોકોના મુખે બહાર આવી રહ્યા છે અને તેથી જ કરેલા કર્મોની સજા ચૂંટણી મતદાનમાં આવા તત્વોને ચોકકસથી હારનો કડવો સ્વાદ ખમીને સહન કરવાનો વારો અવશે, મતદારોએ આવા વિવાદીત ચહેરાઓને હરાવવાનુ મન બનાવી લીધુ હોવાનુ પણ શ્રી જોષીએ આ તબક્કે કહ્યુ હતુ.

સુડોકુ

			2		4			6
4					7	8	3	
	3							
		4	9				2	8
	1	6	7		2	9	4	
2	5				3	1		
							9	
	2	1	4					5
9			5		6			

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પોનિરાલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

6	7	2	4	5	3	8	9	1
4	1	5	8	7	9	3	6	2
8	9	3	2	6	1	5	4	7
7	6	4	3	1	5	9	2	8
1	3	9	7	2	8	4	5	6
5	2	8	6	9	4	7	1	3
2	4	7	5	8	6	1	3	9
9	5	6	1	3	7	2	8	4
3	8	1	9	4	2	6	7	5

કોંગ્રેસને ઝટકો: ગાંધીધામના વોર્ડ-૪માં ૧૫૦થી વધુ કોંગી આગેવાનો - કાર્યકરો ભાજપમાં જોડાયા

કોંગ્રેસમાંથી દસરથભાઈ જોશી અને પ્રેમજીભાઈ મચ્છોયાએ પોતાના આશરે ૧૫૦ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાઈ કેસરિયો ધારણ કર્યો

ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય ગરમાવો વધતો જઈ રહ્યો છે. શહેરના વિવિધ વોર્ડોમાં પક્ષો દ્વારા પ્રચાર-પ્રસાર અને સંગઠન મજબૂત કરવાની કામગીરી તેજ બની છે. એ જ કડીમાં વોર્ડ નં. ૪ માં ભાજપનું મધ્યસ્થ ચૂંટણી કાર્યાલય ભવ્ય રીતે શરૂ કરવામાં આવ્યું, જેને લઈને કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો.

વોર્ડ ૪ ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો પ્રદેશ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટના હસ્તે ખુલ્લો મુકાયો હતો. કાર્યક્રમમાં ગળપાદર, મીઠીરોહર અને પડાણા વિસ્તારના વિવિધ સમાજોના આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે રાજકીય સમીકરણોમાં મહત્વપૂર્ણ ફેરફાર જોવા મળ્યો હતો. કોંગ્રેસમાંથી દસરથભાઈ જોશી અને પ્રેમજીભાઈ મચ્છોયાએ પોતાના આશરે ૧૫૦ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાઈ કેસરિયો ધારણ કર્યો હતો. આ જોડાણને ભાજપ માટે વોર્ડ ૪ માં મોટી રાજકીય મજબૂતી તરીકે જોવામાં આવી રહ્યું છે.

આ સાથે કાસમ હુસેન વારા, રજાક સાલેમામદ સોઢા, રફીક અયુબભાઈ સોઢા, ભીમજી રામભાઈ રાઠોડ અને દિનેશ રવજીભાઈ સહિતના આગેવાનો પણ ભાજપમાં જોડાયા હતા.

કાર્યક્રમમાં કચ્છ જિલ્લા પ્રભારી ફલજીભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, હિતેષભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, ગાંધીધામ તાલુકા પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા વોર્ડ ૪ ના ઉમેદવાર ધનજીભાઈ હુંબલ, કેશવજી ભાઈ પરમાર, જયશ્રી બા જાડેજા અને રૂપલબેન મયાત્રા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમ દ્વારા ભાજપે વોર્ડ ૪ માં સંગઠનને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપ્યો હતો અને આવનારી ચૂંટણીમાં જીત માટે કાર્યકર્તાઓને સક્રિય થવા આહ્વાન કરવામાં આવ્યું હતું.

ચૂંટણીના પગલે રાપર, આડેસરમાં પોલીસે ૧૨૦ હથિયાર કબજે લીધા

ખાંડેક

સાડાઉ

મુન્દ્રામાં એએસપી દ્વારા પેટ્રોલિંગ કરાયું

આડેસર

ગાંધીધામ - કચ્છ ઉદય : હાલમાં ચૂંટણીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે પોલીસ દ્વારા પગલાં ભરવામાં આવ્યા છે. જેમાં રાપરમાં પોલીસ દ્વારા કુલ ૯૯ હથિયાર જમા લેવામાં આવ્યા છે, જ્યારે અલગ અલગ સ્થળોએ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન વાહનોમાંથી બ્લેક ફિલ્મ દૂર કરવામાં આવી છે. અત્યાર સુધી ૪૦૨ અટકાયતી પગલાં ભરવામાં આવ્યા છે. તેમજ આડેસરમાં પોલીસ દ્વારા ભીમાસર, સણવા, પલાંસવા, મોડા, મોમાયમોરા, હમીરપર સહિતના ગામોમાં પેટ્રોલિંગ કરાયું હતું. ૫૫૮ અટકાયતી પગલાં ભરવા સાથે ૨૧ હથિયારો જમા લેવાયા છે. ૭૦ વાહનોની બ્લેક ફિલ્મ દૂર કરવામાં આવી છે. દરમિયાન મુન્દ્રામાં એએસપી ગૌતમ વિવેકાનંદ દ્વારા શહેર અને સાડાઉ ગામમાં ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી.

અંજારમાં સોની વેપારીઓ સાથે છેતરપિંડી કરનાર બંગાળી કારીગરને એક વર્ષની કેદ અને ૧૦ લાખના દંડની સજા

અંજાર - કચ્છઉદય : શહેરમાં સોની વેપારીઓનું કરોડોનું ફૂલેકું ફેરવનાર બંગાળી કારીગર વિરુદ્ધ અદાલતે લાલ આંખ કરી છે. અંજારની અદાલતે ચેક રિટર્નના એક કેસમાં આરોપીને તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે, સાથે જ ફરિયાદ પક્ષને દસ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો મહત્વનો આદેશ કર્યો છે.આ કેસની વિગત મુજબ ફરિયાદી હિતેન્દ્રકુમાર પ્રાણલાલ સોની અને આરોપી તપન અમલ્લો સાહુ (રહે. અંજાર) એક જ વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી પરસ્પર પરિચિત હતા. આરોપીએ ધંધાકીય જરૂરિયાતનું બહાનું બતાવી ફરિયાદી પાસેથી દસ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા હતા. આ રકમના બદલામાં આરોપીએ ફરિયાદીને બે ચેક આપ્યા હતા, પરંતુ ખાતામાં અપૂરતું ફંડ હોવાના કારણે આ ચેક પરત ફર્યા હતા. જેના પગલે ફરિયાદી દ્વારા કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સમગ્ર કેસની સુનાવણી બાદ અંજાર-કચ્છના બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા આરોપી તપન સાહુને દોષિત જાહેર કરવામાં આવ્યો છે. અદાલતે તેને એક વર્ષની કેદની સજા ફટકારી છે અને હુકમની તારીખથી બે માસની અંદર ફરિયાદીને ચેકની રકમ મુજબ રૂપિયા દસ લાખ વળતર તરીકે ચૂકવી આપવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદીના એડવોકેટ તરીકે બિપીન એમ. સોની, દક્ષેશ એસ. સોની, હાર્દિક ત્રિવેદી તથા ક્રિષ્ના હરસોરા હાજર રહ્યા હતા.

પહેલા પાનાથી...

ઇરાન શાંતિવાતો

વાન્સની સાથે, ટ્રમ્પના રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર પણ ઈસ્લામાબાદ જાય તેવી શક્યતા છે. બંને દેશો વચ્ચે શાંતિ વાટાઘાટો બુધવારે થવાની અપેક્ષા છે.ન્યૂ યોર્ક ટાઈમ્સના અહેવાલ મુજબ ઈરાન અમેરિકા સાથે સંભવિત શાંતિ વાટાઘાટો માટે ઈસ્લામાબાદમાં એક પ્રતિનિધિમંડળ મોકલવાની તૈયારી કરી રહ્યું છે. જોકે, ઈરાને સ્પષ્ટતા કરી છે કે તેના સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘર ગાલિબાફ ફક્ત ત્યારે જ વાટાઘાટોમાં ભાગ લેશે જો યુએસ ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ પણ હાજર હોય.

ભારત ભૂલતુ નથી

સેનાએ ટ્વિટર દ્વારા એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. . ભારતીય સેનાએ જાહેર કર્યું કે જ્યારે માનવતાની સીમાઓ તોડવામાં આવે છે, ત્યારે પ્રતિક્રિયા નિર્ણાયક હોય છે. ભારત ભૂલતું નથી. ન્યાય મળ્યો છે.

ગુંદિયાળીમાં ગાય પર એસીડ જેવું પદાર્થ ફેંકાતા ગૌપ્રેમીઓ મદદે આવ્યા

ભુજ - કચ્છ ઉદય : માંડવી તાલુકાના ગુંદિયાળી ગામમાં ગૌવંશ પર કોઈ અજાણ્યા શખ્સ દ્વારા એસીડ અથવા ગરમ તેલ નાખવામાં આવતા તાત્કાલિક ગૌભક્ત મોટા ભાડિયાના રાણશીભાઈ ગઢવી, પુનશીભાઈ ગઢવી દ્વારા તુરંત ગૌરક્ષક સેવા ટ્રસ્ટ મુન્દ્રા સંચાલિત સુવિધા પશુરક્ષા કેન્દ્ર મુન્દ્રાને જાણ કરતા રતનભાઈ ગઢવી એમ્બ્યુલન્સ સાથે આવ્યા અને ગૌવંશને સારવાર માટે સુવિધા પશુરક્ષા કેન્દ્ર ખાતે લઈ ગયા હતા.

કચ્છ કચ્છનોંધ

કાવ્ય લેખન સ્પર્ધા

● કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થા દ્વારા કાવ્ય લેખન સ્પર્ધા યોજવામાં આવશે, જેમાં ભાગ લેવા ૧૪ વરસ સુધી ઉમરના બાળકોએ તા.૩૦-૪ સુધી માં સંસ્કૃત પાઠશાળા (છઠી બારી) ખાતે આશાબેન પાસે નામ નોંધાવવા સંપર્ક કરવો.વધુ માટે દિલીપ આચાર્યનો સંપર્ક કરવો.

શ્રધ્ધા સ્કૂલ માધાપર

● શ્રધ્ધા સ્કૂલ એન્ડ કોલેજ - માધાપર ભુજ દ્વારા તા. ૩ થી ૧૨ વર્ષના તમામ બાળકો માટે સમર કેમ્પનું આયોજન તા. ૨૩-૪ થી ૨૯-૪ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી. શ્રધ્ધા સ્કુલ બાપાદયાળુનગર, જૂનાવાસ માધાપર ખાતે નામ નોંધાવવા અને વધુ માહીતી માટે ૮૨૯૧૧ ૭૧૩૮૯ પર સંપર્ક કરવો. નામ નોંધાવવા ફરજીયાત છે.

ભુજ વડનગરા નાગર જ્ઞાતિ

● હાટકેશ્વર મંદિર પરિસરમાં આવેલા કુળદેવી મા અંબિકા મંદિરનો પાટોત્સવ ઉજવણી મંદિરના પટાંગણમાં તા.૨૨-૪-૨૦૨૬ (વૈશાખ સુદ ૬)ના સાંજે ૪ થી ૬-૩૦ સુધી હવન તથા ૭ થી ૭-૪૫ મહાઆરતી, અખિલ ભારતીય નાગર પરિષદ દ્વારા યોજાનાર રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ભાગ લેનાર કલાકારોની કૃતિઓની રજુઆત તથા અલ્પાહાર. સમસ્ત નાગર તથા નાગર બ્રાહ્મણ જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં આયોજન કરાયું છે તેવું યાદીમાં જણાવ્યું છે.

રત્નકણિકા

ત્યાગથી સાચી શાંતિ મળે છે.- પ.પૂ. શ્રી રામચંદ્ર ડોંગરેજી મહારાજ

પંચાગ

કનકચંદ્ર સી. વ્યાસ

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫,મુ.જિલ્કાદ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૫ શ્રી શંકરાચાર્યજી જયંતિ, પા. આદરનું પર્વ તા.૨૧ એપ્રિલ ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૧૦, મુસ્લિમ તા.૩, મૃગશીર્ષ નક્ષત્ર, શોભન યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૭, સૂ.અ.૭:૧૩ આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), બપોરે ૧:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

આપની આવતી કાલ કેવી જશે...?

કનકચંદ્ર સી. વ્યાસ

મેષ નવિન આયોજન માટે વિશેષ મહેનત જરૂરી બને. ગુમ ચિંતા સતાવે.

વૃષભ વાણી સંયમ જાળવવો હિતાવહ. અટકેલા કાર્યમાં પ્રગતિ થાય.

મિથુન સફળતા માટે વધુ પરિશ્રમ જરૂરી બને. આર્થિક સમસ્યા રહે.

કર્ક પારિવારીક જીવનમાં આનંદ રહે. નવિન કાર્યમાં સફળતા મળે.

સિંહ લોટરી, શેર-સટ્ટામાં સાવધાની રાખવી. આકસ્મીક પ્રવાસના યોગ બને.

કન્યા સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં લાભ.

તુલા મિત્રો સાથે મતભેદ થાય. વાણી સંયમ જાળવવો હિતાવહ.

વૃશ્ચિક વેપાર-વાણિજ્યને લગતા કાર્યમાં સફળતા મળે. મહેનતનું શુભ ફળ મળે.

ધન વડીલ, મિત્રો, સ્વજનોથી લાભ થાય. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.

મકર મનમાં ચંચળતા રહે. કાર્યબોજમાં વધારો થાય.

કુંભ વ્યર્થ ભાગ-દોડના ભોગ બનવું પડે. ખર્ચનો પ્રસંગ બને.

મીન શારીરિક અસ્વસ્થતા અનુભવાય. નવિન ખરીદી થાય.

અવસાન નોંધ

આદિપુર : મૂળ કુંદરોડીના ગં.સ્વ. અરૂણાબેન વેદાંત (ઉ.વ. ૭૮) તે સ્વ. કાંતિલાલ (શંભુભાઈ) કેશવજી વેદાંતના પત્ની, સ્વ. દેવકાબેન હરિલાલ ભાણજીના પુત્રી, સ્વ. વીરબાઈ કેશવજી વેદાંતના પુત્રવધૂ, અલ્પાબેન, સીમાબેન, શિલ્પાબેન, ભરતભાઈના માતા, નીલેશભાઈ, સંજયભાઈ, નયનભાઈ, ફાલ્ગુનીબેનના સાસુ, મંથન, શ્રુતિના દાદી, કાજલ અને રાજનના દાદીસાસુ, સ્વ. ઝવેરીભાઈ, સ્વ. મૂળજીભાઈ, મનહરભાઈ, હિંમતભાઈ, સ્વ. ચંચલબેન અંબાલાલ, સ્વ. ઉમરબેન લક્ષ્મીશંકરના ભાભી, સ્વ. બાલાબેન, મંજુલાબેન, પ્રમિલાબેનના જેઠાણી, નિશાંત, આદિત્ય, અવની, દેવાંશીના નાની, હરશિવના પરનાની તા. ૧૯-૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૧-૪ના મંગળવારે સાંજે ૪થી ૫.૩૦ ખારવા સમાજવાડી, કપિલમુનિ આશ્રમની પાસે, એસટી બસ સ્ટેન્ડની સામે, આદિપુર ખાતે.

ભુજ : શેખ રૂકશાનાબેન (ઉ.વ. ૫૧) તે શેખ અકબર (વીડિયો શૂટિંગવાળા)ના પત્ની, રોશનબાનુ, સમાબાનુ, સાજીદાબાનુ, સેઝાન, મુસ્કાનબાનુના માતા, નાસીરખાન (મહેતા - સીટી)ના પુત્રી, ઇકબાલના બહેન તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૨-૪ના બુધવારે સવારે ૧૦થી ૧૧ નિવાસસ્થાન આત્મારામ સર્કલ, ગીતા માર્કેટ, ભુજ ખાતે.

નખત્રાણા : કુંભાર બાંધાબાઈ (ઉ.વ. ૮૦) તે મ. જુમ્માના પત્ની, નૂરમોહમદ, મીઠુ, મ. ઉસ્માનના માતા, હાજી રમજાન, હાજી કાસમ, હાજી મુસાના કાકી, કુંભાર જુસબ આમદ (મોટી ખોંભડી)ના બહેન તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૨૨-૪ના બુધવારે સવારે ૧૦થી ૧૧ મુસ્લિમ જમાતખાના, નવાનગર, નખત્રાણા ખાતે.

નિરોણા (તા. નખત્રાણા) : સમેજા મરિયમબાઈ કાસમ (ઉ.વ. ૯૦) તે સિધીક, મુસા, અયુબના માતા, હસન, આધમના દાદી તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. તાજિયત તા. ૨૧, ૨૨, ૨૩-૪ મંગળવારથી ગુરુવાર સુધી નિવાસસ્થાન નિરોણા ખાતે.

મંજલ નવી (તા. નખત્રાણા) : ઝવેરબેન હળપાણી (ઉ.વ. ૮૯) તે સ્વ. કાનજીભાઈના પત્ની, તારાબેન (આણંદપર), હીરાબેન (દેવપર), ખેતાભાઈ, કસ્તૂરબેન (આનંદસર), અમૃતભાઈના માતા, અનસૂયાબેન (નારાણપર), નયનાબેન (ગઢશીશા), સંજય, મનોજ, યોગિતા (વિથોણ), સંગીતા (જિયાપર), કવિતા, વિવેક, પૂર્વીના દાદી, આરાધ્યા, ક્રિશિવના પડદાદી તા. ૨૦-૪ના અવસાન પામ્યા છે. સાદડી તા. ૨૧ અને ૨૨-૪ મંગળવાર અને બુધવાર (બે દિવસ) સવારે ૮:૩૦થી ૧૧:૩૦ અને બપોરે ૩:૩૦થી ૫:૩૦ લક્ષ્મીનારાયણ સમાજવાડી, નવી મંજલ ખાતે.

મુંબઈની અવસાન નોંધ

શેરડીના લક્ષ્મીચંદ મુરજી પાસડ (ઉ. વ. ૮૫) તા.૧૬-૪ના ગુરૂવારના અવસાન પામ્યા છે. હાંસબાઈ મુરજી લાલજીના પુત્ર. ઝવેરબેનના પતિ. જુકેશ, જતીનના પિતા. સ્વ. જેઠુભાઈ, સ્વ. રામજીભાઈ, જીતેન્દ્ર, કિરીટ, શાંતા ખેરાજ, ચંદ્રપ્રભા વલ્લભજી, રમીલા નાનજી, મંજુલા ગોવિંદજી, નિર્મળા મણીલાલના ભાઈ. કોટડી મ.ના જેતબાઈ આશુભાઈ ભીમશી છેડાના જમાઈ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં. કરસન લધુ નિસર હોલ દાદર (વેસ્ટ) ૪થી ૫:૩૦.

સાડાઉના જયંતિલાલ લાલજી ગાલા (ઉ. વ ૭૬) તા. ૧૭-૪ના અવસાન પામેલ છે. પુરબાઈ લાલજીના પુત્ર. સ્વ. નિર્મળાબેનના પતિ. જતિન, દીપા, બિનીતાના પિતા. જાદવજી, સુરેશ, નિર્મળા, મુકેશ, રાજેશના ભાઈ. મણીબેન શામજી મુરજી સાવલાના જમાઈ. પ્રા. શ્રી સુમતિનાથ જિનાલય (પાંચમે માળે), ગુજરાત કલબની બાજુમાં, નાથાલાલ પારેખ માર્ગ, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯. ટા. ૩:૩૦થી ૫. ડેપાના ભાવના ધીરજ (એકલવીર) છેડા (ઉ. વ. ૬૧) તા.૧૯-૪ના અવસાન પામેલ છે. ભાણબાઈ હંસરાજ (કાકુબાપા), મકાંબાઈ મુરજી (ગુલુબાપા) દેવજીના પોત્રવધૂ. નિર્મળાબેન માવજીના પુત્રવધૂ. ધીરજના જીવનસંગીની. પંકીત, શ્રેણીના માતા. ધનબાઈ વિશનજીના પુત્રી. પરેશ, જેવંતી, સરોજ (સરલા), કિરણ, હર્ષા, વનિતા, ગીતાના બેન. પ્રા. યોગી સભાગૃહ, પહેલે માળે, સ્વામીનારાયણ મંદિરની પાસે, દાદર (સે.રે.). ટા. ૩થી ૪:૩૦.

કોટડી મહાદેવપુરીના દિનેશ કોરશી દેઢિયા (ઉ. વ. ૭૩) તા. ૧૯-૪ના અવસાન પામેલ છે. માલબાઈ કોરશીના પુત્ર. સ્વ. રસીલાના પતિ. કૌશલ, દિશાના પિતા. દેવજી, મોનજી, પ્રવિણ, જયંતિલાલ, કસ્તુરબેન જયંતીલાલ, હેમાબેન હરીશના ભાઈ. લક્ષ્મીબેન ભાણજીના જમાઈ. પ્રાર્થના શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સંઘ કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. : ૪થી ૫:૩૦.

કચ્છ, કચ્છીયત અને કચ્છીભાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ મિત્ર
તંત્રી સ્થાનેથી....
વૈશાખ સુદ-૦૫, તા.૨૧ એપ્રિલ, મંગળવાર

ભાજપની 'બિનહરીફ' રણનીતિના ચાર મજબૂત સ્તંભ



ગુજરાતના રાજકારણમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પડઘમ વાગતાની સાથે જ સત્તાધારી પક્ષ ભાજપે જે રીતે પરિણામોની દિશા નક્કી કરી દીધી છે, તે અભૂતપૂર્વ છે. મતદાન પહેલા જ સેંકડો બેઠકો પર વિજયધ્વજ લહેરાવીને ભાજપે સાબિત કર્યું છે કે ચૂંટણી માત્ર મેદાનમાં નહીં, પણ ટેબલ પર થતી સચોટ વ્યૂહરચના દ્વારા પણ જીતી શકાય છે. આ જીતના પાયામાં ચાર મહારથીઓની જુગલબંદી અને સંગઠનનું અદભૂત 'ટીમ વર્ક' કામ કરી રહ્યું છે.ભાજપની આ વિજયકૂચમાં કોઈ એક વ્યકિત નહીં, પરંતુ એક સંગઠિત વિચારધારા અને તેનું પાલન કરનારા ચાર મુખ્ય ચહેરાઓ રણનીતિના અસલી શિલ્પકાર સાબિત થયા છે:જગદીશ વિશ્વકર્મા પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ તેમણે સંગઠનને જે રીતે એકસૂત્રે બાંધ્યું છે, તેના ફળ આજે બિનહરીફ બેઠકોના આંકડામાં દેખાઈ રહ્યા છે. કાર્યકરોમાં નવો ઉત્સાહ અને શિસ્ત લાવવામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે.હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી તરીકે હર્ષ સંઘવીની શૈલી આક્રમક રહી છે. ઝંઝાવાતી પ્રચાર અને જનસભાઓ ગજવીને તેમણે જે વાતાવરણ ઉભું કર્યું છે, તેણે વિપક્ષોના મનોબળ પર પ્રહાર કર્યો છે. યુવા નેતૃત્વ તરીકે કેડરને ઉત્સાહિત રાખવામાં તેઓ સફળ રહ્યા છે.ભૂપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી તરીકે ભૂપેન્દ્ર પટેલે હંમેશાની જેમ 'મૃદુ અને મક્કમ' છબી સાથે એક સ્થિર નેતૃત્વ પૂરું પાડ્યું છે. સરકાર અને સંગઠન વચ્ચે કડી બનીને તેમણે રણનીતિના અમલીકરણમાં પૂરતો સહયોગ આપ્યો છે.?રત્નાકર: સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરજી આ રણનીતિના સાચા 'માસ્ટરમાઈન્ડ' માનવામાં આવે છે. દિલ્હી હાઈકમાન્ડની સૂચનાઓને પાયાના સ્તર સુધી લઈ જવી અને દરેક બેઠકનું ઝીણવટભર્યું આયોજન કરવું એ તેમની કાર્યશૈલીની વિશેષતા છે.ભાજપની સફળતાનું રહસ્ય તેની શિસ્તબદ્ધ કાર્યપ દ્ધતિમાં છુપાયેલું છે. જ્યારે અન્ય પક્ષો હજુ ઉમેદવારોની પ સંદગી કે આંતરિક જૂથવાદમાં ગૂંચવાયેલા હોય છે, ત્યારે ભાજપ ની કોર ટીમ દિવસમાં બે વાર રણનીતિની સમીક્ષા કરે છે. દરેક નાનામાં નાની ઘટના પર નજર રાખવી અને કેન્દ્રીય નેતૃત્વ દ્વારા સોંપાયેલી જવાબદારીઓને અંતિમ વ્યક્તિ સુધી પહોંચાડવી એ જ ભાજપની 'સિકંદર' બનવાની ચાવી છે.

?લોકશાહીમાં ચૂંટણી એ જનતાનો મિજાજ પારખવાની કસોટી છે, પરંતુ ભાજપે મતદાન પહેલા જ બહુમતી મેળવીને મનોવૈજ્ઞાનિક રીતે આ જંગ જીતી લીધો છે. આ પ્રકારની મોટી સફળતા એ સાબિત કરે છે કે જો તમારી પાસે સચોટ રણનીતિ અને તેને અમલમાં મૂકનાર મજબૂત નેતૃત્વ હોય, તો વિજય નિશ્ચિત છે. વિપક્ષો માટે આ સ્થિતિ એક ચેતવણી સમાન છે કે માત્ર મેદાનમાં ઉતરવાથી કામ નહીં ચાલે, સંગઠનની તાકાત જ જીતનો અસલી માર્ગ પ્રશસ્ત કરે છે.

સાંસદ વિનોદ ચાવડાએ અબડાસાની મુલાકાત લઈ 3 જિ.પં.- ૧૮ તા.પં.બેઠકોની કરી સમીક્ષા

જિલ્લા ભાજપ મહામંત્રી હિતેશ ખંડોર, તાલુકા ભાજપ પ્રમુખ જયદિપસિંહ જાડેજા, નલીયાના ઉમેદવાર મહાવીરસિંહ જાડેજા સહિતના રહ્યા ઉપસ્થિત



નલિયા : કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ ગઈકાલે અબડાસાની રૂબરૂ મુલાકાત લઈ ભાજપના તાલુકાના અગ્રણીઓ સાથે બેઠક કરી તાલુકામાં ૩ જીલ્લા પંચાયત અને ૧૮ તાલુકા પંચાયત બેઠકોની સમીક્ષા કરી હતી તેમની સાથે જીલ્લા ભાજપ મહામંત્રી હિતેશ ખંડોર રહ્યા હતા. ગઈકાલે બપોરે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ અબડાસાની મુલાકાત લીધી હતી.તેમની સાથે જીલ્લા ભાજપના મહામંત્રી હિતેશ ખંડોર ઉપસ્થિત રહ્યા હતા.સાંસદ અને મહામંત્રી દ્વારા તાલુકાની ૩ જીલ્લા પંચાયત અને ૧૮ તાલુકા પંચાયત બેઠકોની ભાજપની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.સંગઠનમાં માહિર અને પ્રદેશ ભાજપના મહામંત્રી રહી ચુકેલા સાંસદશ્રી ચાવડા દ્વારા વિવિધ પાસાઓની જીણવટભરી માહીતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. સાથે રહેલા જીલ્લા ભાજપના મહામંત્રી હિતેશભાઈ ખંડોરે સંગઠનાત્મક માહીતી મેળવી વિવિધ સુચનો કર્યા હતા.તાલુકા ભાજપના પ્રમુખ જયદિપસિંહ જાડેજા, જી.પં.ઉમેદવાર નલીયા મહાવીરસિંહ જાડેજા, મોથાળા બેઠકના ઈન્ચાર્જ નરેન્દ્રસિંહ જાડેજા, છત્રસિંહ જાડેજા, તાલુકા ભાજપ મહામંત્રીઓ ગોપાલભાઈ ગઢવી, વિનયભાઈ રાવલ સહિતનાઓ ઉપસ્થિત રહી હાલની પરિસ્થિતિથી સાંસદ અને મહામંત્રીને વાકેફ કર્યા હતા.

તેરા તાલુકા પંચાયત બેઠક પર ભાજપે સેવાભાવી દાતાને ટીકીટ આપતા ભાજપની સ્થિતિ મજબુત બની

નલિયા : તેરા તાલુકા પંચાયત બેઠક પર ભાજપે સેવાભાવી યુવા દાતા પ્રવિણભાઈ માધવજીભાઈ ભાનુશાલીને ટીકીટ આપતા વિવિધ સમાજોએ તેમને આવકારી વિજયનો વિશ્વાસ અપાવ્યો હતો.

તેરા ગામના યુવા અને સેવાભાવી દાતા પ્રવિણભાઈ માધવજીભાઈ ભાનુશાલીને આ વખતે ભાજપ દ્વારા તેમની સેવા પ્રવૃત્તિઓને નિહાળી તેરા તાલુકા પંચાયત સીટ પર ટીકીટ આપી છે.તેરામાં કોઈ પણ સમાજના કામ હોય કે કાર્યક્રમો પ્રવિણભાઈ દ્વારા સતત યોગદાન આપવામાં આવે છે.સંતવાણી જેવા ધાર્મીક કાર્યક્રમો, ગામના વિકાસ કામો તથા ક્રિકેટ ટુર્નામેન્ટ વગેરેમાં સતત તેઓ યોગદાન આપતા રહે છે.તેમની ટીકીટના ગામના અને આજુબાજુના ગામના લોકોએ વધાવી તેમને વિજયનો વિશ્વાસ અપાવ્યો હતો.તેમણે તેરા, બારા, સુખપર, મુડીયાર, ગુડથર, મતિયાદેવ સહિતના વિસ્તારોની જી.પં.ઉમેદવાર સુરજબા દેવુભા સોઢા સાથે મુલાકાત કરી હતી.વિવીધ ગામના લોકોએ તેમને મળી અભીનંદન આપવા સાથે તેમની જીતનો વિશ્વાસ અપાવ્યો હતો. માજી તા.પં.પ્રમુખ ઉમરશીભાઈ ભાનુશાલી, શંકરલાલ ભાનુશાલી, ચંદ્રકાંતભાઈ ગોર, જુવાનસિંહ ચનુભા, એડવોકેટ અબ્દુલ મજીદ લોધરા સહિતના અગ્રણીઓ તેમના પ્રચારમાં સાથે રહ્યા હતા.

ભુજમાં નરનારાયણ નગર પાસે કાર અને ઝાડી ઝાંખરામાં લાગી આગ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના નરનારાયણ નગર વિસ્તારમાં સોમવારે બપોરે આગની એક દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર નરનારાયણ નગરની શેરી નંબર ૧૧માં આવેલા એક ખુલ્લા પ્લોટમાં ઉગેલા ઝાડી-ઝાંખરા અને બાવળોમાં અચાનક આગ ફાટી નીકળી હતી, જેની લપેટમાં ત્યાં રહેલી એક કાર પણ આવી ગઈ હતી. આ ઘટનાની જાણ થતા ફાયર સ્ટેશન ઓફિસર સચિન બી. પરમારના માર્ગદર્શન હેઠળ ભુજ ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ડી.સી.ઓ. મહમદભાઈ જત, કરણ જોશી, વિશાલ ગોર અને તાલીમાર્થી સ્ટાફ દ્વારા ભારે જહેમત ઉઠાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો, જેના પરિણામે મોટી હોનારત ટળી હતી.

લોરિયાના બસ સ્ટેશન પાસે કોલસા ભરેલી ટ્રકમાં આગ લાગતા દોડધામ

ભુજ - કચ્છઉદય : તાલુકાના લોરિયા ગામે કોલસા ભરેલી ટ્રકમાં આગ લાગતા દોડધામ મચી હતી.

આ અંગે મળતી વિગતો મુજબ ૨૦-૪ના ગત રાત્રીના ૧૨:૫૫ કલાકે ટ્રકમાં આગ લાગી હતી. કોલસા ભરેલી ટ્રકમાં આગ લાગી હોવાની જાણ ભુજ ફાયર સ્ટેશનને કરવામાં આવી હતી. જે ઘટનાની જાણ થતાં જ ભુજ ફાયરની ટીમ લોરિયા ગામે પહોંચી હતી. અને બસ સ્ટેશન પાસે કોલસા ભરેલી આગ પર પાણી મારો ચલાવીને આગ બૂઝાવી હતી. આ કામગીરીમાં ફાયરની ટીમના ભગતસિંહ જાડેજા, પ્રતિક મકવાણા, જય ઠક્કર, દક્ષ ભટ્ટ સહિતના જોડાયા હતા.

માનકુવા હત્યા કેસમાં આરોપીને આજીવન કેદ અને ૫૦ હજારનો દંડ

જૂની અદાવત અને શંકાના આધારે દલિત યુવકની કરપીણ હત્યા કરનાર શખ્સને સ્પેશિયલ એટ્રોસિટી કોર્ટે આપી સખત સજા

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના માનકુવા ગામે વર્ષ ૨૦૨૧માં સર્જાયેલા ચકચારી હત્યા કેસમાં કચ્છ-ભુજના આઠમાં અધિક સેશન્સ જજ અને સ્પેશિયલ જજ ટી.એન. ખંધડીયાની અદાલતે મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે માનકુવાના આરોપી હાજીખાન ઓસમાણખાન બ્લોચને વિનોદભાઈ નામના યુવકની હત્યા કરવા બદલ તકસીરવાન ઠરાવી આજીવન સખત કેદની સજા અને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો તેને વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવી પડશે તેવો હુકમ પણ કોર્ટ દ્વારા કરવામાં આવ્યો છે. વધુમાં, માનવતાવાદી અભિગમ દાખવીને અદાલતે દંડની આ રકમ મૃતક વિનોદભાઈના વારસદારોને વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, ગત તારીખ ૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ માનકુવા જૂનાવાસમાં હકીમભાઈની ચાની હોટલ સામે હત્યાનો આ બનાવ બન્યો હતો. આરોપી હાજીખાન બ્લોચને એવી શંકા હતી કે તેની બહેન અગાઉ ભાગી ગઈ હતી તેમાં મૃતક વિનોદભાઈનો હાથ હતો. આ શંકા અને વેરના મનદુઃખમાં આરોપીએ મૃતક અનુસૂચિત જાતિના હોવાનું જાણવા છતાં લાકડાના ચોરસ ધોકા વડે માથાના ભાગે જીવલેણ હુમલો કરી તેમની હત્યા નિપજાવી હતી. આ ઘટના અંગે માનકુવા પોલીસ સ્ટેશનમાં આઈ. પી.સી. કલમ ૩૦૨, જી.પી. એક્ટ અને એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

કેસની ગંભીરતાને ધ્યાને લઈ નાયબ પોલીસ અધિક્ષક દ્વારા તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. આ કેસમાં સરકારી પક્ષ દ્વારા કુલ ૧૯ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને ૩૯ જેટલા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. અદાલતે આ પુરાવાઓ અને ૧૧૩ પાનાના વિસ્તૃત જજમેન્ટને આધારે આરોપીને હત્યાના ગુનામાં કસૂરવાર ઠરાવી આકરી સજાનો આદેશ કર્યો છે. અદાલતી કાર્યવાહી દરમિયાન પ્રોસીક્યુશન પક્ષે અધિક જિલ્લા સરકારી વકીલ પ્રવિણચંદ્ર વાણીયાએ ધારદાર દલીલો રજૂ કરી હતી.

ધ્રબમાં ભંગારના વાડામાંથી ૧૨.૬૧ લાખનો રાયડો કબજે કરાયો

મુન્દ્રા - કચ્છ ઉદય : તાલુકાના પ્રબ ગામે રોડની જમણી બાજુએ આવેલ નદીના પટની બાજુમાં ભંગારના વાડામાં ટ્રકમાં શંકાસ્પદ રાયડાનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. ભંગારના વાડામાં રાખવામાં આવેલી બંધ બોડીની ટ્રક નં.જીજે૧૨ - એઝેડ - ૮૩૯૨ મા રાયડો રાખેલો હતો. પોલીસે ૨૧૦૩૦ કિલો રાયડો કિંમત રૂા.૧૨,૬૧,૮૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. સ્થળ પરથી પ્રબના કમંઢપુર વાડી વિસ્તારના અસ્લમ જમાલ તુર્કની અટક કરવામાં આવી હતી. રાયડાના આધાર - પુરાવા ન મળી આવતા મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભુજનો વિસ્તાર વધ્યો, પણ સુવિધાઓ અપૂરતી : શંકરભાઈ સચદે



ભુજના પૂર્વ નગરપતિએ ગટર, રોડ – રસ્તા અને પાણી જેવી માળખાકીય સુવિધાઓની કચાશ અંગે વ્યક્ત કર્યો કચવાટ

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. તમામ રાજકીય પક્ષો જિલ્લાના પાટનગરમાં સત્તાના સૂત્રો હસ્તગત કરવા જોરશોરથી પ્રચાર કાર્યમાં જોતરાયા છે ત્યારે ભુજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ શંકરભાઈ સચદેએ વર્ષ ૧૯૭૭-૭૮ દરમ્યાનના પોતાના કાર્યકાળની વાત કરતા જણાવ્યું હતું કે, જે-તે સમયે ભુજની પાણી વિતરણ વ્યવસ્થા પાંચ જેટલા ટ્યુબવેલ આધારીત હતી, પરંતુ નગરજનોને દિવસમાં બે વખત નિયમિત શુદ્ધ પીવાલાયક અને પુરતું પાણી વિતરણ કરાતું હતું. શહેરમાં નિયમિત સાફસફાઈ થતી હતી.

આ ઉપરાંત ભુજના બાગ-બગીચાઓની પણ ખાસ સંભાળ લેવામાં આવતી હતી, પરંતુ હાલે શહેરનો વિસ્તાર, વસ્તી વધ્યા છે, પરંતુ પુરતા પ્રમાણમાં માળખાકીય સુવિધાઓ વધી નથી.

શ્રી સચદેએ જણાવ્યું હતું કે, શહેરમાં ડ્રેનેજના કામો માટે કરોડોનો ખર્ચ કરવા છતાં સમસ્યા ઠેરની ઠેર રહી છે. બાગ-બગીચાઓની દુર્દશાથી હૃદય વ્યથિત થાય છે. લોકોને પૂરતું પાણી પણ મળતું નથી ત્યારે તેમણે ભુજના શાસકો માત્ર વિકાસના ભ્રામક પ્રચારમાં રચ્યા-પચ્યા રહેવાના બદલે શહેરીજનોને ખરા અર્થમાં પૂરતી સુવિધાઓ મળે તેની દરકાર લેવી જોઈએ તેવું વધુમાં જણાવ્યું હતું.

ગાંધીધામમાં ૧.૭૮ લાખના હેરોઈન સાથે યુવક પકડાયો

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેરમાં ખોડિયાનગર ઝુપડા વિસ્તારમાં રહેતો મૂળ રાધનપુરનો ભરત રેવા દેવીપુજક પોતાની ટાયર પંચરની દુકાનની આડમાં ગેરકાયદે નશાનો વેપાર કરતો હોવાની બાતમીના આધારે એસઓજી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે તપાસ કરતા દુકાનમાંથી હેરોઈન મળી આવ્યું હતું. કુલ ૮.૯૨૦ ગ્રામ હેરોઈન કિંમત રૂા.૧,૭૮,૪૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ સાથે મોબાઈલ, પેન્સિલ વજન કાંટો સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. એસઓજીએ આરોપી વિરૂદ્ધ ગાંધીધામ એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવ્યો છે. આ મુદ્દામાલ ક્યાંથી મેળવ્યો તે સહિતની દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. એસઓજી પીઆઈ એ.આર.ગોહિલ અને સ્ટાફના વિરેન્દ્રસિંહ રતનલાલ, અશોકભાઈ જુમાભાઈ સહિતના જોડાયા હતા. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાવીને આગળની તપાસ કંડલા પોલીસને સોંપવામાં આવી છે.

ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ દ્વારા કરાયું પેટ્રોલિંગ

ગાંધીધામ - કચ્છ ઉદય : શહેર એ-ડિવિઝન પોલીસ દ્વારા ચૂંટણી અનુસંધાને પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

પ્રો.ડીવાયએસપી પ્રતિક ચૌધરીની આગેવાનીમાં પીઆઈ, પીએસઆઈ સહિત ૫૫ કર્મચારીઓ જોડાયા હતા.

મહેશ્વરી નગર, ભારતનગર, સુંદરપુરી સહિતના વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરાયું હતું.

અંજારની જનતાએ મુકેલા વિશ્વાસને સાર્થક કરવા ભાજપ કટિબદ્ધ : ત્રિકમભાઈ છાંગા

અંજારના સર્વાંગી વિકાસ માટે ભાજપનું સંકલ્પ પત્ર જાહેર : રાજ્યમંત્રીએ આધુનિક સુવિધાઓ અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સની આપી ખાતરી : પાણી, રસ્તા, આરોગ્ય અને સુરક્ષા સહિતના ૧૭ જેટલા મુખ્ય ક્ષેત્રોમાં નૂતન આયોજનો સાથે ભાજપ ચૂંટણી મેદાનમાં

અંજાર - કચ્છઉદય : અંજાર નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીઓને અનુલક્ષીને ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેરના સર્વાંગી વિકાસ માટેનું 'સંકલ્પ પત્ર' વિધિવત રીતે જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલે રાત્રે અંજાર ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે આ વિકાસલક્ષી સંકલ્પ પત્રનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે ભાજપે હંમેશા વિકાસની રાજનીતિ કરી છે અને છેલ્લા પાંચ ટર્મથી અંજારની જનતાએ જે વિશ્વાસ મૂક્યો છે તેને સાર્થક કરવા માટે પાર્ટી કટિબદ્ધ છે. આગામી પાંચ વર્ષમાં અંજારને સ્વચ્છ, સ્માર્ટ અને સશક્ત બનાવવાના મક્કમ નિર્ધાર સાથે આ સંકલ્પ પત્રમાં શહેરની પાયાની સુવિધાઓથી લઈને આધુનિક ટેકનોલોજી સુધીના તમામ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. ભાજપના આ સંકલ્પ પત્રમાં પાણી વ્યવસ્થાપન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જેમાં નવી ઓવરહેડ ટાંકીઓ, પાઈપલાઈનનું વિસ્તરણ અને રેઈન વોટર હાર્વેસ્ટિંગ જેવી યોજનાઓનો સમાવેશ થાય છે. શહેરની ગટર અને ડ્રેનેજ વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા માટે અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ સિસ્ટમ અને વેસ્ટ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ સ્થાપવાની ખાતરી આપવામાં આવી છે. રસ્તા અને ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો કરવા માટે મુખ્ય માર્ગોને આરસીસીમાં પરિવર્તિત કરવા અને સ્માર્ટ સિગ્નલ સિસ્ટમ અમલમાં મૂકવાની યોજના છે. આ ઉપરાંત સમગ્ર શહેરમાં એલઈડી સ્ટ્રીટ લાઈટ અને સોલાર પેનલ્સ દ્વારા ઉર્જાની બચત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સ્વચ્છતા ક્ષેત્રે 'સ્વચ્છ અંજાર અભિયાન' હેઠળ ડોર-ટુ-ડોર કલેક્શન અને પ્લાસ્ટિક મુક્ત શહેરની નેમ વ્યક્ત કરવામાં આવી છે. આરોગ્ય સેવાઓમાં અર્બન હેલ્થ સેન્ટરોનું આધુનિકીકરણ અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ સિસ્ટમ જેવી સુવિધાઓ નાગરિકોને ઘરઆંગણે મળશે. યુવા પેઢી અને બાળકો માટે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઈન્ડોર સ્ટેડિયમ અને સ્પોર્ટ્સ એકેડમી શરૂ કરવાનું આયોજન સંકલ્પ પત્રમાં દર્શાવવામાં આવ્યું છે. શિક્ષણ ક્ષેત્રે સ્માર્ટ ક્લાસરૂમ અને ફ્રી વાઈ-ફાઈ સાથેની પબ્લિક લાઈબ્રેરીનો લાભ વિદ્યાર્થીઓને મળશે. અંજારના ઐતિહાસિક વારસાને જાળવવા માટે સિદ્ધેશ્વર, ખંગારસર અને લાખાણી તળાવનું નવીનીકરણ કરવામાં આવશે. પર્યાવરણની જાળવણી માટે 'ગ્રીન અંજાર મિશન' અને ઈલેક્ટ્રિક વાહનો માટે ચાર્જિંગ સ્ટેશન જેવી આધુનિક સુવિધાઓ ઉભી કરાશે. મહિલાઓની સુરક્ષા માટે સીસીટીવી સર્વેલન્સ અને સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગ તેમજ વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગો માટે વિશેષ પાર્ક અને સહાય યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે. ગરીબ પરિવારો માટે આવાસ યોજના અને વેપારીઓ માટે લોકલ માર્કેટ ડેવલપમેન્ટ દ્વારા રોજગારીની તકો વધારવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન માટે ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ મજબૂત બનાવી અંજારને એક આદર્શ અને સુરક્ષિત શહેર બનાવવાની ખાતરી સાથે ભાજપ જનતાના આશીર્વાદ મેળવવા મેદાનમાં ઉતર્યું છે. આ પ્રસંગે ચૂંટણી ઈન્ચાર્જ ડેનીભાઈ શાહ, સહ ઈન્ચાર્જ વસંતભાઈ કોટરાણી, કિશોરભાઈ ખટાઉ, અશ્વિનભાઈ પંડ્યા, પાર્થભાઈ સોરઠીયા, વૈભવભાઈ કોડરાણી, ક્રિપાલસિંહ રાણા, અશ્વિનભાઈ સોરઠીયા, જીગરદાન ગઢવી, કલ્પેશભાઈ કોઠારી, સુરેશભાઈ ટાંક વગેરે હાજર રહ્યા હતા.

ભુજમાં ક્વાર્ટરીયા સાથે યુવક પકડાયો

ભુજ - કચ્છ ઉદય : શહેર બી-ડિવિઝન પોલીસે આરટીઓ સર્કલ ખાતે કાર્યવાહી કરીને વ્હિસ્કીના ૪૮ ક્વાર્ટરીયા કિંમત રૂા.૧૩,૪૪૦ ના મુદ્દામાલ સાથે બેન્ક્સ કોલોનીમાં રહેતા મોલિનસિંહ ઉર્ફે મોહિતરાજસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાને પકડી બી-ડિવિઝન પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

ભુજના ગેસ્ટહાઉસમાં સફાઈ કામદારનો આપઘાત

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં સ્વામિનારાયણ મંદિરની અંદર આવેલ હરીકિષ્ના ગેસ્ટ હાઉસમાં સફાઈ કામદાર તરીકે કામ કરતા મૂળ રાજસ્થાનના ૨૨ વર્ષિય શિવમ ઉર્ફે શિવલાલ પખુભાઈ આદિવાલે કોઈ અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. એ-ડિવિઝન પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ તેમણે પ્રેમ લગ્ન કર્યા હતા. સંતાનમાં એક બાળક છે. યુવાને કોઈ અગમ્ય કારણોસર ગેસ્ટ હાઉસના રૂમમાં પંખામાં દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી જીવાદોરી ટુંકાવી હતી. બનાવ અંગે એ-ડિવિઝન પોલીસે એડી દાખલ કરી છે.

મેઘપર (કુંભારડી) પાસે અજાણ્યા વૃદ્ધનું મોત

અંજાર - કચ્છ ઉદય : શહેરમાં આદિત્યનગરથી શનિદેવ મંદિર વચ્ચે મેઘપર કુંભારડી નજીક બેભાન હાલતમાં ૧૫ તારીખે વૃદ્ધ મળી આવ્યા હતા. તેઓનું સારવાર દરમિયાન મોત થયું હતું. તેમણે જમણા હાથે બાવળામાં નાગ, જયગોગા મારાજ તેમજ ગુજરાતીમાં આહિર ત્રોફાવેલું છે. તેમના દેહને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે રાખવામાં આવ્યો છે. જે કોઈ વ્યક્તિને તેમની ઓળખ બાબતે માહિતી મળે તેઓને અંજાર પોલીસના નં.૬૩૫૮૬ ૨૬૮૫૫ તેમજ પીએસઆઈ બી.એસ. ચૌધરી નં.૭૬૨૨૦ ૩૮૨૨૧ પર જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

નામ બદલાવેલ છે

હું એનિલ અબ્દુલસત્તાર મેમણારહે.૫૫૩ લંગા શેરી સિટી ગેસ્ટ હાઉસ બાજુમાં ભુજ –કચ્છ હું એનિલ અબ્દુલસતાર મેમણ તરીકે ઓળખાતો હતો પરંતુ હવેથી હું એનિલ અબ્દુલસત્તાર મેમણ તરીકે ઓળખાઈશ.

PUBLIC NOTICE

Notice is given on behalf of my Client **Shree Kuberkrupa Procon Pvt. Ltd.,** they are the lawful owner and possession of leasehold property bearing House No. TCX-S-45, Ward No. 12-A situated at Gandhidham-Kachchh. That the Original Lease Deed Dtd.: 02.12.1980 at Reg. No. 18 at Pages No. 172 to 175, Vol. No. 193 of Book No. Ad. 1, Dtd.: 05.01.1981 executed by The S.R.C. Ltd. in favor of Shri Rewachand S/o. Khiomal has been lost and misplaced and as for any objection, claim, suit, interruption, lien, mortgage charges and or encumbered any third person, given 7 days time for any kind of objection, but after the passing of said 7 days neither any written objection to me in respect of above said property.

(N.H. Sadarangani)
Advocate
T.H.X-77, Maitri Road, Adipur-Kachchh.
Mob. No. 9624000566

આદિપુર
મુંદરા સર્કલ ખાતે ચાલુ હાલતમાં
મેડીકલ સ્ટોર
ભાડે આપવાનું છે.
કોન્ટેક નં. 88499 55321

ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ.ભોપાશ્રી સાંગાભાઈ લખમીરભાઈ
સ્વ.તા.૧૫-૪-૨૦૨૬ (વડવાભોપા, તા.નખત્રાણા)

આપની અણધારી વિદાય અમારૂં કાળજું કંપાવી ગઈ, આપનો મિલનસાર સ્વભાવ, પ્રેમાળ સ્પર્શ, કુટુંબ પ્રત્યેની ભાવના, સતત મળતી હુંફ કાયમ માટે યાદ રહેશે. આપના જવાથી કદી ન પુરાય તેવી ખોટ પડી છે.
આઈશ્રી વાંકોલ, આઈશ્રી આશાપુરા આપના દિવ્ય આત્માને શાંતિ આપે...

શોકમગ્ન પરિવાર

- ભોપા હીરા સાંગા (પુત્ર)
- ભોપા કલ્પેશ સાંગા (પુત્ર)
- રબારી લખીબેન સાંગા (પુત્રી)
- રબારી દેવીબેન સાંગા (પુત્રી)
- ભોપા વેસા લખમીર (ભાઈ)
- ભોપા જેસા લખમીર (ભાઈ)
- ભોપા સુરા આશા (ભાઈ)
- ભોપા હીરા પબા (ભાઈ)
- ભોપા ચના પબા (ભાઈ)

તથા સમસ્ત સ્વ.ભોપા લખમીર મમુ પરિવાર

સદ્ગતની આગરી તા. ૨૫-૪-૨૦૨૬ તથા ઘળાઢોળ બારસ તા. ૨૬-૪-૨૦૨૬ના નિવાસસ્થાન વડવાભોપા મધ્યે

એચ.બી. વાઘેલા, મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાપરની કોર્ટમાં, ડાભુંડા રોડ, રાપર-કચ્છ

જાહેર નોટીસ જન્મ નોંધણી અરજી રજિ નં.૧૫૦/૨૦૨૬

શ્રી માનાભાઈ બેચરાભાઈ ચામરીયા, રહે, પ્રાગપર, તા.રાપર-કચ્છ. ..... અરજદાર

વિરૂદ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, પ્રાગપર, તા. રાપર-કચ્છ. ..... સામાવાળા

**વિષય :- જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ

ગાંધીધામ સ્વામિનારાયણ ગુરુકુળમાં જ્ઞાન સાથે સંસ્કારનું સિંચન

ગાંધીધામ - કચ્છઉદય : કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામમાં છેલ્લા ૨૬ વર્ષથી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ બાળકોમાં જ્ઞાનની સાથે સંસ્કારનું ઉત્તમ ઘડતર કરી રહ્યું છે. આજના મોબાઈલ અને સોશિયલ મીડિયાના યુગમાં બાળકો ઇન્ટરનેટ દ્વારા જ્ઞાન તો મેળવે છે, પરંતુ વૈદિક વિચારો અને શ્રેષ્ઠ નાગરિકતાનું નિર્માણ માત્ર ગુરુકુળમાં જ શક્ય બને છે. આ સંસ્થામાં હાલ ૩૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમને સંતોના આશીર્વાદ અને બૌદ્ધિક શિક્ષકો દ્વારા જીવન જીવવાની શ્રેષ્ઠ કલા શીખવવામાં આવે છે.ગુરુકુળ કેમ્પસમાં નાના બાળકો માટે ભવ્ય બાળમંદિર અને રમત-ગમતની વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીં સીબીએસઈ માન્યતા ધરાવતી ધોરણ ૧ થી ૧૦ ની શાળા તેમજ જીએસઈબી માન્યતા પ્રાપ્ત ધોરણ ૧૧ અને ૧૨ અંગ્રેજી માધ્યમ, વિજ્ઞાન, કોમર્સના વર્ગો આધુનિક લેબોરેટરીની સુવિધાઓ સાથે કાર્યરત છે. વિશાળ રમત-ગમતનું મેદાન અને ધોરણ ૫ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે.

આ ઉપરાંત સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામ દ્વારા ધોરણ ૧૧માં પ્રવેશ મેળવવા ઈચ્છતા તેજસ્વી વિદ્યાર્થીઓ માટે 'મહંત ધર્મજીવન સ્કોલરશિપ' જાહેર કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ માત્ર ગુરુકુલના જ નહીં, પરંતુ અન્ય શાળાઓમાં અભ્યાસ કરી એસએસસી બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ પણ લઈ શકશે. જે વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦માં ૭૫ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેઓ આ સ્કોલરશિપ મેળવવા માટે પાત્ર ઠરશે. આ પ્રોત્સાહક યોજના હેઠળ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ એમ બંને વર્ષના અભ્યાસ માટે સહાય પૂરી પાડવામાં આવશે. આ સ્કોલરશિપની રકમ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ફી પર લાગુ કરવામાં આવશે, જેથી હોંશિયાર વિદ્યાર્થીઓ આર્થિક રાહત સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે. ભુજ મંદિર દ્વારા સંચાલિત આ સંસ્થા પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજીના માર્ગદર્શન હેઠળ પ્રજ્ઞાજનોમાં વિશેષ સ્થાન ધરાવે છે, જેમાં ટ્રસ્ટી મંડળ અને અન્ય સંતો સફળતાપૂર્વક સહયોગ આપી રહ્યા છે. વાલીઓ માટે આ સંસ્થા જ્ઞાન અને ઉચ્ચ સંસ્કારના સંગમ સમાન

હવે વાલીઓએ નક્કી કરવાનું છે કે માત્ર જ્ઞાન જરૂરી છે એમના બાળકો માટે કે પછી જ્ઞાન સાથે ઉચ્ચ સંસ્કાર.

કેમ્પસમાં GSEB દ્વારા માન્યતા પ્રાપ્ત ઉચ્ચ કક્ષાની ગુજરાતી માધ્યમ શાળા કાર્યરત છે, જેમાં ધોરણ ૧ થી ૧૨ સુધી શિક્ષણ આપવામાં આવે છે અને ધોરણ ૧૧-૧૨ માટે આર્ટ્સ અને કોમર્સ પ્રવાહ ઉપલબ્ધ છે

તોલાણી વિદ્યા મંદિર રણમાં શિક્ષણનું સરોવર

ગાંધીધામ - કચ્છઉદય : તોલાણી વિદ્યા મંદિરનાં સંસ્થાપક કાકા શ્રી પ્રીતમદાસ તોલાનીનો જન્મ સંયુક્ત ભારતના સિંધ પ્રાંતના લાડકાના શહેર માં તા. ૨૫-૦૮-૧૯૦૩ ના રોજ થયેલ. બાળપણ થી તેઓ તેજસ્વી હતા અને તેઓએ અંગ્રેજી ભાષા સાથે મુંબઈની વિલ્સન કોલેજ થી સ્નાતક થયા. ખાનદાની જમીનદારી હોવાની સાથે સાથેતેઓ ધાર્મિક , વિનમ્ર અને કઠોર પરિશ્રમી હતા.ભારતના ભાગલાના સમયે તેઓ પાકિસ્તાનમાં રહી પોતાની સંપતિની દેખરેખ કરતા હતા, તે સમયે તેમની જમીન હડપવા પાકિસ્તાન સરકારે તેમને ત્રાસ આપવા હેતુથી ૧૦૦ દિવસ કારાવાસમાં પૂરી રાખ્યાં અને ઘોર માનસિક અત્યાચાર ગુજાર્યા. કારાવાસમાં તેઓએ શ્રી કૃષ્ણ સમક્ષ નેમ રાખેલ કે - જ્યારે તે મુક્ત થશે ત્યારે પોતાનું સર્વસ્વ માનવ સેવા નેસમર્પિત કરી દેશે. આગળ જતા તેઓએ ૩ પુસ્તકો લખ્યા; ગીતા, માય ગાઈડ, મારી સ્મૃતિયોજેમાં તેમનું જીવન દર્શન ચરિતાર્થ થાય છે. ૧૯૪૯ માં-૫૫ વર્ષના વયે જ્યારે તેઓ ફક્ત પહરેલ કપડે ભારતના મુંબઈ બંદરે ઉતર્યા ત્યારે તેમની પાસે મૂડીના નામે શ્રદ્ધા અને જુસ્સોજ હતો. સ્વ-પરીશ્રમ થી તેઓએ પોતાનું બાંધકામ ઉદ્યોગ અને શીપીંગ કાર્ય શરૂ કર્યું અને અલ્પ સમયમાંજ પાછા ખમતીધર બની ગયા, ત્યારે તેમને કારવાસમાં લીધેલ નેમ યાદ આવ્યું. કવિ હુંદરાજ દુખાયલ અને હરી દર્યાની 'દિલગીર'એ તેમને કચ્છને કર્મભૂમિ બનાવવાનું આમંત્રણ આપ્યું. ૧૯૬૧મા ગાંધીધામ પોલીટેકનીકની શરૂઆત થઈ,કાકાશ્રીએ ૧૯૬૭માં તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનીક સ્થાપી. શૈક્ષણિક હેતુ માટેજી RCએ મંડળ ને ૪૨ એકર જમીન ફાળવી.આજે અહી ૧૦મા પછી કરી શકાતા ડીપ્લોમાં કોર્સ જેમકે-સિવિલ, મેકેનીકલ, ઈલેક્ટ્રીકલ, કમ્પ્યુટર, કોસ્ચુમડીઝાઈનના ચલાવવામાં આવે છે, આ સિવાય MHRDની સહાયતા થી રોજગાર અને કૌશલ્ય કેન્દ્રોની સ્થાપના ઘણા ગામડાઓમાં કરવાંમાં આવી, જ્યાં ગામ ની સ્ત્રિયો અને બાળાઓને ગુંથણ, વણાટ, ફૂડ પ્રોસેસિંગ, બ્યુટી પાર્લર જેવા સ્વ-રોજગાર ના કોર્સ શીખવાડવામાં આવે છે તો પુરુષો માટે- પ્લમ્બિંગ, ઈલેકત્રીશિયન, JCB અને ક્રેન ઓપરેટર નું કામ શીખડાવામાં આવે છે. આ સંસ્થા GTU અને AICTEસંલગ્ન છે. ૧૯૬૨ માં તોલાની આર્ટસ કોલેજ ૧૨ વિદ્યાર્થિઓ સાથે શરુ થઈ હતી, કાકાએ તેની નવી ઈમારત ૧૯૬૮ બનાવી, પછી તેમાં સાયન્સનો ઉમેરો કર્યો, કચ્છની એક માત્ર નેક પ્રમાણિત 'છ'ગ્રેડ કોલેજ જ્યાં સ્નાતક સ્તરે આર્ટ્સમાં મુખ્ય વિષય : અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને વિશેષ રૂપે દીકરીઓ માટે હોમ સાયંસ ભણાવામાં આવે છે અને ગૌણ વિષયેઃ ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજનીતીશાસ્ત્ર, સંસ્કૃત, સિન્ધી અને હિન્દી વિકલ્પ માં છે. અહી અનુસ્નાતક સ્તરે; હિન્દી અને અર્થશાસ્ત્ર ભણાવાય છે. વિજ્ઞાન અંતર્ગત; ગણિત, રસાયણશાસ્ત્ર, ભોતીકશાસ્ત્ર, સુક્ષ્માંજીવાનું શાસ્ત્ર અને વનસ્પતીશાશ્ત્ર ના ઓપ્શન છે. સાથે સાથે અનુસ્નાતક સ્તરે ગણિત, માઈક્રોબાયોલોજી અને કેમેસ્ટ્રી પણ સરકારશ્રીના નવી શિક્ષણ નીતિ અંતર્ગત NEPફોરમેટમાં હવે થી સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BAઅને BScઓનર્સ તથા રીસર્ચ ની ડીગ્રી આપવામાં આવશે. કોમર્સ શિક્ષણ માટે ૧૯૭૩ માં તોલાણી કોમર્સ કોલેજ શરુ કરવામાં આવી, જે કચ્છની મોટામાં મોટી કોમર્સ કોલેજ છે જ્યાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થિયો બી.કોમ, એમ.કોમ ની સાથેઅન્ય પ્રોફેશનલ કોર્સીસ Cocકોર્સીસફોરેન ટ્રેડ, અને તેમની સાથે સાથે ઇન્દિરા ગાંધી ઓપન યુનીવર્સીટી IGNOUતથા ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી BAOUકાર્યરત છે. હાલે TCCએ NAACનાં ચોથા સાયકલ અંતર્ગત પુનઃ Bગ્રેડ પ્રાપ્ત કર્યો છે.સરકારશ્રીના નવી શિક્ષણ નીતિ અંતર્ગતબી. કોમ (પ્રોફેસનલ) કોર્ષ પણ સ્વનિર્ભરત ના ધોરણે શરૂ કરવા માં આવ્યો છે અને હવે NEP ફોરમેટમાં સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BComઓનર્સ તથા અંતર્ગત NEPફોરમેટમાં હવે થી સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BAઅને BScઓનર્સ તથા રીસર્ચ ની ડીગ્રી આપવામાં આવશે. કોમર્સ શિક્ષણ માટે ૧૯૭૩ માં તોલાણી કોમર્સ કોલેજ શરુ કરવામાં આવી, જે કચ્છની મોટામાં મોટી કોમર્સ કોલેજ છે જ્યાં ૩૦૦૦થી વધુ વિદ્યાર્થિયો બી.કોમ, એમ.કોમ ની સાથેઅન્ય પ્રોફેશનલ કોર્સીસ Cocકોર્સીસફોરેન ટ્રેડ, અને તેમની સાથે સાથે ઇન્દિરા ગાંધી ઓપન યુનીવર્સીટી IGNOUતથા ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનીવર્સીટી BAOUકાર્યરત છે. હાલે TCCએ NAACનાં ચોથા સાયકલ અંતર્ગત પુનઃ Bગ્રેડ પ્રાપ્ત કર્યો છે.સરકારશ્રીના નવી શિક્ષણ નીતિ અંતર્ગતબી. કોમ (પ્રોફેસનલ) કોર્ષ પણ સ્વનિર્ભરત ના ધોરણે શરૂ કરવા માં આવ્યો છે અને હવે NEP ફોરમેટમાં સ્નાતક સ્તરે ૩/૪ વર્ષે BComઓનર્સ તથા રીસર્ચની ડીગ્રી આપવામાં આવશે. ૧૯૮૪ માં તોલાની ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી સ્થાપવામાં આવેલ જેમાં ધોરણ ૧૨માં સાયન્સ પછી બે વર્ષનો ડીપ્લોમાં કોર્સ થાય છે. ઉપ રોક્ત ચારેય સંસ્થાઓ ગ્રાન્ટ ઇન એડ (સરકાર દ્વારા અનુદાનિત) છે. ૧૦-૦૭-૧૯૮૮ માં કાકાશ્રીના નિર્વાણ પછી તેમની મોટી પુત્રી સુ શ્રી જામવંતી ફન્લએ પ્રમુખના રૂપે કાર્યભાર સાંભળ્યો અને તેમણે પણ પિતાની આ સેવા ની ભેખને આગળ વધારી.૧૯૯૫માં કચ્છ ની સહુ પ્રથમ મેનેજમેન્ટની સંસ્થા તોલાની ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ ની સ્થાપના કરવામાં આવી જેમાં PGDBMશરૂ કરવામાં આવ્યું, જે AICTEઅંતર્ગત ઓટોનોમસ સંસ્થા હતી. ૨૦૧૬ માં આ સંસ્થાનું નામકરણ તોલાની મોટવાની મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ કરવામાં આવ્યું અને તેને GTUમાં આવરી લેવામાં આવી.

GANDHIDHAM COLLEGIATE BOARD - AT A GLANCE
(TOLANI VIDYA MANDIR)

Gandhidham Collegiate Board - Adipur is the largest educational campus with **"NO MANAGEMENT QUOTA"**. The Top Grant in Aid and Self-Financing Institutes in Kachchh are known for their value-added Skill

Enhancement Programs, Results and Placements

Other Initiatives of Management: **Anjana Hazare Community Development Centre** organises free of cost Training for women of villages to make them self-reliant and **Tolani Kalaniketan** trains students to excel in Drawing, Dancing and Painting & Through **GCB-DPA (CSR)** initiative, Training Programs are organised for students of Kachchh area to train them in the emerging fields like Green Hydrogen Technology courses. Drawing & Drafting using Auto CAD, Electric Vehicles and Advanced Port Construction Technology

TOLANI COLLEGE OF ARTS & SCIENCE Offers BA & BSc. Courses in Grant in Aid & Self Finance Courses	M.A. Hindi M.Sc. Mathematics M.Sc. Microbiology M.Sc. Chemistry
TOLANI MOTWANE INST. OF MGT. STUDIES	NBA Accredited MBA. (Spl. In Finance, Mktg. & HR) AICTE approved & affiliated to GTU BBA Program - Excellent infrastructure
TOLANI FG POLYTECHNIC (GIA & SFI)	3 yrs. Full time Diploma in Civil, Mech., Electrical & Computer Engg., CACDDM
TOLANI COMMERCE COLLEGE Grant In Aid, NAAC Accredited (4th Cycle)	B. Com & M. Com programs B.Com (Professional) Affiliated to KSKV Kutch Uni.
TOLANI INSTITUTE OF PHARMACY Affiliated to GTU & PCI Approved GIA College	2 yrs Diploma in Pharmacy Excellent Results - Conducive atmosphere
TOLANI MOTWANE INSTITUTE OF LAW Affiliated to K.S.K.V. Kachchh University & Recognised by Bar Council of India, New Delhi	2 year & 3 year Degree (LLB) (General & Special)

Please ask him to add logo of each institution as they will be having the same

A.I. અને રોબોટિક્સ જેવા વિષયોને કેન્દ્રમાં રાખીને

શિણાયની સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલમાં યોજાયેલા પ્રદર્શનમાં ૨૩૫ પ્રોજેક્ટ રજૂ થયા

પ્રદર્શનમાં વાલીઓ અને શુભચિંતકો સાથેનો વાર્તાલાપ વિદ્યાર્થીની પ્રગતિનો મુખ્ય હેતુ બની રહ્યો

ગાંધીધામ : ૨૫મી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સેન્ટ ઝેવિયર્સ પબ્લિક સ્કૂલ-શિણાય (ICSE)માં યોજાયેલા પ્રદર્શનમાં અંદાજે ૨૩૫ પ્રોજેક્ટ રજૂ થયા, જ્યાં વિદ્યાર્થીઓએ માત્ર પ્રોજેક્ટ બનાવ્યા જ ન હતા, પરંતુ રમતો, નાટક, વાર્તાઓ અને ગીતો દ્વારા પ્રોજેક્ટના વિષયની વ્યાખ્યા પણ ઊંડાણપૂર્વક સમજાવી હતી.આ પ્રદર્શનમાં A.I. અને રોબોટિક્સ, ઐતિહાસિક ઘટનાઓના મોડલ, સાહિત્યિક રચનાઓ, ગણિત, અંગ્રેજી, હિન્દી, જીવવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ચિત્રકળા, કલે મોડલિંગ, સંસ્કૃત, ગુજરાતી, ફોનેટિક્સ, ઈતિહાસ, કોમ્પ્યૂટર, પર્યાવરણ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રમતગમત અને કલાત્મક પ્રદર્શનો દ્વારા શાળાના એકથી દસમા ધોરણના વિદ્યાર્થીઓએ તેમની પ્રતિભાનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિષય પર ઊંડાણપૂર્વકની સમજ પૂરી પાડવાનો અને તેમની વિચારશક્તિ તેમજ સંશોધન ક્ષમતા વિકસાવવાનો હતો.વિજ્ઞાન પ્રયોગોમાં Artificial intelligence આધારિત મોડલ અને શૈક્ષણિક રમતો પ્રદર્શનના મુખ્ય આકર્ષણ બની રહ્યા. પ્રદર્શનમાં ટોચના પ્રોજેક્ટમાં રસપ્રદ શૈક્ષણિક રમતો, નાટકો અને રચનાત્મક કળાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, પ્રદર્શનમાં જોડાયેલા વિદ્યાર્થીઓએ તેમનાં પ્રોજેક્ટ્સને વાલીગણ અને અન્ય મહેમાનો સાથે ચર્ચા કરીને સમજાવ્યા.આ પ્રદર્શનમાં આસપાસની શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આવેલ શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ પ્રદર્શનની ઉત્કૃષ્ટતા અને વિદ્યાર્થીઓના પ્રયત્નોની ખૂબ પ્રશંસા કરી હતી. દરેક વિદ્યાર્થીઓએ વિષયના પસંદગીથી પ્રોજેક્ટના નિર્માણ સુધીના દરેક તબક્કે તેમના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ મહેનત કરી હતી.

વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક પ્રોજેક્ટ્સમાં વિશિષ્ટ કૃતિ રજૂ કરી, જેમાArtificial intelligence પર આધારિત શૈક્ષણિક રમતો અને નવીન શોધોનો સમાવેશ હતો. પ્રદર્શનમાં સમાવાયેલ વાર્તાઓ અને નાટકો દ્વારા વિદ્યાર્થીઓએ તેમના પ્રોજેક્ટ્સને વધુ જીવંત બનાવ્યા હતા.

આ પ્રદર્શનમાં વાલીઓ અને શુભચિંતકો સાથેનો વાર્તાલાપ વિદ્યાર્થીના પ્રગતિનો મુખ્ય હેતુ બની રહ્યો. શાળા માટે આ પ્રદર્શન માત્ર શૈક્ષણિક પ્રગતિનો નમૂનો ન હતું, પણ વિદ્યાર્થીઓના સર્જનાત્મકતા અને શાળાના શૈક્ષણિક મૂલ્યોનું પ્રતિબિંબ પણ સાબિત થયું. આ પ્રદર્શનની સફળતા શિક્ષકો અને વિદ્યાર્થીઓની સંયુક્ત મહેનતનું પ્રતિબિંબ છે, જે શાળાના ગૌરવને વધુ મજબૂત બનાવે છે.

P.N. AMERSEY HIGH SCHOOL
Est. 1985 | Gandhidham
Admission Open for Academic 2026-27
Key Features

- Spacious eco-friendly campus with lush green area.
- Fully air-conditioned Nursery Hall and Computer Lab with wi-fi.
- Advanced science labs of Physics, Chemistry, Biology.
- Well-stocked library.
- Expert teaching staff, specializing in Std. X & XII (Science & Commerce).
- **State-of-the-Art Digital Classroom** with interactive whiteboards and modern tech.
- Comprehensive sports facilities with a running track.
- Dynamic co-curricular activities and education enhancement.
- RO system for mineral-quality water.
- Karate and Music classes.
- Quality education by dedicated staff.

Nurturing from Nursery to Std. XII for 15+ years, focused on the overall development of every child.

પી.એન. અમરસી હાઈસ્કૂલ, ગાંધીધામ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

ગાંધીધામ:છેલ્લા ૪૦ વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત અને હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનાર શહેરની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા પી.એન. અમરસી હાઈસ્કૂલ દ્વારા નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. નર્સરીથી ધોરણ ૧૨ (સાયન્સ અને કોમર્સ) સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ આપતી આ શાળા તેના આધુનિક અભિગમ માટે જાણીતી છે.

શાળાની મુખ્ય વિશેષતાઓ:

- આધુનિક ડિજિટલ ક્લાસરૂમ: વિદ્યાર્થીઓને ટેકનોલોજીના માધ્યમથી ભણાવવા માટે ઈન્ટરેક્ટિવ વ્હાઇટબોર્ડ અને આધુનિક સુવિધાઓ સજ્જ ડિજિટલ રૂમ્સ.
- સંપૂર્ણ સુવિધાયુક્ત કેમ્પ સઃ હરિયાળું અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ, સાથે જ નર્સરીના બાળકો માટે સ્પેશિયલ એસી હોલની સુવિધા.
- શ્રેષ્ઠ શિક્ષણ સ્ટાફઃ ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે અનુભવી અને પરિણામલક્ષી શિક્ષકો દ્વારા ખાસ માર્ગદર્શન.
- વિજ્ઞાન અને કોમ્પ્યુટર લેબઃ ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી માટે અદ્યતન પ્રયોગશાળાઓ તેમજ વાઈ-ફાઈ કનેક્ટિવિટી સાથેની લેબ.
- રમત-ગમત અને સહ-અભ્યાસ પ્રવૃત્તિઓઃ વિશાળ રનિંગ ટ્રેક, સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓ, કરાટે ક્લાસ અને સંગીતનું શિક્ષણ.
- શુદ્ધ પીવાનું પાણીઃ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય માટે RO સિસ્ટમ દ્વારા મિનરલ વોટરની સુવિધા.

શાળાના સંચાલકોએ જણાવ્યું હતું કે, "અમારો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાનો જ નહીં, પણ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે. છેલ્લા ૪૦ વર્ષથી અમે શૈક્ષણિક ગુણવત્તા જાળવી રાખી છે."

હાલમાં નર્સરીથી ધોરણ ૧૨ સુધીના પ્રવેશ માટે ફોર્મ મળવાનું શરૂ થઈ ગયું છે. વાલીઓને વહેલી તકે શાળાનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે

ગાંધીધામની ઇન્ટરનેશનલ દિલ્હી પબ્લિક સ્કૂલ ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો શુભારંભ

પ્લેગ્રુપથી ધોરણ ૧૦ સુધીના વિદ્યાર્થીઓ માટે સ્ટેમ લેબ અને રોબોટિક્સ જેવી અત્યાધુનિક સુવિધાઓ સાથે એડમિશન ઓપન

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામના મેઘપર બોરીચી વિસ્તારમાં આવેલી ઈન્ટરનેશનલ દિલ્હી પબ્લિક સ્કૂલ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગેની વિગતો અનુસાર, શાળામાં પ્લેગ્રુપ થી લઈને ધોરણ ૧૦ સુધીના તમામ વર્ગો માટે એડમિશન ઓપન કરવામાં આવ્યા છે, જેમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. શાળા પરિસરમાં સ્ટેમ લેબ્સ, અધ્યતન કોમ્પ્યુટર લેબ, રોબોટિક્સ અને સુસજ્જ લાઈબ્રેરી જેવી શૈક્ષણિક સવલતો સાથે આર્ટ રૂમ તેમજ ડાન્સ અને મ્યુઝિક જેવી પ્રવૃત્તિઓ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને યોગ્ય માર્ગદર્શન માટે કાઉન્સિલિંગ સેશનની સુવિધા પણ અહીં ઉપલબ્ધ છે. શાળા દ્વારા અભ્યાસની સાથે રમતગમત અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ માટે ઈન્ડોર અને આઉટડોર એમ બંને પ્રકારના મેદાન અને વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવે છે. પ્લોટ નંબર ૨૩૬, મારુતિનગર, મેઘપર બોરીચી, ગાંધીધામ ખાતે આવેલી આ શાળામાં દૂરથી આવતા વિદ્યાર્થીઓ માટે ટ્રાન્સપોર્ટની સુવિધા પણ રાખવામાં આવી છે. વાલીઓ પોતાના સંતાનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શાળાના સંપર્ક નંબર ૯૯૧૩૨ ૮૮૦૦૯, ૯૫૮૬૪ ૦૩૨૮૧ અથવા ૮૨૩૮૭ ૪૪૯૯૯ પર સંપર્ક કરીને પ્રવેશ મેળવી શકે છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ અને આધુનિક ટેકનોલોજીના સમન્વય સાથે આ શાળા કચ્છ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે શ્રેષ્ઠ શૈક્ષણિક પ્લેટફોર્મ પૂરું પાડી રહી છે.

શૈક્ષણિક શ્રેષ્ઠતા અને વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતી મોર્ડન સ્કૂલ ગાંધીધામ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામની મોર્ડન સ્કૂલ છેલ્લા ૬૭ વર્ષથી શિક્ષણ પ્રત્યે પ્રેમ અને નૈતિક મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવતા સુશિક્ષિત વ્યક્તિઓને ઉછેરવા માટે સમર્પિત રહી છે. શાળાના અનુભવી શિક્ષકો અને વ્યાપક અભ્યાસક્રમ, જેમાં રમતગમત, કલા, ચર્ચાઓ, વિજ્ઞાન અને વિવિધ ઉજવણીઓ અને પ્રસ્તુતિઓનો સમાવેશ થાય છે જે બાળકના સર્વાંગી વિકાસના ધ્યેયને ટેકો આપે છે. શાળા બાળકની રુચિઓ અને પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા માટેઅભ્યાસેતર પ્રવૃત્તિઓ પણ કરાવે છે.

શાળા સંકુલમાં સમૃદ્ધ શિક્ષણ વાતાવરણમાં પુસ્તકાલય, કમ્પ્યુટર લેબ, ઈન્ડોર રમત ખંડ અને રમતગમતના મેદાનની સુવિધા અહીં ઉપલબ્ધ છે. શાળા એક એવું વાતાવરણ કેળવે છે જ્યાં વિદ્યાર્થીઓમાં જવાબદારી વિકસાવે છે અને વૈશ્વિક નાગરિકો તરીકે વિકાસ પામે છે. શાળાનું લક્ષ્ય એક સહાયક અને સશક્તિકરણ સમુદાય બનાવવાનું છે જે મજબૂત મૂલ્યોને પ્રોત્સાહન આપે છે. હાલ શાળામાં વર્ષ ૨૦૨૬ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. મોર્ડન સ્કૂલ બાળકના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતી હોય છે.

વિદ્યાર્થીઓની રચનાત્મકતા, સિદ્ધિઓ તથા પ્રગતિના શિખરો સર કરાવતી આદિપુર શહેરની ક્રાઈસ્ટ સ્કૂલ

આદિપુરઃ શાળા એટલે વિદ્યાર્થીઓના સર્વાગી વિકાસની તકો પૂરી પાડતી સંસ્થા તથા રચનાત્મકતાને પ્રોત્સાહન આપીને વિવિધ સિદ્ધિઓ હાંસલ કરાવતી સંસ્થા એટલે ક્રાઈસ્ટ સ્કૂલ. આ શાળામાં બાળકોને ધ્યાનમાં રાખીને વિશિષ્ટ સુવિધા તરીકે વાતાનુકુલિત વર્ગખંડો છે, બધા વર્ગમાં ડિ-જિટલ બોર્ડ સાથે શિક્ષણ આપવામાં આવે છે. નેશનલ એજ્યુકેશન પોલીસીને ધ્યાનમાં રાખીને શાળામાં સમાવેશ કરી તથા સર્જનાત્મક, રચનાત્મક શિક્ષણનો સમાવેશ - કરવામાં આવેલ છે. શાળામાં વિદ્યાર્થીઓની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શિક્ષકો દ્વારા વિદ્યાર્થી કેન્દ્રિત શિક્ષણ પૂરું પાડવામાં આવે છે આ સંસ્થામાં વિવિધ વિષયોના જેમ કે ગણિત વિજ્ઞાન અંગ્રેજી તથા ભાષાના વિષયોના અનુભવી શિક્ષકો દ્વારા શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. તમામ વિષયોમાં વિવિધ પ્રયોગો કલા તથા ઈનોવેશન પદ્ધતિ દ્વારા ' શાળામાં શિક્ષ-કો દ્વારા કલા સંકલિત શિક્ષણ આપવામાં આવે છે. સત્રના શરૂઆતમાં kinder ગાર્ડનના ભૂલકાઓ માટે પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવેલું હતું જેમાં તેમના માતા-પિતા દ્વારા વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા તથા orientation નું આયોજન પણ થયેલું હતું. આ દરમિયાન શાળામાં હિન્દી રાષ્ટ્રભાષા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું તેના અંતર્ગત એકથી નવ વર્ગના વિદ્યાર્થીઓને હિન્દી રાષ્ટ્રભાષા પરીક્ષા લઈ તેમાં થતાં વિદ્યાર્થીઓને સર્ટી-ફીકેટ અને મેડલ આપવામાં આવ્યા હતા. તે સિવાય રાષ્ટ્રીય હસ્ત લેખન તથા ચિત્રકળાની સ્પર્ધા યોજના યોજવામાં આવી હતી તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ શાળામાં વિવિધ કૌશલ્ય શિક્ષણ પણ પૂરું પાડવામાં આવે છે જેમ કે રોબોટિક, કરાટે તથા રાઈફલ શૂટિંગ જેના દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાગી વિકાસ શક્ય બને છે. જેમાં તે સ્કેટિંગ યોગા મેડીટેશન દ્વારા વિદ્યાર્થીઓનું માનસિક વિકાસ પણ જળવાઈ રહે છે. ૧૫ ઓગસ્ટ ૨૬ જાન્યુ-આરી દિવસના અંતર્ગત વિદ્યાર્થીઓ માટે અલગ અલગ સ્પર્ધાનું આયોજન થાય છે જેમ કે દેશભક્તિના ગીતો રજૂ કરવા વકૃત્વ સ્પર્ધા પોસ્ટર બનાવવા સૂત્રો લખવા તથા ટેબલો જેવી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવે છે તથા દરેક તહેવાર ઉત્સાહ પર ઉજવાય છે. સત્ર દરમિયાન શાળામાં યુનિટ ટેસ્ટ તથા વિદ્યાર્થીઓને પરીક્ષાની પૂર્વ તૈયારી માટે વર્કશીટ આપવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ પરીક્ષામાં સારું પ્રદર્શન કરીને સારા ગુણો પ્રાપ્ત કરી શકે ત્યારબાદ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડવા શ્રેષ્ઠતા નો એવોર્ડ આપવામાં આવે છે જેનાથી દરેક વિદ્યાર્થી પ્રોત્સાહિત થઈને પોતાની શ્રેષ્ઠ કારકિર્દી બનાવી શકે. ત્યારબાદ દરેક મહિને વિદ્યાર્થીઓના વાલીઓની મીટીંગ શિક્ષકો સાથે રાખવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓના માતા-પિતાને તેમના બાળકના અભ્યાસ વિશેની જાણકારી નિયમિતપણે પ્રાપ્ત થતી રહે તથા માતા પિતા થી શાળા અંગેનો પ્રતિસાદ પણ લેવામાં આવે છે. શાળાના સત્ર દરમિયાન નો ભવ્ય ઉત્સવ એટલે વાર્ષિક ઉત્સવ જે શાળામાં ૨૦ ડિસેમ્બરના રોજ ઉજવાયેલ હતો જેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહ પર ભાગ લીધો હતો તથા વાલીઓ પોતાના બાળકો નિહાળવા તથા પ્રોત્સાહન પૂરું પાડવા ક્રાઈસ્ટના આંગણમાં પધાર્યા હતા. આમ દેશનું ભવિષ્ય ઉત્તમ સગવડો તથા જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે માટે શાળા હંમેશા વધુને વધુ પ્રયત્નશીલ બની રહેશે.

અભ્યાસ પ્રવૃત્તિ, આનુસંગિક સહ-અભ્યાસ પ્રવૃત્તિ સાથે અથાગ પરિશ્રમ કરી - ભવ્યાતિભવ્ય ભૂતકાળના પાયા પર ઊભેલી સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ આદિપુર

આદિપુરઃ સેન્ટ ઝેવિયર્સ શાળા આદિપુરમાં જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જેની પાછળના કારણોમાં નૂતન શિક્ષણ પ્રણાલી, NEP-ની નવી તરાહોને પગલે વ્યક્તિત્વ નિખાર અને વ્યક્તિત્વ ઘડતરએ જ પ્રધાન લક્ષ્ય સાથે શાળા ૪૦ વર્ષોથી કાર્યરત છે. અહીં શિક્ષણ સંસ્કાર અને સંસ્કૃતિની જતન અને સંવર્ધન થતું આવ્યું છે, તેને ટકાવી રાખવું સુગમ રહે તે માટે વિદ્યાર્થીઓને તેમની રુચિ મુજબ વિષયો પસંદ કરવાની સ્વતંત્રતા અહીં અપાય છે.

વિષયો, અભ્યાસક્રમ અને સહ - અભ્યાસિક પ્રવૃત્તિઓની જ્યાં એક સૂત્રતા છે ત્યાં આધુનિક રોબર્ટીક્યુગ સાથે કદમ તાલ મિલાવી શકે તે માટે સેન્ટ ઝેવિયર્સ શાળા શિસ્ત અને સંશોધન અને સર્જનાત્મક અભિગમ ધરાવી ટેકનોલોજીના શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીઓ સ્વયંભૂ જાગૃત રાખવાની થકી પૂરી પાડે છે. જે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ શાળાની સફળતાનું પ્રથમ સોપાન છે. શાળામાં વિદ્યાર્થીઓના સર્વાગીણ વિકાસ માટે શિક્ષણ સામર્થ્ય પ્રોત્સાહન, પ્રેરણા પૂરી પાડતા શાળાના ફાધર જોબીજી જણાવે છે કે ભૂતકાળ ભવ્યાતિભવ્ય હોય પણ પ્રશંસનીય પ્રશસ્ત અને પદવીદાનીય બનાવી રાખવો એટલો જ અઘરો છે, પરંતુ આ શાળા સમાજની સેવાના કર્તવ્ય પથ પર અથાક પરિશ્રમ કરતી આવી છે અને કરતી રહેશે. જેમાં આદિપુરના સામાજિક સંનિષ્ઠ નાગરિકોના આશીર્વાદ અને સ્નેહ આભારી છે.શાળાના વાલીઓનું યોગદાન પણ વંદનીય છે એ માટે જુદા જુદા ક્ષેત્રોમાં સેવા કરનાર વાલીઓને શાળા સન્માનીત કરવામાં આવે છે. જેમાં ડોક્ટરડે,ઈન્જીનિયરડે, ટીચરડે, વગેરે વિશિષ્ટ દિવસોમાં વાલીઓના સન્માન કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.વિદ્યાર્થીઓને મોટીવેશન સ્પીકરોનું વખતોવખત માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. શાળાના અનુભવી અને નિષ્ણાત, નિષ્ઠાવાન શિક્ષકોની મહત્ત્વની ભૂમિકાઓમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. હસ્તાક્ષરથી માંડી ને કાવ્ય, સાહિત્ય સર્જન જેવું વાતાવરણ પૂરું પાડી શાળાના "આદર્શ જીવન પાથેય" પૂરું પાડતા મેગેઝિનમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પોતાની રચનાઓનો લખે છે . આમ કલા હોય વિજ્ઞાન હોય શિક્ષણ હોય સંસ્કાર હોય સ્વચ્છતા આરોગ્ય સંપ દા માટે એક ધબકતું સંકુલ એટલે સેન્ટ ઝેવિયર્સ શાળા.

શ્રી ગુજરાત એજ્યુકેશન સોસાયટી

સતત ૭૨ વર્ષથી દેશને સારા નાગરિક આપતું શિક્ષણધામ

શાળામાં જીવન ઘડતરલક્ષી અને કોલેજમાં સ્નાતક કક્ષા સુધી અપાય છે ગુણવત્તાસભર શિક્ષણ

ગાંધીધામ : શ્રી ગુજરાત એજ્યુકેશન સોસાયટી વર્ષ ૧૯૫૪થી ગુજરાતી માધ્યમમાં બાલમંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ પૂરું પાડી રહી છે. અત્યાર સુધીમાં હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થા સંચાલિત શાળાઓમાંથી અભ્યાસ કરી ઉજ્જ્વળ કારકિર્દી સાથે ઉજ્જ્વળ ભવિષ્ય બનાવી ચુક્યા છે. શિક્ષણ ભાગીરથી ગંગા અવિરત વહી રહી છે. શિક્ષણ માટે જરૂરી તમામ પ્રકારની ભૌતિક સુવિધાઓ સાથે ઉચ્ચ ગુણવત્તાયુક્ત તેમજ સંસ્કારો સાથેનું આધુનિક શિક્ષણ આ સંસ્થા પૂરું પાડી રહી છે. સાથે જ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડવામાં તેમજ દેશને સારા નાગરિક પૂરા પ ાડવાનું ભગીરથ કાર્ય ચાલી રહ્યું છે. હાલ દર વર્ષે અંદાજે ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંસ્થા સંચાલિત શાળાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે. બાલમંદિર તેમજ પ્રાથમિક શાળાઓ દ્વારા પાયાનું શિક્ષણ, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં જીવન ઘડતરલક્ષી શિક્ષણ તથા કોલેજ દ્વારા સ્નાતક કક્ષા સુધીનું કારકિર્દીલક્ષી શિક્ષણ વિદ્યાર્થીઓ મેળવી રહ્યા છે. સંસ્થા સંચાલિત શાળાઓમાં, આર.એ. પટેલ ગુજરાત વિદ્યાલય બાલમંદિર-ગાંધીધામ, આર. એ. પટેલ, ગુજરાત વિદ્યાલય બાલમંદિર-આદિપુર, એચ. કે.વી. ગુજરાત વિદ્યાલય પ્રાથમિક શાળા- ગાંધીધામ, એસ.આર. ગણાત્રા પ્રાથમિક શાળા-આદિપ ુર, એમ.પી. પટેલ ગુજરાત કન્યા વિદ્યાલય-ગાંધીધામ (જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા પારિતોષિક વિજેતા), પી. આર. અગ્રવાલ નવનિર્મિત સ.વ.પ. ગુ.વિ. (જિલ્લાની શ્રેષ્ઠ સાયન્સ શિક્ષણ તેમજ સાયન્સ લેબ), આર.પી. પટેલ માધ્યમિક શાળા-આદિપુર, જી.એ. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળા-આદિપુર, રાજાભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટ્સમાં શૈક્ષણિક કાર્ય ચાલી રહ્યું છે. સંસ્થાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારોની દીર્ઘ દૃષ્ટિ, તેઓના યોગદાન, શહેરના વેપારી મહાનુભાવોની ઉદાર ભાવના, અભ્યાસ કરી ગયેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની તેમજ વાલીઓની શાળા તેમજ સંસ્થા પ્રત્યેની લાગણી, સંસ્થા સંચાલિત શાળાઓના ભૂતપૂર્વ આચાર્યો તેમજ શિક્ષકશ્રીઓ તથા કાર્યરત તમામ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓની મહેનત થકી આ સંસ્થા વટવૃક્ષ સમાન બની છે તેમજ ઉત્તરોત્તર પ્રગતિ કરી રહી છે.

ગાંધીધામની શ્રી ગુજરાત એજ્યુકેશન સોસાયટીની ગૌરવભરી શૈક્ષણિક સેવાઓ

શ્રી ગુજરાત એજ્યુકેશન સોસાયટી વર્ષ ૧૯૫૪ થી ગુજરાતી માધ્યમમાં બાલમંદિર થી કોલેજ સુધીનું ગુણવત્તા યુક્ત, આધુનિક તથા સંસ્કાર સભર શિક્ષણ પૂરું પાડી રહી છે. હજારો વિદ્યાર્થીઓ અહીંથી અભ્યાસ પૂર્ણ કરી ઉજ્જવળ કારકિર્દી બનાવી ચુક્યા છે અને શિક્ષણનો અવિરત પ્રવાહ અવિરતપણે વહી રહ્યો છે. હાલ દર વર્ષે અંદાજે ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ સંસ્થા સંચાલિત શાળાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે.

સંસ્થા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ શ્રીમતી આર.એ. પટેલ ગુજરાત વિદ્યાલય બાલમંદિર - ગાંધીધામ, શ્રીમતી આર.એ. પટેલ ગુજરાત વિદ્યાલય બાલમંદિર - આદિપુર, શ્રી એમ.કે.પી. ગુજરાત વિદ્યાલય પ્રાથમિક શાળા - ગાંધીધામ, શ્રીમતી એસ.આર. ગણાત્રા પ્રાથમિક શાળા - આદિપુર, શ્રી એમ.પી. પટેલ ગુજરાત કન્યા વિદ્યાલય - ગાંધીધામ (જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ શાળા પારિતોષિક વિજેતા), શ્રી પી.આર. અગ્રવાલ નવનિર્મિત સ.વ.પ. ગુ.વિ. (જિલ્લાની શ્રેષ્ઠ સાયન્સ શિક્ષણ તથા સાયન્સ લેબ), શ્રી નગરસેવક પટેલ હીરેન એચ.કાંકરિયા (હીરજી તથા અદરી કચરા) તેજશ્રી આર.પી. પટેલ માધ્યમિક શાળા - આદિપુર, શ્રી જી.એ. પટેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળા - આદિપુરની વિદ્યાર્થિની કુમારી યશી ચલાવી રહ્યું છે તેમજ સ્વામી શ્રી આર.પી. પટેલ ગુ.વિ./શ્રી જી.એ.પટેલ ગુ.વિ તથા સંસ્થા પ્રાથમિક શાળા-બાલમંદિર માટે જુનું મિલકીત પાકીનો નવું બાંધકામનું કાર્ય કરાવી રહ્યા છે.

સંસ્થા સંચાલિત સંસ્થાનિષ્ઠી રત્નભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટસ - આદિપુરની સ્થાપના વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી. શ્રી રાજલક્ષ્મી પટેલ તથા સંસ્થાના ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિના પરિણામે આજે આ સંસ્થા ખૂબ જ પ્રગતિના પંથે છે. સ્થાપનાના પ્રારંભિક વર્ષોમાં જ સંસ્થાના ટ્રસ્ટીઓની ઉમદા ભાવના અને સમાજ પ્રત્યેની નિષ્ઠાના પરિણામે સંસ્થાને ૨૦૧૨માં ૩૫ એકર જમીન ફાળવવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૧૪માં ૩૫ એકર જમીન ફાળવવામાં આવી હતી. આમ કુલ ૭૦ એકર જમીન પર સંસ્થાનું વિશાળ કેમ્પસ નિર્માણ પામ્યું છે. સંસ્થાના ટ્રસ્ટીઓની દીર્ઘદ્રષ્ટિ અને સમાજ પ્રત્યેની નિષ્ઠાના પરિણામે સંસ્થાને

ભાજપ નહીં પણ પોલીસ ચૂંટણી લડી રહી હોય એવું લાગે છે : ગોપાલ રાય

પ્રજા અને આપના ડરના કારણે ભાજપે આખા સરકારી તંત્રને ચૂંટણીમાં કામે લગાડ્યું : ભાજપને સમગ્ર ગુજરાતમાં 'વિસાવદરવાળી' થવાનો ડર છે : ૩૦ વર્ષના શાસન બાદ પણ માળખાકીય સુવિધાઓની સમસ્યાનું સમાધાન નથી આવ્યું : જો અમારા જીતેલા ઉમેદવારો કામ નહીં કરે તો બે વર્ષમાં રાજીનામાં લઈ લઈશું : ખેડૂતો અને પશુપાલકોના આંદોલનને સરકારે કચડી નાખવાની કોશિશ : ગાંધીધામમાં આપે દારૂના અદ્દવિરુદ્ધ અવાજ ઉઠાવ્યો તો નેતા કાયનાત અંસારીને જેલમાં નાખી દીધા : ગાંધીધામને સુરક્ષિત, શિક્ષિત અને વિકસિત બનાવીશું: ડો. કાયનાત અંસારી : મતદાતાઓ 'ઝાડું'નું બટન દબાવીને ગાંધીધામમાં પરિવર્તન લાવે : સંજય બાપટ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામમાં આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રભારી ગોપાલ રાય અને આમ આદમી પાર્ટી પૂર્વ કચ્છ પ્રમુખ ડો. કાયનાત અંસારી આથા અને આપ કચ્છ ઝોન પ્રમુખ સંજય બાપટ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ તકે મિડીયા સાથે વાત કરતા આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રભારી ગોપાલ રાયએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે સરકારના મનમાં જનશક્તિની અવાજનો એટલો ડર બેસી ગયો છે કે સમગ્ર સરકાર અને સરકારી તંત્રને ચૂંટણીના મેદાનમાં વિરોધ પક્ષને રોકવા માટે ઉતારી દેવામાં આવ્યા છે. તેઓએ પ્રશ્ન કર્યો કે આવું શા માટે થઈ રહ્યું છે? ગુજરાતમાં વર્ષોથી વિધાનસભાની ચૂંટણી અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ થતી આવી છે, પરંતુ ક્યારેય ભાજપને પોલીસ તંત્રને ઉતારીને ચૂંટણી લડવાની જરૂર પડી નથી. આ વખતે બેચેની શા માટે છે? તેમણે કહ્યું કે હાલની પરિસ્થિતિ એવી બની ગઈ છે કે એવું લાગે છે કે ભાજપ નહીં પરંતુ પોલીસ અને કાઈમ બ્રાંચ ચૂંટણી લડી રહી છે. છેલ્લા બે મહિનાથી પોલીસ, કાઈમ બ્રાંચ અને નીચલા સ્તરથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધીના તમામ લોકો મેદાનમાં ઉતરી ગયા છે.

તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટીએ ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, પશુપાલકો, મહિલાઓ, યુવાનો અને વિદ્યાર્થીઓના પ્રશ્નો ઉઠાવ્યા છે, જેના કારણે લોકોમાં પાર્ટી પ્રત્યે વિશ્વાસ વધ્યો છે. તેમણે ઉદાહરણ આપ્યું કે વિસાવદરની ચૂંટણીમાં જનતાએ ભાજપને હરાવીને આમ આદમી પાર્ટીના ઉમેદવારને પ્રચંડ બહુમતીથી જીતાડ્યો હતો, જ્યારે ભાજપના મુખ્યમંત્રી, મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યો ત્યાં પ્રચાર માટે ગયા હતા. તેમણે જણાવ્યું કે ત્યારબાદ આમ આદમી પાર્ટીએ ખેડૂતોના આંદોલનો શરૂ કર્યા, જેમાં ગોધરા વિસ્તારમાં ૫૦થી વધુ ખેડૂતોને ધરપકડ કરીને જેલમાં મૂકવામાં આવ્યા, છતાં ખેડૂતો વધુ મજબૂતીથી રસ્તા પર ઉતર્યા. પશુપાલકો અને કચ્છના ખેડૂતોના આંદોલનોને દબાવવાનો પ્રયાસ થયો, પરંતુ અંતે સરકારને ઝુકવું પડ્યું. ગુજરાતમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે અવાજ ઉઠાવતા આમ આદમી પાર્ટી પર દબાણ કરવામાં આવ્યું છે.

છેલ્લા એક મહિનામાં લગભગ ૨૫૦ જેટલા કાર્યકરો અને નેતાઓ પર એફઆઈઆર નોંધાઈ છે, કેટલાકને જેલમાં નાખવામાં આવ્યા છે અને અન્યને ધમકાવવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે જો ભાજપે ખરેખર જનતા માટે કામ કર્યું હોત તો તેમને આવા દમનકારી પગલાં લેવાની જરૂર ન પડતી.

આમ આદમી પાર્ટી પૂર્વ કચ્છ પ્રમુખ ડો. કાયનાત અંસારી આથાએ જણાવ્યું હતું કે છેલ્લા ૩૦ વર્ષ સુધી કોંગ્રેસનું અને ત્યારબાદ ૩૦ વર્ષ સુધી ભાજપનું શાસન રહ્યું, છતાં આજે પણ રોડ, બ્રિજ, વીજળી અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓનો પ્રશ્ન યથાવત રહ્યો છે.

તેમણે ખાસ કરીને ડિમોલિશન મુદ્દે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે જ્યારે પણ વિકાસની વાત થાય છે ત્યારે તેનો ભાર ગરીબ લોકો પર જ મૂકવામાં આવે છે. ગરીબોની ઝૂંપડપટ્ટીઓ અને વસાહતો હટાવીને વિકાસ કરવામાં આવે છે, પરંતુ કોઈપણ અમીર વર્ગ પર તેની અસર થતી જોવા મળતી નથી. તેમણે કહ્યું કે આ પ્રક્રિયામાં માનવતાના અધિકારોનો ભંગ થઈ રહ્યો છે, કારણ કે ગરીબોને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવતી નથી, જે સરકારની જવાબદારી છે. સરકારને માતા સમાન ગણવામાં આવે છે, તેથી ગરીબોની ચિંતા કરવી એ સરકારનું કર્તવ્ય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે આમ આદમી પાર્ટી આ મુદ્દાનો વિરોધ કરે છે અને જો ડિમોલિશન કરવામાં આવે તો પહેલા લોકોને યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા અને પૂરતો સમય આપવો જોઈએ. તેમણે જણાવ્યું કે જો આમ આદમી પાર્ટીના ઉમેદવારો જીતશે તો તેઓ આપેલા વચનો પૂરા કરવાની જવાબદારી લેશે, અને જો બે વર્ષની અંદર વચનો પૂરા નહીં થાય તો તેઓ રાજીનામું આપશે. ઉપરાંત, છેલ્લા ૩૦ વર્ષમાં થયેલી ફંડિંગ ક્યાં અને કેવી રીતે ખર્ચાઈ છે તેની તપાસ માટે વિશેષ સમિતિ બનાવવામાં આવશે અને જ્યાં ગેરરીતિઓ થશે ત્યાં કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. તેમણે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં સુધારાના વચનો આપતાં કહ્યું કે જો આમ આદમી પાર્ટી મહાનગરપાલિકાની ચૂંટણી જીતશે તો લોકોના જીવનસ્તર સુધારવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવશે.

માંડવી વોર્ડ નંબર-૨ના રહેવાસીઓ પીવાની પાણીની લાઈનમાં ગંદા પાણીથી ત્રસ્ત

અવાર નવાર આ સમસ્યા સર્જાય છે : ભૂતકાળમાં કોલેરા પણ ગંદા પાણીને કારણે જ ફાટી નીકળ્યો હતો રોગચાળો : રોડ, લાઈટ અને રસ્તા પણ ન્યાય આપવા માંગ

માંડવી - કચ્છઉદય : નગરપાલિકા વોર્ડ નંબર ૨માં છેલ્લા ૧૫ દિવસથી ગટર મિશ્રિત પાણી પાણી આવે છે. પીવાની પાણીની લાઈનમાં જ્યારે ગટરનું પાણી આવે તો જમવાના વાસણ કેવી રીતે ધોઈ શકાય, તે પાણી પીવામાં કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તેવા પ્રશ્નો કરી રહ્યા છે.

મધ્યમ વર્ગીય નાગરિકોએ જણાવ્યું કે, બધાની એવી હાલત પણ નથી હોતી કે ખાનગી કંપનીઓ પાસેથી પૈસા ખર્ચી અને બિસલેરીના પાણીના બાટલા મંગાવી શકે કારણ કે જ્યાં ગુજરાન જ માંડ ચલાવી શકાતું હોય ત્યાં વધારાના ખર્ચા કેવી રીતે કરી શકાય ? ક્યારે પાણી આવે છે ત્યારે પણ બહુ ઓછા સમય માટે અને ગમે ત્યારે આવે છે. અઠવાડિયામાં એકાદ-બે વાર માંડ પાણીનો સપ્લાય થાય છે એવું નાગરિકો જણાવ્યુ.

બીજી બધી સમસ્યાઓ સહન કરી શકાય પણ પીવાના પાણી વગર કેવી રીતે ચાલે તેવું આ વિસ્તારના બહેનોએ હૈયાવરાળ ઠાલવતાં જણાવ્યું હતું. વોર્ડમાં રોડ લાઈટ પણ નથી. ગંદા પાણીના નમૂનાની બોટલ હાથમાં પકડી અને પત્રકારોને બતાવતાં ભાઈ બહેનોએ જણાવ્યું કે, નાના બાળકો અને મોટા પણ આવું પાણી પીવાથી બીમાર પડી જાય છે અને અગાઉ પણ કોલેરાનો રોગ દૂષિત પાણીને કારણે જ અહીં ફાટી નીકળ્યો હતો છતાં પણ કોઈ પગલાં લેવાતા જ નથી. જ્યારે ચૂંટણી આવે છે ત્યારે ત્યારે ઉમેદવારો મત માંગવા આવે છે ખરેખર લોકોની જિંદગી કેવી છે, તેમને પીવાનું પાણી મળે છે કે નહીં તે જોવાની કોઈને ફુરસદ નથી મળતી તેવું કેટલાક માતાઓએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું. એક બાજુ રાજકીય પ્રચારચાળો ફાટી નીકળ્યો છે ત્યારે બીજી બાજુ માંડવીના વોર્ડ નંબર ૨માં ફરીથી ભયાનક રોગચાળો ફાટી નીકળે તેવી શક્યતા ઉભી થઈ છે.

પટેલ આઈ કેર દ્વારા આયોજિત શૂટિંગ વોલીબોલ ટુર્નામેન્ટમાં ગાંધીધામની લીલાશા ટીમ વિજેતા

માધાપર - ભુજમાં ખેલદિલી અને ઉત્સાહના માહોલ વચ્ચે શૂટિંગ વોલીબોલનો રમત મહોત્સવ ઉજવાયો

ભુજ - કચ્છઉદય : માધાપર - ભુજ ખાતે સ્થિત સર્વોદય સ્પોર્ટ્સ ક્લબ દ્વારા પટેલ આઈ કેરના સૌજન્યથી તૃતીય શૂટિંગ વોલીબોલ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ૨૦ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેના કારણે સમગ્ર વિસ્તારમાં રમતગમતની ઉર્જા છલકાઈ ઉઠી હતી. ટુર્નામેન્ટનો શુભારંભ ડૉ. મગનભાઈ પટેલ, ડૉ. નરેશ ભાનુશાલી, ક્લબના મંત્રી ગોવિંદભાઈ, મહેશભાઈ, અનુપસિંહ જાડેજા તેમજ એસઓજી પીઆઈ અજયસિંહ પરમારની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં દીપ પ્રગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. મહાનુભાવોની ઉપસ્થિતિએ ખેલાડીઓમાં નવો ઉત્સાહ જગાવ્યો અને કાર્યક્રમને વિશેષ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું હતું. સ્પર્ધામાં ગાંધીધામની લીલાશા ટીમે ઉત્તમ રમત પ્રદર્શન કરીને વિજેતા પદ મેળવ્યું હતું, જ્યારે ડૉ. મગનભાઈ પટેલ ટીમ રનર્સઅપ રહી હતી. વ્યક્તિગત પ્રદર્શનમાં ગાંધીધામના પ્રતીક ત્રિવેદીને 'બેસ્ટ શૂટર'નો ખિતાબ મળ્યો હતો. ઉપરાંત ડૉ. મગન પટેલ ટીમના નીતિન સિંઘલને 'બેસ્ટ રિફેન્ડર' અને કિશન વેદાંતને 'બેસ્ટ નેટી' તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ટુર્નામેન્ટ માત્ર સ્પર્ધા સુધી મર્યાદિત ન રહી, પરંતુ ખેલદિલી, સહકાર અને પરસ્પર પરિચય વધારવાનો એક ઉત્તમ મંચ બની રહી હતી. આઈ સ્પેશિયલિસ્ટ ડૉ. મગનભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવેલ હતું કે આવા આયોજનોથી સ્થાનિક સ્તરે રમતગમતને પ્રોત્સાહન મળતું રહે છે, જે ખરેખર પ્રશંસનીય છે. સંચાલન ડૉ. વિષ્ણુ ચૌધરી દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેલાડીઓ અને મહેમાનો માટે ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી, જેના કારણે સૌએ આનંદપૂર્વક કાર્યક્રમનો લાભ લીધો હતો.

ભુજના વોર્ડ નં.૫માં ભાજપના ઉમેદવારોને આવકાર

ભુજ નગરપાલિકાની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે ભુજ શહેરના વોર્ડ નંબર પાંચમાં ભાજપના ઉમેદવારો કૌશલ મહેતા, નસીમા પઠાણ, નાનભાઈ સંજોટ અને હિરેનભાઈ રાઠોડને પ્રચંડ જન સમર્થન મળી રહ્યું છે. ભાજપના ઉમેદવારો અને સ્થાનિક કાર્યકર્તાઓ દ્વારા હાલે ડોર ટુ ડોર પ્રચાર સાથે મતદારોનો સંપર્ક કરવામાં આવી રહ્યો છે ત્યારે વોર્ડ પાંચના જુદા-જુદા વિસ્તારોમાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા ભાજપના ઉમેદવારોનું ભવ્ય સત્કાર કરવામાં આવી રહ્યું છે. ભાજપના ઉમેદવારોએ જંગી લીડ સાથે જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગુંદાલામાં ૨.૫૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

ભુજ : મુંદરા તાલુકાના ગુંદાલા ગામે મકાનમાં દરોડો પાડીને ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી લેવાયો હતો.એલસીબી પીએસઆઈ એમ.એચ. શીણોલના માર્ગદર્શન હેઠળ એએસઆઈ પ્રદ્યુમનસિંહ ગોહિલ અને ટીમ મુંદરા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે ગુંદાલા ગામના જીવણજી ખાનજી જાડેજાના મકાનમાં તપાસ કરાઈ હતી.

તલાશી દરમિયાન મકાનમાંથી ગેરકાયદેસર વેચાણ માટે રાખવામાં આવેલો ઈંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કુલ ૨,૫૮,૮૩૨ નો દારૂ કબજે કર્યો છે. દરોડા દરમિયાન ૬૮ વર્ષીય જીવણજી ખાનજી જાડેજા (રહે. રણુજાનગર, ગુંદાલા) ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો મહારાષ્ટ્રથી મંગાવવામાં આવ્યો હતો. પ્રાગપર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

આ કામગીરીમાં એલસીબીના પ્રદ્યુમનસિંહ ગોહિલ, રાજદીપસિંહ ગોહિલ, રામજીભાઈ રબારી અને મહેશભાઈ ચૌહાણ જોડાયા હતા.

ભુજના રાવલવાડી વિસ્તારમાં આઈસ્ક્રીમના નમૂના લેવાયા

આરોગ્ય તંત્ર દ્વારા ૧૦ હજારની કિંમતના ૫ કિલો જથ્થાનો નાશ કરાયો

ભુજ - કચ્છઉદય : ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ભુજ દ્વારા આવનાર ગરમીની સિઝનને ધ્યાને લઈ જિલ્લાના વિવિધ વિસ્તારમાં ઉનાળાના સીઝન પ્રમાણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ઓચિંતી તપાસ કરવામાં આવી રહેલ છે, જેને પગલે ભૂજ તાલુકામાં નંદની આઈસક્રીમ, (રસિકલાલ) ન્યૂ રાવલ વાડી સામે, રઘુવંશી સર્કલ પાસે ભુજ ખાતે ફૂડ સેફટી ઑફિસરો એમ.એમ. પટેલ તથા એસ.બી.પટેલ દ્વારા ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવેલ હતી. તપાસ દરમિયાન શંકાના આધારે રસિકલાલ આઈસક્રીમ કેસર પીસ્તા તથા રસિકલાલ આઈસક્રીમ બ્લેક કરંટ જેવી આઈસક્રીમના નમૂના લેવામાં આવેલ હતી. જેને એનાલિસિસ માટે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે જેનો રિપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે તથા સ્થળ પર એસેન્સ, ફ્લેવર, કલર જેવા રોમેટિરિયલ એક્સપાયર્ડ જેવા મળેલ જે પેઢીના માલિકે ખરાઈ કરતા તેઓના દ્વારા ફરી ઉપયોગમાં ન આવે તેમજ જાહેર આરોગ્ય સાથે ચેડાં ન થાય તે રીતે તેનો સ્થળ પર ઉપરોક્ત ફૂડ સેફટી ઓફિસરની હાજરીમાં નાશ કરવામાં આવેલ જેનો કુલ જથ્થો આશરે ૫ કિલો જેટલો થવા પામેલ છે, જેની અંદાજિત કિંમત ૧૦,૦૦૦ જેટલી છે.

ભુજના વોર્ડ પાંચમાં કોંગ્રેસના ઉમેદવારોને આવકાર

ભુજ નગરપાલિકાની ચૂંટણી જંગનો પ્રચાર ચરમસીમાએ પહોંચ્યો છે. ભુજના વોર્ડ નં. પાંચમા કોંગ્રેસના ઉમેદવાર આદિલ જુસબ જત, ચેતન રવિલાલ શાહ અને ચંદ્રાબેન જોષીના ચૂંટણી કાર્યાલયને ખુલ્લું મુકાયું હતું. આ અવસરે કોંગ્રેસના નેતાઓ અને પાર્ટીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ વિસ્તારના કોંગ્રેસના ઉમેદવારોને અભૂતપુર્વ સમર્થન મળી રહ્યું છે. ઉમેદવારોના જણાવ્યા અનુસાર ભુજની જનતા ભાજપના કુશાસનથી ત્રસ્ત બની છે અને હવે પરિવર્તન ઝંખી રહી છે, ત્યારે આગામી ચૂંટણીમાં ભુજમાં કોંગ્રેસના તમામ ઉમેદવારો જંગી લીડથી ચૂંટાઈ આવશે અને સુધરાઈમાં કોંગ્રેસનું શાસન આવશે.

કોમન કેન્સર સ્ક્રિનિંગ અને વહેલું નિદાન અંગે બે દિવસીય તાલીમની પ્રથમ બેઝ ગેઈમ્સ ભુજ ખાતે યોજાઈ

કુલ ૪૦ તાલિમોમાં ૧૬૦૦ જેટલાં આરોગ્યના અધિકારીઓ અને કર્મચારીઓને આવરી લેવામાં આવશે

ભુજ - કચ્છઉદય : આરોગ્ય વિભાગ ગુજરાતના ગ્રામ્ય આરોગ્ય કમિશનર રતનકુંવર ચારણ ગઢવીની સૂચના અને માર્ગદર્શન અન્વયે ગેઈમ્સ ભુજ ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિતેષ ભંડેરીના અધ્યક્ષ સ્થાને કોમન કેન્સર સ્ક્રિનિંગ અને વહેલું નિદાન અંગેની બે દિવસીય તાલીમ ની પ્રથમ બેચનો સફળતાપૂર્વક શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ તાલીમમાં મેડિકલ ઓફિસર, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર, સ્ટાફ નર્સ, ફિમેલ અને મેલ હેલ્થ વર્કરને તાલીમ આપવામાં આવી હતી. આગામી ૫ મહિના માં આવી કુલ ૪૦ બેચો યોજી ૧૬૦૦ જેટલાં આરોગ્યના અધિકારી, કર્મચારીઓ ને આવરી લેવામાં આવશે. તાલીમ દરમિયાન આરોગ્ય કર્મચારીઓને મોઢાના કેન્સર, સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર જેવા સામાન્ય કેન્સરના પ્રારંભિક લક્ષણો, સ્ક્રિનિંગ પ્રક્રિયા તેમજ વહેલી તકે નિદાન કરીને યોગ્ય સારવાર શરૂ કરવાની વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ સ્ક્રિનિંગની યોગ્ય પદ્ધતિ, હાઈ રિસ્ક વ્યક્તિઓની ઓળખ અને સમયસર રેફરલ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં ઈ. ચા. એડીએચઓ ડૉ. અમીન અરોરા, ગેઈમ્સના એમડી પીએસએમ ડૉ. મહેતા, ગેઈમ્સના ડો. જુનેદ, જિલ્લા એમપીએચએસ હરિભાઈ, ડીપીસી વિપુલ દેવમુરારી,એફઓ નીરવ ગોહિલ તેમજ ટીટીટીમાંથી અસલમ લોટા હાજર રહ્યા હતા. તાલીમમાં ટ્રેનર તરીકે ડીટીટી માધાપરના એસએમઓ ડૉ. કીર્તકુમાર સીજુ, ગેઈમ્સના ડૉ. અનેરી મોદી, ડૉ. મહેક પીંડોરિયા, ડૉ. વિજય આહીર, ભારાપર સીએચસીના ડૉ. પ્રાચી દોશી, જિલ્લા પંચાયત ના ડૉ. હર્ષકુમાર અને ડૉ. રાહુલસિંહ ચોહાણ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું. તાલીમને અસરકારક બનાવવા કાર્યક્રમ બાબતના વિવિધ પ્રેઝન્ટેશન, વિડિઓ બતાવવામાં આવ્યા હતા. અનુરૂપ ડમી મોડલ મારફતે સમજણ આપવામાં આવી હતી. તાલીમાર્થીઓને રોલપ્લે પણ કરાવવામાં આવેલ હતું. આ બાબતના હાજર ઓપીડીના દર્દીઓ પણ બતાવવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગ્રામ્ય અને શહેરી સ્તરે કેન્સરના કેસોને વહેલી તકે ઓળખી કેન્સરમાં થતા મૃત્યુદર ને ઘટાડવાનો છે. આ તાલીમને સફળ બનાવવા આરોગ્ય વિભાગ જિલ્લા પંચાયતની સાથે ગેઈમ્સ ભુજ અને ડીટીટી માધાપ રનો સહયોગ મળ્યો હતો.

૫૦૦ વર્ષ જૂના ખીરેશ્વર મહાદેવ મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો આજથી ભવ્ય પ્રારંભ

ખેડોઈ ખાતે ત્રિ-દિવસીય ધાર્મિક મહોત્સવ; સમકુંડીય શિવ મહાયજ્ઞ, જલયાત્રા અને મહાપ્રસાદ સાથે સંતો-મહંતોની ઉપસ્થિતિ

અંજાર - કચ્છ ઉદય : તાલુકાના ખેડોઈ ગામે આવેલું પૌરાણિક અને ૫૦૦ વર્ષથી પણ વધુ જૂનું ઐતિહાસિક ખીરેશ્વર મહાદેવ મંદિર ખાતે પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૧ થી ૨૩ એપ્રિલ દરમિયાન ભવ્ય રીતે યોજાશે. આ પ્રસંગે ભક્તિભાવ સાથે સમકુંડીય શિવ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાયજ્ઞમાં આચાર્ય તરીકે કચ્છના જાણીતા કથાકાર પ્રદીપભાઈ ઉમિયાશંકર ત્રિપાઠી સેવા આપશે જ્યારે ઉપાચાર્ય તરીકે શાસ્ત્રી ભાવેશભાઈ ત્રિપાઠી રહેશે. મુખ્ય યજમાન તરીકે મનુભા જખુભા જાડેજા પરિવાર રહેશે તેમજ મહાપ્રસાદના દાતા તરીકે અવિનાશભાઈ ગિરજાશંકર ત્રવાડી (મૂળ ગામ ખેડોઈ, હાલ ભુજ) રહેશે.

ત્રણ દિવસ ચાલનારા આ મહોત્સવ દરમિયાન પ્રથમ દિવસે ગણેશ પૂજન, મંડપ પ્રવેશ, પુણ્યવાચન, માતૃકા પૂજન, નાંદી શ્રાદ્ધ, બ્રાહ્મણ વરણ અને અગ્નિ સ્થાપના જેવી વિધિઓ યોજાશે. બીજા દિવસે સ્થાપિત દેવતાઓનું પૂજન, નવગ્રહ પૂજા, વાસુદેવ પૂજન, ગ્રહહોમ, આરતી, મૂર્તિઓની જલયાત્રા, અષ્ટાધ્યાયી વેદોક્ત રુદ્રપાઠ હોમ, કુટિર હોમ, ૧૦૮ ઔષધિઓથી મૂર્તિઓનું સ્નાપન અને ધાન્યાધિવાસ જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

અંતિમ દિવસે મંદિર વાસ્તુ પૂજન, સ્થાપિત દેવતા હોમ, ધ્વજારોહણ, પ્રતિષ્ઠા વિધિ, પૂર્ણાહુતિ અને મહાઆરતી જેવા કાર્યક્રમો ભવ્ય રીતે સંપન્ન થશે. ત્યારબાદ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવશે.

સાંજે ૩:૩૦ કલાકે ધર્મસભા તથા સત્કાર સમારોહ યોજાશે, જેમાં સંત કૃષ્ણાનંદજી મહારાજ (પાંકડસર), મહંત ત્રિકમદાસજી મહારાજ (સચ્ચિદાનંદ મંદિર, અંજાર), બાલકદાસજી (તપસ્વી આશ્રમ, ખેડોઈ), પ્રેમદાસજી (મુરલીમનોહર મંદિર, ખેડોઈ), સાધુ કેશવદાસજી (રામમંદિર, ખેડોઈ), મેઘબાઈ મા, ચાંપલ મા તથા લક્ષ્મણગિરિજી (ખીરેશ્વર મહાદેવ મંદિર પૂજારી) ઉપસ્થિત રહી આશીર્વચન આપશે.

વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસનું શક્તિપ્રદર્શન

ભુજમાં પરિવર્તનની લહેર વચ્ચે ભાજપના ગઢમાં ગાબડું પાડવા કોંગ્રેસ કટિબદ્ધ : યાકુબભાઇ ખત્રી

વરસાદી પાણી અને ગટરની ગંભીર સમસ્યાઓથી ત્રસ્ત વોર્ડ ૧ની જનતા આ વખતે પરિવર્તન લાવશેઃ કોંગ્રેસ અગ્રણી યાકુબભાઈ ખત્રીએ ભાજપ અને તેની 'બી' ટીમ ગણાતી પાર્ટીઓ પર કર્યા આકરા પ્રહાર : હાર બાળી ગયેલા ભાજપના ઉમેદવારો હવે મતદારોને લોભાવવા કરી રહ્યા છે ભ્રામક વાયદાઓ : કોંગ્રેસના ઉમેદવારોના મત કાપવા ઔવેશીજીની જનસભા ભાજપની હતાશાનું પ્રમાણ

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો માહોલ હવે તેના ચરમસીમાએ પહોંચી ગયો છે. લોકશાહીના આ પર્વમાં મતદાનના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે તમામ રાજકીય પક્ષોએ મતદારોના દિલ જીતવા માટે આકાશ-પાતાળ એક કર્યા છે. ભુજ શહેરના રાજકીય ફલક પર નજર કરીએ તો અત્યારે વોર્ડ નંબર ૧ માં ચૂંટણી પ્રચારનો પારો સાતમા આસમાને પહોંચ્યો છે. આ વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવારોને મળી રહેલો અભૂતપૂર્વ જનસમર્થન અને લોકચાહના વિરોધ પક્ષો માટે ચિંતાનો વિષય બન્યા છે. કોંગ્રેસના દિગ્ગજ ઉમેદવાર યાકુબભાઈ ખત્રીએ આક્રમક શૈલીમાં પ્રચારની કમાન સંભાળતા દાવો કર્યો છે કે માત્ર વોર્ડ નંબર ૧ જ નહીં, પરંતુ સમગ્ર ભુજ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના શાસન વિરુદ્ધ રોષ જોવા મળી રહ્યો છે અને લોકો હવે બદલાવ ઈચ્છી રહ્યા છે.

ભુજ શહેરના જનજીવન અને પાયાની સુવિધાઓની વાત કરતા યાકુબભાઈ ખત્રીએ જણાવ્યું હતું કે, પાછલા અનેક વર્ષોથી ભુજવાસીઓ ભાજપના શાસન અને વહીવટથી તોબા પોકારી ગયા છે. ભાજપના સત્તાધીશોએ અત્યાર સુધી માત્ર લોભામણી જાહેરાતો અને પોકળ વાયદાઓ કરીને મતદારોને છેતરવાનું કામ કર્યું છે, પરંતુ આ વખતે જનતા જાગૃત બની છે અને ભાજપની કોઈ પણ લાલચમાં આવ્યા વગર કોંગ્રેસના પક્ષમાં જંગી મતદાન કરવા મક્કમ છે. વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસની આખી પેનલ એટલે કે ચારેય ઉમેદવારો યાકુબભાઈ ખત્રી, કાસમ સમા, નૌશીદા લંઘા અને મરીયમ સમા ભવ્ય લીડ સાથે વિજયી બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ડોર-ટુ-ડોર પ્રચાર દરમિયાન લોકોની વેદના સાંભળતા એ સ્પષ્ટ થયું છે કે સત્તાધારી પક્ષ સામાન્ય નાગરિકોની પાયાની જરૂરિયાતો સંતોષવામાં સદંતર નિષ્ફળ રહ્યો છે.

ખાસ કરીને ચોમાસા દરમિયાન ભુજ શહેરના અનેક વિસ્તારો જળબંબાકાર થઈ જાય છે, જે અંગે યાકુબભાઈએ ટેકનિકલ મુદ્દાઓ સાથે ભાજપને ઘેર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ભાજપના શાસકોએ બુદ્ધિજીવી નાગરિકો કે નિષ્ણાત ઈજનેરોની સલાહ લીધા વગર માત્ર ભ્રષ્ટાચાર કરવાના ઈરાદે આડેધડ બાંધકામો અને કામો કર્યા છે. આ આયોજન વગરના વિકાસને કારણે જ વરસાદી પાણીના નિકાલની સમસ્યા આજે વોર્ડ નંબર એક માટે માથાનો દુખાવો બની ગઈ છે. કોંગ્રેસ જો સત્તા પર આવશે તો પોતાના વર્ષોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અનુભવ અને તજજ્ઞોની મદદથી વૈજ્ઞાનિક ઢબે ડ્રેનેજ સિસ્ટમ તૈયાર કરશે. ગટરની ગંદકી અને ઉભરાતી લાઈનોની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે કોંગ્રેસે અત્યારથી જ એક નક્કર બ્લુપ્રિન્ટ તૈયાર કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું. રાજકીય રમતની આલોચના કરતા યાકુબભાઈએ ભાજપ પર પ્રહારો તેજ કર્યા હતા અને જણાવ્યું હતું કે, ભાજપને માત્ર સત્તા અને પૈસામાં જ રસ છે, લોકસેવા તેમના એજન્ડામાં ક્યાંય નથી. જ્યારે ભાજપને અહેસાસ થયો કે તેઓ લોકશાહી ઢબે કોંગ્રેસને હરાવી શકે તેમ નથી, ત્યારે તેમણે પોતાની 'બી' ટીમને મેદાનમાં ઉતારી છે. એઆઈએમઆઈએમ દ્વારા વોર્ડ નંબર ૧ માં ઉમેદવારો ઉભા રાખવા અને તેમના રાષ્ટ્રીય અધ્યક્ષ અસદુદ્દીન ઓવૈસીની ભુજમાં સભા યોજવી એ માત્ર કોંગ્રેસના મતો તોડવાનું એક સુવ્યવસ્થિત ષડયંત્ર છે, જેથી આડકતરી રીતે ભાજપને ફાયદો કરાવી શકાય. જોકે, ભુજની જનતા આ રાજકીય ખેલ સમજી ગઈ છે અને કોઈ પણ પક્ષના વહેમાવ્યામાં આવ્યા વગર કોંગ્રેસના પંજા પર મહોર મારશે. અંતમાં યાકુબભાઈ ખત્રીએ ભુજની ભાઈચારાની સંસ્કૃતિને યાદ કરતા તમામ શહેરીજનોને અપીલ કરી હતી કે, ભુજ હંમેશા કોમી એકતા અને પરસ્પર પ્રેમ માટે જાણીતું રહ્યું છે. ચૂંટણીના સમયે કેટલાક તત્વો જ્ઞાતિ-જાતિના નામે વિભાજન કરવાનો પ્રયાસ કરશે, પરંતુ મતદારોએ નાત-જાતના ભેદભાવથી ઉપર ઉઠીને શહેરના સર્વાંગી વિકાસ અને પોતાના સંતાનોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે મતદાન કરવું જોઈએ. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી દિવસોમાં આવનારું પરિણામ ભુજમાં નવા યુગની શરૂઆત કરશે અને કોંગ્રેસના શાસનમાં જનતાને ભ્રષ્ટાચારમુક્ત અને સુવિધાજનક વહીવટ મળશે. હવે જોવાનું એ રહે છે કે મતદારો આ 'પરિવર્તનની લહેર' ને કેટલો વેગ આપે છે.

વોર્ડ નંબર ૧ માં કોંગ્રેસની પેનલના ઉમેદવારો યાકુબભાઈ ખત્રી, કાસમ સમા, નૌશીદા લંઘા અને મરીયમ સમાને મળી રહ્યું છે પ્રચંડ લોકસમર્થન

ભુજમાં સભ્ય સમાજની યુવતી તેનાથી નાની ઉંમરના યુવક સાથે ભાગી જતા મચ્યો હંગામો

ભુજ : શહેરમાં અત્યારે એક અનોખો કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. વાગડ વિસ્તારના અને ભુજમાં સ્થાયી થયેલા એક પ્રતિષ્ઠિત અને સભ્ય ગણાતા સમાજના યુવક-યુવતી રહસ્યમય રીતે એકસાથે ગુમ થઈ જતા સમાજમાં સોપો પડી ગયો છે. આ કિસ્સામાં સૌથી વધુ ચર્ચા યુવતીની ઉંમરને લઈને થઈ રહી છે, જે યુવક કરતા મોટી હોવાનું સામે આવ્યું છે. જાણવા મળતી વિગતો મુજબ, મૂળ વાગડ વિસ્તારના અને હાલ ભુજ વિસ્તારમાં રહેતા એક જ સમાજના યુવક અને યુવતી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી પ્રેમ પ્રકરણ ચાલી રહ્યું હોવાની આશંકા સેવાઈ રહી છે. બંને અચાનક એકસાથે ગુમ થઈ જતા પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે બંને જણા પોતાની મરજીથી એકબીજા સાથે ક્યાંક નીકળી ગયા છે. ઘટનાની જાણ થતા જ સભ્ય ગણાતા આ સમાજમાં ભારે હલચલ મચી ગઈ છે. બંને પક્ષના લોકો મોટી સંખ્યામાં પોલીસ સ્ટેશન દોડી ગયા હતા. રસપ્રદ બાબત એ છે કે, ભાગી જનાર યુવતીની ઉંમર યુવક કરતા વધુ છે. સામાન્ય રીતે સમાજમાં જોવા મળતા કિસ્સાઓ કરતા ઉલટું ચિત્ર જોવા મળ્યું છે. ઘટનાએ શહેરમાં ચર્ચા જગાવી છે. બંને પરિવારો દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હાલ શોધખોળ હાથ ધરી છે. મોબાઈલ લોકેશન અને સીસીટીવી ફૂટેજ દ્વારા તેઓ કઈ દિશામાં ગયા છે તેની તપાસ ચાલી રહી છે. સભ્ય સમાજની ઘટનાએ સાબિત કર્યું છે કે પ્રેમમાં ઉંમરના બાધ કરતા સામાજિક પ્રતિષ્ઠા અને કાયદાકીય ગૂંચવણો વધુ મહત્વની બની જતી હોય છે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ આ પ્રેમી પંખીડાને ક્યારે અને ક્યાંથી શોધી કાઢે છે.

ભુજ વોર્ડ નંબર ૨ અને ૩માં કોંગ્રેસના ચૂંટણી કાર્યાલય ખુલ્લા મુકાયા

વોર્ડ ૨માં ઉમેદવારો અંજલિ અશ્વિનભાઈ ગોર, કાસમ ભયુ કેવર, નરેન્દ્રભાઈ મનજીભાઈ ભીલ અને રોશનબેન હારુન ત્રાચા, વોર્ડ નંબર ૩ના ઉમેદવારો આઈસુબેન સમા, કિશોરદાન ગઢવી, ફકીરમામદ કુંભાર અને ફાતમાબેન સમાએ જીતનો વ્યક્ત કર્યો વિશ્વાસ

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના વોર્ડ નંબર ૨ અને ૩માં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા રવિવારે સાંજે વોર્ડ ૩માં વિધિવત રીતે ચૂંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ફકીરમામદ કુંભાર ઉર્ફે ફકીરાભાઈની આગેવાની હેઠળની પેનલ દ્વારા અમનનગર ચાર રસ્તા ખાતે આ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો અને સમર્થકો ઉમટી પડ્યા હતા. વોર્ડ નંબર ૩ ની પેનલના ઉમેદવારો આઈસુબેન સમા, કિશોરદાન ગઢવી, ફકીરમામદ કુંભાર અને ફાતમાબેન સમાએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા વિસ્તારના વિકાસ અને પ્રશ્નોના નિરાકરણ માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. હિનાપાર્ક બહાર સુરલભિટ રોડ પર સ્થિત આ કાર્યાલય હવે આગામી દિવસોમાં કોંગ્રેસની પ્રચાર પ્રસારની કામગીરીનું મુખ્ય કેન્દ્ર બની રહેશે.

આ અવસરે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી.કે.હુબલે જણાવ્યું હતું કે, છેલ્લા અઢી દાયકા દરમિયાન ભારતીય જનતા પાર્ટીના કુશાસનથી પ્રજા ટ્રસ્ટ ત્રસ્ત થઈ છે. ભાજપના શાસનમાં અમુક મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓ અને ભાજપના નેતાઓનો જ વિકાસ થયો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં જનતાઓના કામ થતા નથી. કચ્છના ખેડૂતો, પશુપાલકો, મહિલાઓ અને યુવાનોની હાલત દયનીય બની ગઈ છે. લોકો હવે પરિવર્તન ઝંખી રહ્યા છે ત્યારે આ વખતે કચ્છની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જિલ્લા પંચાયતથી માંડી તમામ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતો ઉપરાંત ગાંધીધામ મહાનગરપાલિકામાં કોંગ્રેસને સ્પષ્ટ બહુમતી મળશે તેવું હાલે કચ્છમાં મતદારોના મિજાજ ને જોતા જણાઈ રહ્યું છે.

બીજીતરફ ભુજ શહેરના વોર્ડ નંબર ૨ વિસ્તારમાં આગામી નગરપાલિકાની ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન ગત શુક્રવારે સાંજે સુરલભીટ રોડ પર આવેલ મદીના કોમ્પ્લેક્ષ પાસે ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયું હતું. આ પ્રસંગે કોંગ્રેસ પક્ષના ઉમેદવારો અંજલિ અશ્વિનભાઈ ગોર, કાસમ ભયુ કેવર, નરેન્દ્રભાઈ મનજીભાઈ ભીલ અને રોશનબેન હારુન ત્રાચાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યાલયને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી.કે. હુંબલ, પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ઠક્કર તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી આદમભાઈ ચાકીએ હાજર રહીને ઉમેદવારોને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.? કાર્યક્રમના અંતે આગામી ૨૭ એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં જંગી બહુમતીથી વિજયી બનાવવા માટે હાકલ કરવામાં આવી હતી. આ ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક રહીશોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને પેનલના તમામ સભ્યોએ સૌનો આભાર માન્યો હતો.

આર્ય સંસ્કૃતિને વરેલા દુજાપર ગામે

નૂતન હનુમાન મંદિરે શીખર પ્રતિષ્ઠા એવમ્ મુર્તિભાવ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ

શાસ્ત્રી ધીરૂ મારાજના આચાર્ય પદે અને ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નિયાણી બહેનોના હસ્તે દિપ પ્રાગટય દ્વારા કરાયો મહોત્સવનો પ્રારંભ : રાત્રે ધર્મસભાનું આયોજન

ગઢશીશા - કચ્છઉદય : માંડવી તાલુકાના ગઢશીશાને જોડતા આર્ય સંસ્કૃતિને વરેલા દુજાપર ગામે બે વર્ષ પૂર્વે શિવ મંદિરનું નિર્માણ કરાયું છે, જે સમીપે સંપૂર્ણ ગ્રામજનોના સહયોગથી હનુમાનજી મંદિરનું નિર્માણ કરાતા નૂતન મંદિરે સમસ્ત ગ્રામજનો દ્વારા મંદિરે શીખર પ્રતિષ્ઠા તેમજ મૂર્તિભાવ પ્રતિષ્ઠાનું આયોજન કરાયું છે. સવારે શુભ મુહૂર્તે શાસ્ત્રી ધીરૂ મારાજના આચાર્ય પદે અને ભૂદેવોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજનવિધિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરાયો હતો. બપોરના ૩:૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા તેમજ રાત્રે ૯ કલાકે રવિભાણ આશ્રમના પ.પૂ. ૧૦૦૮ પૂજ્ય શાન્તીદાસજી મહારાજ તથા જયશ્રીદીદી નાગલપર આશ્રમવાળાની ધર્મસભાનું આયોજન કરાયું છે. સમસ્ત વિષ્ણુ સમાજ જહેમત ઉઠાવી રહ્યો છે.

દેવપુરનગરે જૈન દેરાસર ધ્વજા મહોત્સવ દ્વિતીય દિવસે

ગૌતમસ્વામી લબ્ધિપૂજન ભણાવાયું : રાત્રે મહાકાલી માની ભક્તિ તથા રાસ ગરબા યોજાશે

ટ્રસ્ટીઓ અને સ્વયં સેવકોની સેવા સરાહનીય : આવતીકાલે ધ્વજારોહણ

ગઢશીશા - કચ્છ ઉદય : દેવપુરનગરે ગોડીજી પાશ્વનાથ દાદાની છત્રછાયામાં ૧૪૪ મી ધ્વજા નિમિત્તે દેવપુર જૈન મહાજન અને દેવપુર મુંબઈ જૈન મહાજનના સંયુક્ત ઉપક્રમે ત્રિ-દિવસીય ધ્વજા મહોત્સવ એવમ્ ત્રિહાન્હિકા મહોત્સવનું સુસાધ્વી જયપદ્મ ગુણાશ્રીજી મ.સા. આદિઠાણા તેમજ મુનિરાજ પ.પૂ. હિતવર્ધન સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં કરાયું છે. ગઈકાલે ચતુર્વિધ સંઘની હાજરીમાં ગુરૂભગવંતોના માંગલિક સાથે ગુણરત્નનગરીના દાતા પરિવારના હસ્તે ખુલ્લી મુકાઈ હતી. પ્રારંભે જૈન વિધિકાર ડો. હર્ષ દેઢિયાની સમગ્ર ટીમ દ્વારા સંગીતના સથવારે અઢાર અભિષેક પૂજન ભણાવાયું હતું. આજે સવારે નવ કલાકે ગૌતમ સ્વામી લબ્ધિપૂજન ભણાવાયું હતું. લાભાર્થી પરિવારો સાથે બહોળી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા.

આજે બે સમાન ક્ષમતા ધરાવતી ટીમો વચ્ચે સાતત્ય જાળવવાનો જંગ

(એજન્સી દ્વારા)

હૈદરાબાદ : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની વર્તમાન ટી૨૦ ક્રિકેટ સિઝનમાં મંગળવારે એક મહત્વપૂર્ણ મુકાબલો યોજાવાનો છે. જેમાં સનરાઈઝર્સ હૈદરાબાદ પોતાના ઘરઆંગણે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. પોઈન્ટ ટેબલમાં મધ્યમ ક્રમે રહેલી આ બંને ટીમો માટે આ મેચ સાતત્ય જાળવી રાખવાની તથા પ્લેઓફની રેસમાં આગળ વધવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

અત્યાર સુધી રમાયેલી મેચો બાદ હાલમાં બંને ટીમ પાસે છ છ પોઈન્ટ છે. જોકે સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ ચોથા સ્થાને છે કેમ કે તેનો નેટ રન રેટ દિલ્હી કરતા ચડિયાતો છે. હૈદરાબાદે દિલ્હી કરતા એક મેચ વધુ રમી છે તેથી આ મેચ જીતીને તેઓ પોતાની સ્થિતિ મજબૂત કરવા ઈચ્છશે. બીજી તરફ દિલ્હીએ પણ આ વખતે શાનદાર પ્રદર્શન કર્યું છે અને તેની હરીફ જેટલી જ મેચો જીતી છે તેમ છતાં તેની રમતમાં સાતત્ય જોવા મળ્યું નથી.

આઇપીએલઃ સનરાઇઝર્સ હૈદરાબાદ ઘરઆંગણે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે, સાંજે ૭.૩૦થી પ્રારંભ

સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આ સિઝન સુધારાની રહી છે. નિયમિત કેપ્ટન પેટ કમિન્સ ટીમ સાથે જોડાયા હોવા છતાં આ મેચમાં ઉપલબ્ધ નથી. જેને કારણે શરૂઆતમાં બોલિંગ આક્રમણ નબળું જણાતું હતું. પરંતુ, પ્રફુલ હિંગે, સાકિબ હુસૈન અને શિવાંગ કુમાર જેવા બહુ ઓછા જાણીતા એવા યુવાન બોલર્સે છેલ્લી બે મેચમાં શાનદાર પ્રદર્શન કરીને ટીમને જીત અપાવી છે. ખાસ કરીને રાજસ્થાન રોયલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ઈશાન મલિંગાની આગેવાનીમાં ડેથ ઓવરોમાં જે પ્રકારે શિસ્તબદ્ધ બોલિંગ જોવા મળી તે હૈદરાબાદનું જમા પાસું બની રહ્યું છે. હૈદરાબાદની બેટિંગ હજી પણ ચિંતાનો વિષય છે. ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માની સાથે કાર્યકારી કેપ્ટન ઈશાન કિશન હજી સુધી એક સાથે મોટી ભાગીદારી કરી શક્યા નથી. જોખમી બેટિંગ શૈલીને કારણે ટીમ વારંવાર વહેલી વિકેટો ગુમાવે છે જેને કારણે સાઉથ આફ્રિકાના સ્ટાર બેટ્સમેન હેનરિક ક્લાસેન પર વધુ દબાણ આવી જતું જોવા મળ્યું છે. ક્લાસેને ઘણીવાર ઈનિંગ્સને સંભાળવાની જવાબદારી લેવી પડી છે અને તેથી તે પોતાની કુદરતી આક્રમક રમત મુક્તપણે રમી શકતો નથી.

બીજી તરફ દિલ્હી કેપિટલ્સની ટીમ સાતત્યના અભાવે સંઘર્ષ કરી રહી છે. કેએલ રાહુલ, પાથુમ નિસાંકા અને ત્રિસ્તાન સ્ટબ્સ રન તો ફટકારી રહ્યા છે, પરંતુ ટીમની જીત સુનિશ્ચિત કરવા માટે તેમણે વધુ મોટી ઈનિંગ્સ રમવી પડશે. યુવાન બેટર સમીર રિઝવી શરૂઆતની મેચોમાં ચમક્યા બાદ છેલ્લી ત્રણ મેચમાં સિંગલ ડિજિટમાં આઉટ થતા દિલ્હીની ચિંતા વધી છે. દિલ્હીની બોલિંગ લુંગી એંગિડી પર નિર્ભર છે. જેણે પાંચ મેચમાં સાત વિકેટ ઝડપી છે. કેપ્ટન અક્ષર પટેલે મધ્યમ ઓવરોમાં રન રોકવામાં સફળતા મેળવી છે. જોકે, સ્ટાર સ્પિનર કુલદીપ યાદવ હજી સુધી લય પકડી શક્યો નથી, જ્યારે મુકેશ કુમાર અને ટી. નટરાજનનું પ્રદર્શન ટુકડે-ટુકડે જોવા મળ્યું છે.

આખરે મુંબઈ ઈન્ડિયન્સનો વિજય!

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : આઈપીએલ ૨૦૨૬ની ૩૦મી મેચમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઈટન્સને ૯૯ રનના મોટા અંતરથી હરાવ્યું છે. પહેલા બેટિંગ કરતા મુંબઈની ટીમે ગુજરાતને ૨૦૦ રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જેના જવાબમાં ગિલની આગેવાની હેઠળની ટીમ માત્ર ૧૦૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

બીજી તરફ, સતત ૬ મેચોમાં ખાલી હાથે રહેલા જસપ્રીત બુમરાહે પણ પોતાની પ્રથમ વિકેટ ઝડપીને ટીમને બોલિંગમાં શાનદાર શરૂઆત અપાવી હતી. ત્યારબાદ, સીઝનની પોતાની પ્રથમ મેચ રમી રહેલા ઝડપી બોલર અશ્વિની કુમારે ૪ વિકેટ ઝડપીને મુંબઈની જીત પર મહોર લગાવી દીધી હતી.

સતત ચાર હાર બાદ આ જીતની સાથે જ મુંબઈની ટીમ હવે પોઈન્ટ ટેબલમાં ૧૦મા સ્થાનેથી સીધી ૭મા સ્થાને પહોંચી ગઈ છે. મુંબઈના હવે ૬ મેચમાં ૪ પોઈન્ટ છે. પરંતુ તેનો નેટ રન રેટ ઋજીદ્ધ અને લખનઉ કરતા સારો છે, જેના કારણે તે ૭મા નંબરે આવી ગઈ છે. બીજી તરફ, ગુજરાત ૬ મેચમાં ૬ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે.

મુંબઈ ઈન્ડિયન્સે ગુજરાત ટાઈટન્સને ૯૯ રને હરાવ્યું. **IPL** ૨૦૨૬માં રનની દ્રષ્ટિએ સૌથી મોટી જીતના મામલે સૈંએ પંજાબ કિંગ્સને પાછળ છોડી દીધું છે. પંજાબ કિંગ્સે ગત રવિવારે લખનઉ સુપર જાયન્ટ્સને ૫૪ રનના અંતરથી હરાવ્યું હતું. પરંતુ હવે મુંબઈએ વર્તમાન સીઝનનીની સૌથી મોટી જીતનો રેકોર્ડ પોતાને નામે કરી લીધો છે.

ગુજરાત ટાઈટન્સને ૯૯ રને હરાવી આઈપીએલ ૨૦૨૬માં સૌથી મોટી જીત મેળવી : અશ્વિની કુમારે ૪ વિકેટ ઝડપી

તિલકે સેમસનનો રેકોર્ડ તોડ્યો, જયસૂર્યાના રેકોર્ડની પણ બરાબરી કરી

મુંબઈ ઈન્ડિયન્સના યુવા સ્ટાર તિલક વર્માએ આઈપીએલ ૨૦૨૬માં ગુજરાત ટાઈટન્સ સામે સૌથી ઝડપી સદી ફટકારી અનેક રેકોર્ડ નોંધાવ્યા છે. પાંચમાં ક્રમાંકે આવેલા તિલકે માત્ર ૪૫ બોલમાં ૭ સિક્સ અને ૮ ફોર ફટકારી ૧૦૧ રનની વિસ્ફોટ બેટિંગ કરી છે. આ સદી સાથે તિલક વર્મા આઈપીએલ ઈતિહાસમાં મુંબઈ ઈન્ડિયન્સ માટે સૌથી ઝડપી સદી ફટકારનાર ભારતીય ખેલાડી બની ગયો છે. અગાઉ મુંબઈ માટે સનથ જયસૂર્યાએ ૨૦૦૮માં ચેન્નાઈ સામે ૪૫ બોલમાં સદી ફટકારી હતી, હવે તિલકે તે રેકોર્ડની બરાબરી કરી લીધી છે. આ ઉપરાંત, તેણે સંજુ સેમસનનો ૫૨ બોલમાં સદીનો રેકોર્ડ તોડ્યો છે. તિલકે આઈપીએલ કારકિર્દીની આ પ્રથમ સદી ફટકારી છે.

હાર્દિક પંડ્યાએ લીધો મોટો નિર્ણય, બે સ્ટાર ખેલાડીઓને કર્યા બહાર

આઈપીએલ ૨૦૨૬ની જીત સાથે શરૂઆત કરનાર મુંબઈ ઈન્ડિયન્સની પહેલી પાંચ મેચમાં જ હાલત ખરાબ થઈ ગઈ હતી. ગુજરાત સામેની મેચમાં કેપ્ટન હાર્દિક પંડ્યાએ હારના સિલસિલાએ અટકાવવા ટીમમાં મોટા ફેરફાર કર્યા હતા અને બે સ્ટાર ખેલાડીઓને બહાર કરી દીધા હતા. મુંબઈ ઈન્ડિયન્સે બે અનુભવી ખેલાડીઓ દીપક ચહર અને શાર્દુલ ઠાકુરને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર કર્યા હતા અને તેમની જગ્યાએ બે યુવા ખેલાડીઓને સામેલ કર્યા હતા.

કાગીસો રબાડા ૭ વિકેટ લઈ બન્યો નંબર ૧ બોલર, પાવરપ્લેમાં કર્યો મોટો કમાલ

ગુજરાત ટાઈટન્સના ફાસ્ટ બોલર કાગીસો રબાડાએ મુંબઈ ઈન્ડિયન્સ સામે શાનદાર બોલિંગ કરી. તેણે ૩૩ રન આપીને ૩ વિકેટ લીધી. આ જોરદાર પ્રદર્શનને કારણે રબાડા એક ખાસ યાદીમાં નંબર ૧ પર પણ પહોંચી ગયો છે. કાગીસો રબાડાએ આઈપીએલ ૨૦૨૬ માં પાવરપ્લેમાં સાત વિકેટ લીધી છે. તે પાવરપ્લેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો છે. તેણે જોફ્રા આર્ચરને પાછળ છોડી દીધો છે, જેણે છ વિકેટ લીધી હતી. પ્રિન્સ યાદવે પાવરપ્લેમાં પાંચ વિકેટ લીધી છે.

૫ મહિનામાં ત્રીજી વખત પ્રેમાનંદ મહારાજના આશ્રમે પહોંચ્યા વિરાટ-અનુષ્કા, આશીર્વાદ લીધા

(એજન્સી દ્વારા)

બેંગ્લુરૂ : આઈપીએલ ૨૦૨૬ના રોમાંચ વચ્ચે સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી પોતાની પત્ની અનુષ્કા શર્મા સાથે વૃંદાવન ખાતે પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા પહોંચ્યો હતો. અક્ષય તૃતીયાના ખાસ અવસરે આ કપલે આશ્રમની મુલાકાત લીધી હતી, જેના વીડિયો અને ફોટો સોશિયલ મીડિયા પર અત્યારે વાઈરલ થઈ રહ્યા છે. વિરાટ અને અનુષ્કા અગાઉ પણ અનેકવાર અહીં આવી ચૂક્યા છે અને પ્રેમાનંદ મહારાજ સાથે જીવનના મૂળ મંત્રો તથા સંબંધોના મહત્ત્વ વિશે ચર્ચા કરતા જોવા મળ્યા છે. વૃંદાવન પહોંચતા પહેલા આ કપલ બેંગલુરુમાં સ્પૉટ થયું હતું.

વૈભવ સૂર્યવંશી મેદાન પર રડી પડ્યો

જયપુર : ઈડન ગાર્ડન્સમાં સોમવારે સાંજે ભલે કોલકાતા નાઈટ રાઈડર્સની જીત થઈ હતી, પરંતુ મેદાનના એક દ્રશ્યે સૌના દિલ જીતી લીધા હતા. કેકેઆરના જશ્ન વચ્ચે રાજસ્થાન રોયલ્સનો ૧૫ વર્ષનો યુવા ઓપનર વૈભવ સૂર્યવંશી બાઉન્ડ્રી પાસે એકલો બેસીને રડતો જોવા મળ્યો હતો. મેચ પૂરી થયા બાદ જ્યારે તમામ ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ તરફ જઈ રહ્યા હતા, ત્યારે આ ખેલાડી હારના બોજ હેઠળ ભાવુક થઈ ગયો હતો. જોકે, આ મુશ્કેલ ક્ષણે ખેલદિલી જોવા મળી હતી, જ્યારે કેકેઆરના સપોર્ટ સ્ટાફના એક સભ્યએ તેની પાસે બેસીને તેને સાંત્વના આપી હતી.

આઈપીએલ સ્ટેડિયમ ટિકીટ પર ૪૦% જીએસટીનો વિરોધ, આ રમત સ્પર્ધા ફક્ત મનોરંજન નથી : ફ્રેન્ચાઈઝી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ દેશમાં આઈપીએલનો રોમાંચ હવે વધવા લાગ્યો છે અને આગામી માસમાં તે ચરમસીમાએ હશે. દેશ વિદેશના કેપ્ડ અને અનકેપ્ડ ખેલાડીઓ ક્રિકેટના નવા રેકોર્ડ પણ બનાવી રહ્યા છે તથા ડ્રોઈંગરૂમથી સ્ટેડીયમ સુધી તેની ચર્ચા થાય છે. તે સમયે આઈપીએલના ફ્રેન્ચાઈઝીઓએ નાણા મંત્રાલયને પત્ર લખી આઈપીએલમાં સ્ટેડીયમ ટિકીટ પર અત્યાર સુધીના ૧૮%ને બદલે હવે ૪૦% જીએસટી લાદવાના નિર્ણય સામે પ્રશ્ન ઉઠાવીને તેના પર પુનઃ વિચારણા કરવા માંગ કરી છે. દેશમાં ગત વર્ષે જીએસટીના માળખામાં મોટા ફેરફાર કરાયા અને જે રીતે ૨૮%નો સ્લેબ નાબુદ કરાયો પછી ૪૦%નો ઉંચો સ્લેબ જેમાં શરાબ, સિગારેટ, તંબાકુ, પાનમસાલાની સાથે આઈપીએલ

સ્ટેડીયમ ટિકીટને પણ ૪૦ ટકાના ઉંચા સ્લેબમાં લાવી દીધી છે. જયારે ક્રિકેટ બોર્ડે જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ ભારત આ યોજે છે તેની સ્ટેડીયમ ટિકીટના દર પર ૧૮% જ જીએસટી વસુલાય છે અને તેની સામે હવે આઈપીએલ ફ્રેન્ચાઈઝીની દલીલ છે કે આઈપીએલને ફકત મનોરંજન તરીકે જ જોવું જોઈએ નહી. આ એક કૌટુંબિક મનોરંજન છે જે સ્ટેડીયમથી ઘરોમાં સૌ સાથે બેસી જોઈ શકે છે. એટલું જ નહી આઈપીએલથી સ્પોર્ટ ટુરીઝમ, હોટલ, વિમાની, મનોરંજન, ખીણીપીણી વિ. ઉદ્યોગને પણ લાભ મળે છે તેને પાનમસાલા કે શરાબ જેવા 'સીન-ગુડસ' સાથે સરખાવી શકાય નહી. તેને કસીનો કે જુગાર સાથે પણ સરખામણી કરી શકાય નહી.

રાજસ્થાન રોયલ્સ ટીમના ખેલાડી પર એક વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો

જયપુર : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે શ્રીલંકાના ઓલરાઉન્ડર દાસુન શનાકા, જે હાલમાં રાજસ્થાન રોયલ્સ ટીમનો ભાગ છે, તેના પર પાકિસ્તાન સુપર લીગ છોડ્યા બાદ એક વર્ષ માટે પ્રતિબંધ મૂક્યો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે દાસુન શનાકાએ લાહોલ કલંદર્સ સાથેના કરાર પર હસ્તાક્ષર કર્યા પછી તેનો ભંગ કર્યો છે. હવે તેના પર એક વર્ષનો પ્રતિબંધ લાગ્યો છે. ઈંગ્લેન્ડનો ઓલરાઉન્ડર સેમ કરન ઈજાગ્રસ્ત થયો હતો અને તેના સ્થાને રાજસ્થાન રોયલ્સે દાસુન શનાકાને ટીમમાં સામેલ કર્યો હતો.

આઈપીએલ ૨૦૨૬માં ડિમ્પલ ક્વીન પ્રીતિ ઝિન્ટાએ અર્શદીપને આપી જાદુની જપ્પી, ખેલાડી હરખે સમાણો

(એજન્સી દ્વારા) ચંડીગઢ : પંજાબ કિંગ્સની સહ-માલિક અને બોલિવૂડ અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં પ્રીતિ ઝિન્ટા ટીમના એક ખેલાડીને ગળે લગાવતી જોવા મળે છે, જેના પછી તે ખેલાડી ખુશીમાં ઝૂમી ઊઠે છે. આ ક્ષણને ઘણા લોકો "બાળપણનું સ્વપ્ન સાકાર થવું" તરીકે વર્ણવી રહ્યા છે. આ જીત બાદ પ્રીતિ ઝિન્ટા મેદાનમાં ઉતરી અને ખેલાડીઓ સાથે મુલાકાત કરી. આ દરમિયાન જ્યારે તેમની નજર ટીમના ઝડપી બોલર અર્શદીપ સિંહ પર પડી, ત્યારે તેમણે તેને ગળે લગાવ્યો. આ પળ અર્શદીપ માટે ખાસ બની ગઈ, કારણ કે ગળે લાગ્યા બાદ તે તરત જ ઉજવણી કરવા લાગ્યો. તેની પ્રતિક્રિયા પરથી સ્પષ્ટ દેખાતું હતું કે આ ક્ષણ તેના માટે ખૂબ જ યાદગાર અને ભાવનાત્મક હતી. પંજાબ કિંગ્સ માટે આ સીઝન અત્યાર સુધી ખૂબ જ શાનદાર રહી છે. ટીમે પોતાની ૬માંથી ૫ મેચ જીતી છે, જ્યારે એક મેચ વરસાદને કારણે રદ થઈ હતી. હાલ પંજાબ પોઈન્ટ ટેબલમાં



ટોચ પર છે અને પ્લેઓફ માટે તેમની દાવેદારી મજબૂત માનવામાં આવી રહી છે.

રિતેશે છત્રપતિ શિવાજી મહારાજને જીવંત બનાવ્યા

(એજન્સી દ્વારા) મુંબઈ : રિતેશ દેશમુખની રાજા શિવાજીનું ટ્રેલર લોંચ થઈ ચૂક્યું છે. રિતેશ દેશમુખે આ ઐતિહાસિક ફિલ્મનું નિર્માણ અને દિગ્દર્શન પણ કર્યું છે. આ ફિલ્મ છત્રપતિ શિવાજી મહારાજના વૈભવી જીવન પર આધારિત છે અને મરાઠા રાજાના શૌર્યને દર્શાવવા માટે ભવ્ય સ્તરે બનાવવામાં આવી છે, જ્યાં તેમણે મુગલો સામે લડત આપી હતી.

રાજા શિવાજીનું ટ્રેલર છત્રપતિ શિવાજી મહારાજના ઉદયની ભવ્ય અને સિનેમેટિક ઝલક આપે છે, જેમાં એક દૃઢ નિશ્ચય ધરાવતા યુવા યોદ્ધાથી લઈને દંતકથા સમાન રાજા બનવા સુધીની તેમની સફર દર્શાવવામાં આવી છે. તેમાં હાઈ-ઓક્ટેન યુદ્ધ દૃશ્યો, ધારદાર રાજકીય ષડયંત્રો અને અસરકારક સંવાદો દર્શાવવામાં આવ્યા છે, જે તેમના શોષણ સામેના પ્રતિકાર



અને સ્વરાજ સ્થાપવાના દ્રષ્ટિકોણને ઉજાગર કરે છે. ટ્રેલરમાં વિવિધ મહત્વપૂર્ણ પાત્રોની પણ ઝલક જોવા મળે છે, વિશ્વાસુ સાથીઓથી લઈને શક્તિશાળી વિરોધીઓ સુધી, જે આંતરિક સંઘર્ષ અને બહારથી આવતા જોખમો અને ચેતાવણીઓની ઝલક આપે છે. રિતેશ દેશમુખ એક દૃઢ અને નિર્ભય નેતા તરીકે જોવા મળે છે. રાજા શિવાજીમાં રિતેશ દેશમુખ સાથે સંજય દત્ત, અભિષેક બચ્ચન, વિદ્યા બાલન, મહેશ માંજરેકર, સચિન ખેડેકર, બોમન ઈરાની, ભાગ્યશ્રી, ફરદીન ખાન, જિતેન્દ્ર જોશી, અમોલ ગુપ્તે અને જેનેલિયા દેશમુખ જેવા શક્તિશાળી કલાકારો છે.

તબુએ મુંબઈમાં ૧૦ કરોડનો આલીશાન ફ્લેટ ખરીદ્યો

મુંબઈ : એક્ટ્રેસ તબુએ મુંબઈના વર્સોવા વિસ્તારમાં ૧૦ કરોડ રુપિયાનો એક ફ્લેટ ખરીદ્યો છે. તબુએ આ ફ્લેટ માટે ૫.૨૪ લાખ રુપિયા સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવી છે. જ્યારે ૩૦ હજાર રુપિયા રજિસ્ટ્રેશન ફીના આપ્યા છે. આ ફ્લેટ ૨૧૫૩ ચોરસ ફૂટનો હશે. તબુને ફ્લેટ સાથે ૧૨૭ ચોરસ ફૂટની વિશાળ બાલ્કની મળશે. તેની સાથે તેને બે કાર પાર્કિંગ પણ મળવાના છે. મુંબઈમાં મોટાભાગના કલાકારો જૂહુ કે બાંદરા જેવા વિસ્તારમાં રહે છે. જોકે, અનેક કલાકારો અંધેરી વેસ્ટ તથા વરસોવામાં રેસિડેન્શિયલ તથા કોમર્શિયલ પ્રોપર્ટીમાં રોકાણ કરી રહ્યા છે.

કૃષ્ણ જન્મભૂમિમાં ભક્તિના માહોલ વચ્ચે લોન્ચ થયું 'કૃષ્ણાવતારમ'નું ટ્રેલર

(એજન્સી દ્વારા) મુંબઈ : ભગવાન કૃષ્ણની દૈવી ગાથાને મોટા પડદા પર જીવંત બનાવતી ફિલ્મ 'કૃષ્ણાવતારમ'નું ટ્રેલર આધ્યાત્મિક વાતાવરણમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. કૃષ્ણનાં જન્મસ્થળ મથુરાની ભૂમિમાં હજારો ભક્તોની હાજરીમાં આ ઇવેન્ટ યોજવામાં આવી હતી. આ ફિલ્મમાં સત્યભામાનું પાત્ર ભજવી રહેલા સંસ્કૃતિ જયના અને કૃષ્ણનું પાત્ર ભજવી રહેલા સિદ્ધાર્થ ગુપ્તા પણ મથુરાના કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં. જેમાં ભક્તિ અને શ્રદ્ધાનો અદભુત સંગમ જોવા મળ્યો હતો. ફિલ્મ માત્ર એક સિનેમેટિક પ્રસ્તુતિ નહીં, પરંતુ ભક્તિ અને દૈવી પ્રેમની એક શક્તિશાળી અભિવ્યક્તિ તરીકે રજૂ કરવામાં આવી રહી છે. ટ્રેલરમાં ભગવાન કૃષ્ણના જીવનની ઝલકને ભવ્યતા

અને સૌંદર્ય સાથે દર્શાવવામાં આવી છે, જે દર્શકોને એક આધ્યાત્મિક યાત્રા પર લઈ જવાનું વચન આપે છે. ફિલ્મની વાર્તા જાણીતા લેખકો પ્રકાશ કાપડિયા અને રામ મોરીએ લખી છે, જ્યારે સિનેમેટોગ્રાફીની જવાબદારી અયાનંકા બોઝે કરી છે. સંગીત પ્રસાદ એસ દ્વારા આપવામાં આવ્યું છે. કોસ્ટ્યુમ ડિઝાઇન નિધી યશાએ તૈયાર કરી છે અને ગીતોના શબ્દો ઇર્શાદ કામિલે લખ્યા છે, જે ફિલ્મનાં ભાવનાત્મક ઊંડાણને વધુ મજબૂત બનાવે છે. દિગ્દર્શક હાર્દિક ગક્કરના નિર્દેશનમાં બનેલી 'કૃષ્ણાવતારમ'ને ક્રિએટિવલેન્ડ સ્ટુડિયોઝ એન્ટરટેઇનમેન્ટના સાજન રાજ કુરુપ અને શોભા સંત દ્વારા પ્રસ્તુત અને પ્રોડ્યુસ કરવામાં આવી છે. સાથે જ અથશ્રીકથા મોશન પિક્ચર્સના પૂનમ શ્રોફ અને પર્થ ગક્કર પણ આ પ્રોજેક્ટ સાથે જોડાયેલા છે. ફિલ્મનું વૈશ્વિક વિતરણ એએ ફિલ્મ્સ દ્વારા કરવામાં આવશે, જ્યારે તેનું સંગીત સારેગામા દ્વારા રિલીઝ કરવામાં આવશે.

કલ્યાણી પ્રિયદર્શને મને મળ્યા વગર જ 'ભૂત બંગલા' માટે મારું નામ સૂચવ્યું : મિથિલા

(એજન્સી દ્વારા)



મુંબઈ : મિથિલા પાલકરની કેરિયરને મોટો બૂસ્ટ મળ્યો છે કારણ કે તેને પ્રિયદર્શનની ભવ્ય ફિલ્મ 'ભૂત બંગલા'માં અક્ષય કુમાર, તબુ, વામિકા ગબ્બી સહિતના કલાકારો સાથે કામ કરવાની તક મળી છે. ફિલ્મ ૧૭ એપ્રિલે રિલીઝ થઈ છે. રિલીઝના એક અઠવાડિયા પહેલાં મિથિલાએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા ખુલાસો કર્યો કે પ્રિયદર્શનની દીકરી કલ્યાણી પ્રિયદર્શને જ તેના નામ માટે ભલામણ કરી હતી. જ્યારે મિથિલાને પૂછવામાં આવ્યું કે તે કલ્યાણીને ક્યારે અને કેવી રીતે મળી, ત્યારે તેણે આશ્ચર્યજનક રીતે કહ્યું, "અમે ક્યારેય મળ્યા જ નથી! આ જ સૌથી સુંદર વાત છે. અમે ઘણી વાર મળવાનો પ્રયાસ કર્યો, હું જ્યારે ચેન્નઈમાં હોઉં ત્યારે તેને કહું છું અને જ્યારે તે મુંબઈ આવે ત્યારે મને જાણ કરે છે. છતાં પણ મળવાનું શક્ય થઈ શક્યું નથી. અમે એકબીજાનું કામ જોયું છે અને તેને વખાણીએ છીએ, એ રીતે અમારી દોસ્તી થઈ છે."

દારૂના રવાડે ચડી ગઈ હતી, નશામાં ખોટા નિર્ણય લીધા... 'ધુરંધર'ની સિંગરનું દર્દ છલકાયું

(એજન્સી દ્વારા)



મુંબઈ : પંજાબી અને બોલિવૂડ ફિલ્મોમાં ઘણાં ગીતો ગાનારી પ્લે બેક સિંગર જાસ્મિન સેન્ડલસ હાલમાં બ્લોકબસ્ટર ફિલ્મ 'ધુરંધરઃ ધ રિવેન્જ'માં પોતાના ગીતોની સફળતાનો આનંદ માણી રહી છે. તેણે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ પણ આપ્યો છે, જેમાં તેણે પર્સનલ લાઈફ અંગે ખુલીને વાત કરી છે. જાસ્મિને જણાવ્યું કે, 'એક સમય એવો હતો જ્યારે હું દારૂના રવાડે ચડી ગઈ હતી. બાળપણમાં મને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. તે સમયે હું સિંગર તરીકે તો પોપ્યુલર થઈ રહી હતી, પરંતુ કેટલીક સમસ્યાઓ એવી હતી જે ખતમ નહોતી થઈ રહી.' રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટમાં વાત કરતા જાસ્મિને જણાવ્યું કે, 'મેં ઘણો સંઘર્ષ કર્યો. મને લાગે છે કે મોટા થતાં, મેં મારા જીવનમાં કેટલોક એવો સમય જોયો, જ્યાં મારે મારી જાતે જ બધી વસ્તુઓ સમજવી પડી. તે સરળ નહોતું. જીવનમાં ઉતાર-ચઢાવ આવે છે. તે માતા-પિતા માટે પણ મુશ્કેલ હોય છે.

હેરા ફેરી 3 હમણાં નહીં આવે 'જ્યારે સમય આવશે ત્યારે'

(એજન્સી દ્વારા)

મુંબઈ : અક્ષય કુમાર, પરેશ રાવલ અને સુનિલ શેટ્ટીની હેરાફેરીની જ્યારથી જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મ અંગે ઉત્સુકતા ચાલી રહી છે, લોકોને હૈવાન અને ભૂત બંગલા પછી આ ફિલ્મ રિલીઝ થશે એવી અપેક્ષા હતી. ત્યારે હવે આખરે અક્ષય કુમારે મૌન તોડ્યું છે, તેણે કહ્યું કે હજુ આ ફિલ્મ નજીકના ભવિષ્યમાં શરૂ થવાની નથી. આ ફિલ્મમાં સુનિલ શેટ્ટી, અક્ષય કુમાર અને પરેશ રાવલ ફરી એક વખત સાથે આવાવના છે, પરંતુ શરૂઆતથી જ આ ફિલ્મ વિવાદોમાં ઘેરાતી રહી છે. હી છે.ફેન્સ ઘણા સમયથી 'હેરી ફેરી ૩'ની રાહ જોઈ રહ્યા છે, પરંતુ ફિલ્મને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ખાસ કરીને પરેશ રાવલના અચાનક પ્રોજેક્ટમાંથી બહાર નીકળી જવાથી ફેન્સ અને અક્ષય બંનેને આઘાત લાગ્યો હતો. ત્યારબાદ ફિલ્મ કોપિરાઇટ મુદ્દે કાનૂની વિવાદમાં પણ ફસાઈ ગઈ, જેમાં સાઉથના એક પ્રોડ્યુસર અને ફિરોઝ નડિયાદવાલા વચ્ચે ટક્કર થઈ હતી.

"મને કોઈ રોલ ઓફર કરતું નથી" : અર્ચના પુરણસિંહ

(એજન્સી દ્વારા)

મુંબઈ : ચાર દાયકાથી વધુ સમયથી ઈન્ડિયન સિનેમામાં કાર્યરત અર્ચના પુરણસિંહે તાજેતરમાં ખુલાસો કર્યો છે કે ટેલિવિઝન પર તેની લોકપ્રિયતા જ તેની ફિલ્મ કારકિર્દી માટે અડચણ બની ગઈ છે. પહેલાં વિવિધ કોમેડી શોમાં જજ તરીકે અને પછી ૨૦૧૯માં તેણે 'ધ કપિલ શર્મા શો'માં નવજોત સિંહ સિદ્ધુને બદલે એન્ટ્રી લીધી અને થોડા સમયમાં જ દર્શકોમાં લોકપ્રિય બની ગઈ. પરંતુ શોના વ્યસ્ત શીડ્યુલને કારણે તે ફિલ્મો માટે સમય આપી શકી નહીં. તેણે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે વર્ષો દરમિયાન તેને ઘણી ફિલ્મની ઓફર્સ મળી, જેમાં એક ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ પણ હતો, જેમાં લગભગ એક મહિના માટે બહાર રહેવું પડે એમ હતું. પરંતુ ટીવી કમિટમેન્ટ્સને કારણે તેણે આ ઓફર્સ ઠુકરાવવી પડી હતી. આ રીતે સતત ના પાડવાના કારણે ધીમે ધીમે ફિલ્મ ઓફર્સ આવવી પણ ઘટી ગઈ. અર્ચનાએ જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં તેની ઈમેજને કારણે પણ મુશ્કેલી પડી રહી છે.

ભાજપના અજેય ગઢ માધાપરમાં ફરી કેસરિયો લહેરાશે : રમેશભાઈ ચાડ

કચ્છની હાઈપ્રોફાઈલ ગણાતી માધાપર જિલ્લા પંચાયત બેઠક પર ભાજપે યુવા અને બૂથ લેવલમાં કાર્યકર પર ખેલ્યો દાવ : એશિયાના સૌથી ધનિક ગામ માધાપરમાં ભાજપના ગઢને સાચવી રાખવા બુથ લેવલના કાર્યકર રમેશભાઈ ચાડને મેદાનમાં ઉતારાયા : વિકાસની ખૂટતી કડીઓ પૂર્ણ કરવાની નેમ સાથે લોકસંપર્ક તેજ : જિલ્લામાં રતનાલ અને માધાપર જિ.પં. માટે હંમેશા હોટ ફેરવિટ રહી છે

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના રાજકારણમાં જે બેઠકનું નામ હંમેશા મોખરે રહ્યું છે અને જે બેઠકે ભૂતકાળમાં કચ્છ જિલ્લા પંચાયતને બે-બે મહિલા પ્રમુખોની ભેટ આપી છે, તેવી ભુજ તાલુકાની માધાપર જિલ્લા પંચાયત બેઠક પર આ વખતે ભારતીય જનતા પાર્ટીએ એક નવો અને ચોંકાવનારો પ્રયોગ કર્યો છે. સામાન્ય રીતે હાઈપ્રોફાઈલ ગણાતી આ બેઠક પર મોટા ગજાના નેતાઓની દાવેદારી રહેતી હોય છે, પરંતુ ભાજપ હાઈકમાન્ડે આ વખતે પાયાના કાર્યકરની કદર કરતા રમેશભાઈ ચાડ જેવા યુવા અને ઉત્સાહી ઉમેદવારને ચૂંટણી જંગમાં ઉતાર્યા છે. માધાપર જૂનાવાસ ગ્રામ પંચાયતમાં સળંગ ૨૦ વર્ષ સુધી પાયાની કામગીરી કરવાનો બહોળો અનુભવ ધરાવતા રમેશભાઈ ચાડ મૂળભૂત રીતે બુથ લેવલના નિષ્ઠાવાન કાર્યકર્તા છે. તેમની આ પસંદગી ભાજપમાં 'કેડર બેઝ્ડ' પાર્ટી હોવાના સિદ્ધાંતને વધુ મજબૂત કરે છે.

ચૂંટણી પ્રચારના ધમધમાટ વચ્ચે રમેશભાઈ ચાડે 'કચ્છ ઉદય' સાથેની ખાસ મુલાકાતમાં પોતાની રણનીતિ અને આશાવાદ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માધાપર માત્ર એશિયાનું સૌથી ધનિક ગામ નથી, પરંતુ તે ભારતીય જનતા પાર્ટીનો અજેય ગઢ પણ છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અહીંની જનતાએ હંમેશા ભાજપના શાસન અને વિચારધારા પર કળશ ઢોળ્યો છે. તેમણે વિશ્વાસ પૂર્વક ઉમેર્યું હતું કે, માત્ર માધાપર જિલ્લા પંચાયતની બેઠક જ નહીં, પરંતુ તેની અંતર્ગત આવતી ચારેય તાલુકા પંચાયતની બેઠકો પર પણ ભાજપના ઉમેદવારો ભવ્ય મતોની સરસાઈ સાથે વિજયી બનશે. એક સામાન્ય બુથ કાર્યકરથી લઈને જિલ્લા પંચાયતના ઉમેદવાર સુધીની તેમની સફર અંગે લાગણીશીલ બનતા રમેશભાઈએ પાર્ટીના શીર્ષ નેતૃત્વનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, જ્યારે પક્ષ એક નાના કાર્યકર પર આટલો મોટો ભરોસો મૂકે છે, ત્યારે જવાબદારી અનેકગણી વધી જાય છે.

આ પ્રચાર અભિયાનની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે, સામાન્ય રીતે મોટા નેતાઓ માટે નાના કાર્યકરો પ્રચાર કરતા હોય છે, પરંતુ માધાપરમાં ચિત્ર કંઈક અલગ જ જોવા મળી રહ્યું છે. અહીં એક બુથ સ્તરના કાર્યકર રમેશભાઈ ઉમેદવાર હોવાથી કચ્છના દિગ્ગજ નેતાઓ પોતે તેમની સાથે રહીને જનસંપર્ક કરી રહ્યા છે. આ ઘટનાક્રમ ભાજપની શિસ્તબદ્ધતા અને કાર્યકર્તાલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. ઉમેદવારી ફોર્મ ભરાયા બાદ માધાપર બેઠક હેઠળ આવતા વિવિધ ગામો અને જ્ઞાતિ-સમાજના અગ્રણીઓ તરફથી તેમને અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. રમેશભાઈના જણાવ્યા અનુસાર, ગ્રામીણ વિસ્તારોમાં પ્રચાર દરમિયાન જે રીતે લોકો સ્વયંભૂ જોડાઈ રહ્યા છે તે જોતા જનસમર્થનનો જુવાળ સ્પષ્ટપણે ભાજપ તરફી દેખાઈ રહ્યો છે.

પોતાના આગામી વિઝન અંગે વાત કરતા રમેશભાઈ ચાડે મક્કમતાથી જણાવ્યું હતું કે, માધાપર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી જે વિકાસ કાર્યો થયા છે તેને આગળ ધપાવવાની સાથે જે માળખાગત સુવિધાઓની ખૂટતી કડીઓ છે તેને પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવામાં આવશે. શિક્ષણ, આરોગ્ય અને પીવાના પાણી જેવી પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બને અને છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચે તે માટે તેઓ હંમેશા જાગૃત રહેશે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓના માર્ગદર્શન હેઠળ માધાપરને આધુનિક અને સુવિધાસભર બનાવવા માટેની નેમ સાથે તેઓ જનતાના આશીર્વાદ માંગી રહ્યા છે. આમ, માધાપરની આ બેઠક પર ભાજપના પાયાના કાર્યકર અને જનતા વચ્ચેનો સેતુ આગામી દિવસોમાં નવા રાજકીય સમીકરણો રચશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં વિરાટ વિજયને પ્રાપ્ત કરશે : અજયભાઈ બ્રહ્મભટ્ટ

ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રીએ કચ્છના બે દિવસના પ્રવાસ દરમ્યાન વિવિધ મંડળોની મુલાકાત લઈ કાર્યકર્તાઓના જુસ્સામાં કર્યો વધારો

ભુજ - કચ્છઉદય : સમગ્ર રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં પણ સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓનો માહોલ અને તૈયારીઓનો ગરમાવો વ્યાપી ચૂક્યો છે ત્યારે પ્રદેશ ભાજપ મહામંત્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ છેલ્લા બે દિવસથી કચ્છના પ્રવાસે પધાર્યા હતા. રાપર અને અંજાર સહિત વિવિધ મંડળોની મુલાકાત લઈને કાર્યકર્તાઓના જોશ અને ઉત્સાહમાં વધારે કર્યો હતો. કચ્છ પ્રવાસના પ્રારંભે રાપર મંડલની મુલાકાત લઈને સમસ્ત રાપર તાલુકાના ચુંટણી કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યું હતું અને વાગડની ધરતી પરથી કોંગ્રેસીઓને પડકાર ફેંક્યો હતો. ત્યાર બાદ સાંજે અંજાર ખાતે શહેરભરના પ્રબુદ્ધ નાગરિકો સાથે પ્રદેશ મહામંત્રીએ એક બેઠક યોજી હતી.

વિવિધ ઉદ્ઘાટન કાર્યક્રમો અને સભાઓને સંબોધતા શ્રી બ્રહ્મભટ્ટે કચ્છની વિકાસયાત્રા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દૃષ્ટિવંત નેતૃત્વ વિષે ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, ૨૦૦૧ના ભૂકંપ બાદ જે કચ્છને બેઠું કરવું અઘરું જણાતું હતું, તે કચ્છ આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને નેતૃત્વ તેમજ કચ્છના નાગરિકોના અતૂટ પરિશ્રમને કારણે ધમધમતું થયું છે. કચ્છની વિકાસયાત્રા અવિરત આગળ વધી રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી હંમેશા જે કહે છે તે કરે છે અને તે જ કારણે તેમના પ્રતિ જનતાનો વિશ્વાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. મોદીજી ક્યારેય નાનું વિચારતા નથી અને તેમની આ જ કાર્યશૈલીને લીધે આજે કચ્છના ઘરે-ઘરે નર્મદાના નીર પહોંચ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સરકારની કટિબદ્ધતા દર્શાવતા તેમણે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ વિશે માહિતી આપી હતી. વધુમાં તેમણે કહ્યું કે, કોવિડ જેવી વૈશ્વિક મહામારીમાં પણ ગુજરાતનો વિકાસ અટક્યો નથી અને ભવિષ્યમાં પણ ક્યારેય અટકશે નહીં. આયુષ્માન કાર્ડ જેવી વિશ્વની સૌથી શ્રેષ્ઠ આરોગ્ય યોજના થકી ગરીબ અને મધ્યમ વર્ગને મફત સારવાર મળી રહી છે. કચ્છના પ્રવાસન ક્ષેત્રની સફળતાનો ઉલ્લેખ કરતા શ્રી બ્રહ્મભટ્ટે જણાવ્યું કે, સફેદ રણ અને ધોરડોને ગ્લોબલ ટુરિઝમ મેપ પર સ્થાન અપાવી વડાપ્રધાને સાબિત કર્યું છે કે દૂરંદેશી નેતૃત્વ કોને કહેવાય. જી-૨૦ જેવી આંતરરાષ્ટ્રીય ઇવેન્ટનું આયોજન પણ આ ભૂમિ પર થયું તે ગૌરવની વાત છે ત્યારે આ વખતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌ કચ્છી માડુઓના આશીર્વાદથી ભારતીય જનતા પાર્ટી કચ્છ જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો અને તમામ નગરપાલિકાઓમાં એક ભવ્ય, વિરાટ વિજયને પ્રાપ્ત કરશે એમાં સંદેહને જોજનો દુર પણ કોઈ જ સ્થાન નથી.

રાપર ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ તેમજ ભચાઉના પૂર્વ નગરપતિ કુલદીપસિંહ જાડેજાએ પ્રસંગિક ઉદબોધનો કર્યા હતાજ રાપર ખાતે ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ જનકસિંહ જાડેજા, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ વિકાસભાઈ રાજગોર, જિલ્લા ભાજપ મંત્રી ઉમેશભાઈ સોની, પક્ષના અગ્રણી અરજણભાઈ રબારી, જિલ્લા પંચાયત પૂર્વ ઉપાધ્યક્ષ વણવીરભાઈ સોલંકી, મંડલ પ્રમુખ નસાભાઈ દૈયા અને મહામંત્રીઓ મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ મહાદેવભાઈ પટેલ સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ કમલમ ખાતેની સમીક્ષાત્મક બેઠકમાં પણ જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી અને જિલ્લા અધ્યક્ષએ વિષય અનુરૂપ માર્ગદર્શન આપ્યું હતું જેમાં મહામંત્રીઓ ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી સહિતના જિલ્લા ભાજપના હોદ્દેદારો અને સૌ અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

અંજાર ખાતેની પ્રબુદ્ધ નાગરિક બેઠકમાં ફલજીભાઈ ચૌધરી, વરચંદ તેમજ રાજ્ય મંત્રી ત્રિકમભાઈ છાંગાએ શહેર ભરના ઉપસ્થિત પ્રભુ નાગરિકો સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી એ હંમેશા લોકોની પડખે અને લોકો માટે કામ કરતી માત્ર એક રાજકીય પરિપ્રેક્ષ્ય સાથે ચાલતી કોઈ પાર્ટી નહીં પરંતુ એક જીવંત વિચારધારા છે. અંજાર ખાતેની બેઠકમાં મહામંત્રી ધવલભાઈ આચાર્ય, હિતેશભાઈ ખંડોર, ભીમજીભાઈ જોધાણી, જિલ્લા ભાજપ ખજાનચી સુરેશભાઈ ટાંક, જિલ્લા ભાજપના પૂર્વ ઉપાધ્યક્ષ વસંતભાઈ કોડરાણી, અંજાર શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ડેનીભાઈ શાહ, અંજાર શહેર ભાજપ અધ્યક્ષ હિતેનભાઈ વ્યાસ, મહામંત્રીઓ ક્રિપાલસિંહ ઝાલા, અશ્વિનભાઈ સોરઠીયા, કિશોરભાઈ ખટાઉ તેમજ અશ્વિનભાઈ પંડ્યા સહિતના કાર્યકરો અને પ્રબુદ્ધ નાગરીકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

ગાંધીધામ ખાતે મૂક-બધિર મતદાતાઓએ સાઇન લેંગ્વેજ દ્વારા મતદાનનું મહત્વ સમજી શપથ લીધા

ગાંધીધામ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલના માર્ગદર્શન હેઠળ એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા નોડલ ઓફિસર અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડી. જે. દેસાઈ દ્વારા દિવ્યાંગ મતદારોમાં મતદાન પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી, ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા આદિપુર ખાતેના 'માતાલક્ષ્મી રોટરી ચેરીટેબલ ટ્રસ્ટ'માં આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં અંદાજે ૬૦થી ૭૦ જેટલા મૂક બધિર ભૂતપૂર્વ દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૧૯મી એપ્રિલના યોજાયેલા આ સત્રમાં નિષ્ણાતો દ્વારા સાઇન લેંગ્વેજ (સાંકેતિક ભાષા) મારફતે દિવ્યાંગોને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં અચૂક અને ફરજિયાત મતદાન કરવા અંગેની વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી.

ત્યારબાદ, ઉપસ્થિત તમામ દિવ્યાંગ ભાઈ-બહેનોએ લોકશાહીના આ પર્વમાં સહભાગી થઈને ફરજિયાત મતદાન કરવાના શપથ પણ લીધા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે સહ નોડલ ઓફિસર વિપુલ ડોરિયા, સંસ્થાના મેહુલભાઈ ભટ્ટ તેમજ તેમના સ્ટાફે ઉપસ્થિત રહીને કાર્યક્રમને અનુરૂપ તમામ જરૂરી વ્યવસ્થાઓ સંભાળી હતી.

ભુજમાં બાળ મુમુક્ષુ રત્નોની અનુમોદનાર્થે સેવા કાર્યો કરાયા

ભુજ-કચ્છઉદય : છેલ્લા ૧૬ વર્ષથી સ્વ. ચેતન મહેતાની સ્મૃતિમાં વિવિધ સેવા ક્ષેત્રે સતત કાર્યરત, જૈન સેવા સંસ્થા, નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે તાજેતરમાં બાળ મુમુક્ષુ રત્નો, ચિરંજીવી દિવ્ય, હિત અને આદીની અનુમોદનાર્થે પટેલ કોલોની ભુજના સહયોગથી, શ્વાનોને દુધ-રોટલી-ખીચડી, પક્ષીને ૧ બાચકો ચણ વિગેરે જીવદયાના કાર્યો કરાયા હતા. તેમજ લાલટેકરી પોઈન્ટ પરથી ૨૦૦૦ જેટલા વટેમાર્ગુઓ, મજદુરો- બારાતુઓ વિગેરેને ઉનાળાનું અમૃત છાશનું પાન કરાવાયું હતું. આ અવસરે સંસ્થાના મોભી વેલજીભાઈ મહેતાના નેતૃત્વમાં ડો. રૂપાલીબેન મોરબીયા, પ્રદિપભાઈ દોશી, ભાવનાબેન જોશી, કે.બી. પરમાર, ગીરીશભાઈ પારેખ, અરવિંદભાઈ મહેતા, વિજય મહેતા વિગેરે કાર્યકરો સાથે મુમુક્ષુ રત્નોના પરિવારજનો વિરલભાઈ શેઠ, હસમુખભાઈ વોરા વિગેરે અગ્રણીઓ જોડાયા હતા. સંસ્થા પરિવાર તરફથી બાળ મુમુક્ષુ રત્નોને નિષ્કંટક સંયમ જીવનની શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેવું પ્રોજેક્ટ ચેરમેન હિરેન દોશીએ જણાવ્યું હતું.

ભુજના યુવા પત્રકાર જયદીપ શાહની પુણ્યતિથિએ બાળકોને ઠંડા પીણા અપાયા

ભુજ-કચ્છઉદય : કચ્છના યુવા પત્રકાર સ્વ.જયદીપભાઈ ભુજંગીલાલ શાહની ૨૦મી એપ્રિલે પુણ્યતિથિએ ભુજ ખાતે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા વિવિધ સેવા કાર્યો સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ તકે ઉનાળાને ધ્યાને લઈને બાળકોને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત રામુબેન પટેલ દ્વારા ચકલીઘર અને પાણીના કુંડાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. કચ્છના જાણીતા યુવા પત્રકાર સ્વ.જયદીપભાઈ શાહને શ્રદ્ધાંજલિ આપવા માટે અંકિતાબેન ધોકાઈ, માલશ્રીબેન ગઢવી, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, નયનભાઈ શુક્લ, રાજુલાબેન શાહ, જટુભાઈ ડુડીયા અન્ય જોડાયા હતા. દરમિયાન અંકિતાબેન ધોકાઈના માર્ગદર્શન હેઠળ વિવિધ વિસ્તારોમાં બાળકોને ઠંડા પીણા આપવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે સ્વ.જયદીપભાઈ શાહ કચ્છના જાણીતા અખબાર પાંજો કચ્છના તંત્રી સ્વ. ભુજંગીલાલભાઈ શાહના તેઓ પુત્ર હતા અને કચ્છમાં યુવા પત્રકાર તરીકે તેઓએ નામના મેળવી હતી. તેમની પુણ્યતિથિએ ભુજ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર ધીરેનભાઈ લાલન અને ભુજ કોમર્શિયલ બેંકના ડાયરેક્ટર ધીરેનભાઈ ઠક્કર દ્વારા પણ શાબ્દિક શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દરમિયાન લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જયદીપ શાહની યાદમાં કપડાઓનું વિતરણ પણ અલગ અલગ વિસ્તારોમાં કરવામાં આવ્યું હતું.

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓને અપાતો આખરી ઓપ

ભુજ - કચ્છઉદય : આગામી ૨૬ એપ્રિલના રોજ કચ્છ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં જિલ્લા અને તાલુકા પંચાયત ઉપરાંત નગરપાલિકા અને મહાનગર પાલિકાની ચૂંટણી યોજાનાર છે ત્યારે આ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સુપેરે પાર પાડવા અને તેનું સુચારુ આયોજન કરવા તંત્રે કમર કસી છે.

જિલ્લા મથક ભુજની એન્જિનિયરિંગ કોલેજ ખાતે ભુજ પ્રાંત અધિકારી એ. બી. જાદવ, ભુજ ગ્રામ્ય મામલતદાર અરૂણ શર્મા, તાલુકા વિકાસ અધિકારી, ભુજ દિક્ષિતકુમાર ઠક્કર સહિતના અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ અધિકારીઓ - કર્મચારીઓ ચૂંટણી પ્રક્રિયામાં જોતરાયા છે.

અહીં તાલુકા પંચાયત - જિલ્લા પંચાયતના ૨ જ્યારે ભુજ નગરપાલિકાના ૨ મળી કુલ ૪ સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવ્યા છે. ભુજ તાલુકામાં આવતી કુલ ૮ જિલ્લા પંચાયત સીટ અને તાલુકા પંચાયતની તમામ ૩૨ સીટ મળી કુલ ૨૯૩ મતદાન મથકો તેમજ નગરપાલિકાના ૧૨૩ બુથો માટેના ઈ.વી.એમ.ના કંટ્રોલ યુનિટ અને બેલેટ યુનિટ બૂથવાઈઝ સ્ટ્રોંગ રૂમમાં ગોઠવી તેને સીલ કરવામાં આવ્યા છે. આ સ્થળે જ રીસીવિંગ અને ડિસ્પેચિંગ સેન્ટર પણ ઉભા કરવામાં આવ્યા છે. આ સાથે ૨૮ એપ્રિલના મત ગણતરી પણ આ જ સ્થળે થશે જેની પણ તૈયારીઓ ચાલી રહી છે.

કચ્છી આર્ટ ટ્રસ્ટ દ્વારા સંસ્કાર સ્કૂલ ભુજમાં પોટરી વર્કશોપનું આયોજન

ભુજ - કચ્છઉદય : સંસ્કાર સ્કૂલના ડાયરેક્ટર કિરીટ કારીયાના સહયોગથી સ્કૂલના વિધ્યાર્થીઓ ૧ થી ૫ વર્ગ ના ૨૦૦ વિધ્યાર્થીઓ પોટરી વર્કમાં ભાગ લીધો હતો. કચ્છી આર્ટ ટ્રસ્ટના પ્રમુખ શ્રી રમજુ માટીકામની ઓળખ સાથે વસ્તુઓ કેવિ રીતે બને છે. ગેરુ કલર સાથે ભઠી લીભાડોમાં પકાવું. ઘરમા, ઓફિસમાં, ફાર્મહોઉસમાં પાણીના માટલા કોફી, ચાય, છાશ, દઈ, શાક, રોટલી ખીચડી ભાત બધી વસ્તુ માટીના વાસણોમાં તૈયાર કરવાથી એનો ઉપયોગ કરવાથી આપનો શરીર સારો અને સ્વસ્થ રહે છે. સાથે કુંભારી કલા લુપ્ત થઈ રહી છે, તો એમના બનાવેલા માટીના વાસણો પક્ષીના કુંડા, પાણીના કુંડા, માટીના રમકડાં વગેરે ખરીદી કરીને કલાને પ્રોત્સાહન આપી શકીએ છીએ. સંસ્કાર સ્કૂલના ઊષા વર્મા, એચ.ઓ.ડી મડવર્કના આર્ટિસ્ટ કચ્છી આર્ટ ટ્રસ્ટના પ્રમુખ રમજુ મોહમ્મદ કુંભાર, આર્ટિસ્ટ કુંભાર જાકાબનો સન્માન કરવામાં આવ્યો હતો. વેકેશન દરમ્યાન કચ્છના અલગ અલગ શહેરો ગ્રામીણ વિસ્તારોમાં અને સ્કૂલ કોલેજોમાં મડવર્ક આર્ટ અને પોટરી વર્ક કુંભારી કલાનો ડેમો ટેસન વર્કશોપ આયોજન કરવામાં આવશે. સંપર્ક ૯૮૨૫૯૯૩૮૯૦ ઓફિસ અને ટ્રેનિંગ સેન્ટર સુખપર ગામમાં આવેલ છે. જેમાં હજારોની સંખ્યામાં મહિલાઓ અને બાળકો લાભ લહી રહ્યા છે. ૨૦૨૫માં રાષ્ટ્રપતિ ભવનમાં હસ્ત કાલાનો પ્રદશન યોજવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે રમજુભાઈએ પ્રથમ ફેસ્ટીવલ વેકરીયા રણ ૨૦૦૫માં, તાજ ફેસ્ટિવલ આગ્રા ૨૦૦૬માં, દિલ્હી હાટ ફેસ્ટિવલ ૨૦૦૮માં, ફાઈટ મ્યુઝીયમ ફેસ્ટિવલ દિલ્હી ૨૦૦૯માં, ગરવી ગુજરી નવરાત્રી ફેસ્ટિવલ અમદાવાદ ૨૦૦૯માં, કાલા ઘોડા મુંબઈ ફેસ્ટિવલ ૨૦૧૬માં, પારંપરિક મુંબઈ ફેસ્ટિવલ ૨૦૧૭માં, સુરજ કુંડ આંતરાષ્ટ્રીય ફેસ્ટિવલ ફરીદાબાદ ૨૦૨૩માં ટ્રેડ ફેર આંતરાષ્ટ્રીય ફેસ્ટિવલ દિલ્હી ૨૦૨૪માં તેમજ અનેક સ્થળોએ કોલકાતા ૨૦૧૯ હસ્તકલા એવોર્ડ અર્સ ફાઉન્ડેશન ૨૦૨૧ અખિલ કચ્છ કુંભાર સમાજ એવોર્ડ ૨૦૨૫ રાષ્ટ્રપતિ ભવનમાં સર્ટિફિકેટ ભુજ ખાતે સાંસદ વિનોદ ચાવડા દ્વારા સર્ટિફિકેટ અને ૧૭-૪-૨૦૨૬ સંસ્કાર સ્કૂલ દ્વારા સર્ટિફિકેટ મળેલ છે હસ્ત કાલા ટ્રેઅનિંગ સેંટર સાથે મડવર્ક આર્ટ ગેલરી સુખપર ગામમાં ખોલવામાં આવેલ છે.

ભુજ-માંડવી માર્ગ પર નિયમોની ખુલ્લી અવગણના, તંત્રની કામગીરી પર સવાલ

ભુજ-કચ્છઉદય : ભુજ-માંડવી માર્ગ પર ભારાપર પાટિયા વિસ્તારમાં ભારે ઓવરલોડ વાહનો દોડતા જોવા મળતાં માર્ગ સુરક્ષા ગંભીર જોખમમાં મુકાઈ છે. મોટા પાઇપો જેવા માલને અયોગ્ય રીતે અડધા વાહનમાં અને અડધા બહાર લટકતા સ્થિતિમાં પરિવહન કરવામાં આવી રહ્યું છે, જે સ્પષ્ટ રીતે જોખમી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ટ્રાન્સપોર્ટ વ્યવસ્થામાં એક જ વાહનમાં ક્ષમતા કરતાં વધુ માલ ભરવામાં આવી રહ્યો છે, જેના કારણે વાહન અસંતુલિત બની માર્ગ પર દોડે છે. આ પ્રકારની બેદરકારી અન્ય વાહનચાલકો માટે જીવલેણ અકસ્માતનો ખતરો ઉભો કરી રહી છે.

આ સમગ્ર સ્થિતિથી આર.ટી.ઓ. તંત્રની દેખરેખ અને અમલવારી પર ગંભીર સવાલો ઉભા થયા છે. નિયમોના ભંગ છતાં સમયસર કાર્યવાહી ન થવી પણ ચિંતાનો વિષય બની રહી છે. સ્થાનિકોમાં આ અંગે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને સતત વધી રહેલા જોખમને ધ્યાનમાં લઈને કડક પગલાં ભરવાની માંગ ઉઠી રહી છે. લોકોનું કહેવું છે કે આવી બેદરકારી લાંબા ગાળે ગંભીર અકસ્માતોને આમંત્રણ આપી શકે છે.

આ પરિસ્થિતિને અટકાવવા માટે તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી જરૂરી બની છે, જેથી માર્ગ સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે અને સામાન્ય નાગરિકોના જીવ જોખમમાં ન મુકાય.

બરંડા, નરા, પાનધ્રો, માતાનામઢ, ના.સરોવરમાં ડોક્ટર ગેરહાજરીના કારણે આરોગ્ય સેવાઓ ઠપ્પ

ભુજ - કચ્છઉદય : લખપત તાલુકાના બરંડા, નરા, પાનધ્રો, માતાનામઢ, ના.સરોવર ગામોમાં આરોગ્ય સેવાઓ અંગે ગંભીર બેદરકારી સામે આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ બરંડા પીએચસીમાં ડોક્ટરની ગેરહાજરીને કારણે દર્દીઓને સારવાર માટે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. છેલ્લા કેટલાક સમયથી બરંદા ખાતે કોઈ એમબીબીએસ ડૉ. ટકતા નથી હાજર થઈને જતા રહે છે, નરા અને પાનધ્રો ગામોમાં પણ લાંબા સમયથી ડોક્ટર ઉપલબ્ધ નથી. માતાનામઢ, નારાયણ સરોવરના પણ એમબીબીએસ ડૉ. કપાત પગારમાં રજામાં છે, જેના કારણે સમગ્ર વિસ્તારમા કોઈ પણ ડોકટર ઉપલબ્ધ નથી. પ્રાથમિક આરોગ્ય સેવા વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે ? સ્થાનિકોમાં ભારે રોષ પૂર્વક જણાવ્યું હતું. ઈમરજન્સી આવે તો દર્દીને ક્યાં લઈ જવું ? એવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે.

હાલ કોઈ તાત્કાલિક વિકલ્પ વ્યવસ્થા પણ ઉપલબ્ધ નથી? સ્થાનિકોમાં શંકા છે કે એક સાથે અનેક ગામોમાં ડોક્ટરોની ગેરહાજરી પાછળ તંત્રની ઉદાસીનતા અથવા કોઈ ગડબડ જવાબદાર હોઈ શકે છે? ડોકટર નથી, ઈમરજન્સી માટે વિકલ્પ વ્યવસ્થા કેમ નથી?, આવડી મોટી સંખ્યામાં ડોક્ટરો ઘેર હાજર કેમ? ગ્રામજનો તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ, જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી અને તમામ ગામોમાં તાત્કાલિક ડોક્ટરની નિમણૂંક કરવાની માંગ કરી રહ્યા છે. સાથે જ આરોગ્ય સેવાઓમાં પારદર્શિતા લાવવાની પણ માંગ ઉઠી છે તેવું જણાવ્યું હતું.

ભુજના વોર્ડ નંબર ૬માં ભાજપને મળશે ઐતિહાસિક લીડ





ભુજની તમામ ૪૪ બેઠકો પર કમળ ખીલશે તેવો મજબૂત વિશ્વાસ વ્યક્ત કરતા સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય કેશુભાઈ પટેલ :ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ માં ભાજપના ચૂંટણી કાર્યાલયનો ભવ્ય પ્રારંભ : વોર્ડ ૬માં ભાજપના ઉમેદવાર જગત વ્યાસ, ધ્વનિ ગણાત્રા, પ્રશાંતગીરી ગોસ્વામી અને હીનાબા ઝાલાને મળતું પ્રચંડ જન સમર્થન

ભુજ - કચ્છ ઉદય : ભુજ શહેરના મધ્ય વિસ્તારમાં આવેલી દરજી જ્ઞાતિની વાડી ખાતે ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ના ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચાર કાર્યાલયનું ઉદઘાટન ભવ્ય રીતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

આ અવસરે જનમેદનીને સંબોધતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, સમગ્ર ભુજ શહેરમાં ભારતીય જનતા પાર્ટી પ્રત્યે જનતાનો ભારે પ્રતિસાદ અને અપાર પ્રેમ મળી રહ્યો છે. ડબલ એન્જિન સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યો આજે છેવાડાના માનવી સુધી પહોંચ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓના કારણે લોકોનો વિશ્વાસ ભાજપ પર અવિરત વધ્યો છે. તેમણે મતદારોને આહવાન કરતા જણાવ્યું હતું કે, આગામી ૨૬એપ્રિલના રોજ રાષ્ટ્રહિત અને વિકાસની ગતિને જાળવી રાખવા માટે ભાજપની તરફેણમાં જંગી મતદાન કરવું જોઈએ. મને પૂરો વિશ્વાસ છે કે ભુજ નગરપાલિકાના તમામ ૪૪ કમળ ખીલશે અને વોર્ડ નંબર ૬ના ઉમેદવારો સૌથી વધુ લીડ સાથે વિજયી બનશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે પણ આ તકે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી હંમેશા સેવાની ભાવના સાથે કામ કરે છે. છેલ્લા ઘણા સમયથી જે રીતે ભુજ શહેરના માળખાગત વિકાસ માટે કામગીરી કરવામાં આવી છે, તેનાથી પ્રજા સંતુષ્ટ છે. તેમણે અપીલ કરી હતી કે ડબલ એન્જિન સરકારના શાસનમાં ગુજરાત અને દેશ જે રીતે પ્રગતિ કરી રહ્યા છે, તેને વધુ વેગ આપવા માટે ૨૬ એપ્રિલના દિવસે દરેક મતદાર પોતાનો કિંમતી મત ભાજપને આપે.

વોર્ડ નંબર ૬ના ઉમેદવાર જગત (જલધિ) વ્યાસે આ પ્રસંગે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૫ વર્ષથી વધુ સમયથી આ વિસ્તારની જનતા ભારતીય જનતા પાર્ટીને સમર્થન આપી રહી છે અને તેઓ પોતે પણ ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે ત્યારે લોકોનો અને સર્વ સમાજનો અભૂતપૂર્વ ઉત્સાહ જોતા વિજય નિશ્ચિત જણાઈ રહ્યો છે.

કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ભુજ શહેર પ્રમુખ મીત ઠક્કર, કચ્છ જિલ્લા ભાજપના મુકેશભાઈ ચંદે, પૂર્વ નગરપતિ અશોકભાઈ હાથી, બાલકૃષ્ણ મોતા, રેશ્માબેન ઝવેરી તેમજ વિવિધ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ધ્વનિબેન ગણાત્રાએ તમામ ઉપસ્થિત મહેમાનો અને સર્વ સમાજનો આભાર માન્યો હતો.

શહેરનો સમતોલ વિકાસ જ ભારતીય જનતા પાર્ટીનો સંકલ્પ : વિનોદ ચાવડા

ભુજમાં ભાજપના વોર્ડ નં. ૯ ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન : સાંસદ વિનોદભાઈ ચાવડા અને ધારાસભ્ય કેશુભાઈ પટેલે વિકાસકામોના ભાથા સાથે ૨૬ એપ્રિલે જંગી મતદાન કરવા મતદારોને આહવાન કર્યું

વોર્ડ નં. ૯ ના ભાજપના ઉમેદવાર કૃષ્ણબા અજયસિંહ જાડેજા, પ્રકાશ રામજી મહેશ્વરી, રૂપલ હિતેશ ચાવડા અને શીતલકુમાર ચંદ્રકાંત શાહને મળતો અભૂતપૂર્વ આવકાર દેવરાજ ગઢવી

ભુજ - કચ્છઉદય : ભુજ શહેરના વોર્ડ નંબર ૯ માં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના રણશિંગા ફૂંકાઈ ચૂક્યા છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચારને વેગ આપવા માટે મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભુજના રેયાંશ ક્ષેત્રપાળ કોમ્પ્લેક્સ, જ્યુબિલી ગ્રાઉન્ડ ગેટ સામે, બેંકર્સ કૉલોની ખાતે ગત સોમવારે સાંજે આયોજિત આ કાર્યક્રમમાં ભાજપના દિગ્ગજ નેતાઓ અને કાર્યકરોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. કચ્છ-મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા અને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યાલયને વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે ભાજપ સરકારે વીતેલા વર્ષોમાં ભુજ શહેરની કાયાપલટ કરી છે. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે ભુજમાં રોડ-રસ્તા, પીવાના પાણીની સુવિધા અને આરોગ્ય ક્ષેત્રે થયેલા કામોએ શહેરને આધુનિકતા તરફ ગતિ આપી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની ડબલ એન્જિન સરકારના પ્રતાપે આજે કચ્છના છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજનાઓના લાભ પહોંચ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે વિકાસની આ અવિરત યાત્રાને ચાલુ રાખવા માટે આગામી ૨૬ એપ્રિલના રોજ મતદાનના દિવસે તમામ બુદ્ધિજીવી નાગરિકો અને વોર્ડવાસીઓએ એકજૂટ થઈ કમળના નિશાન પર મહોર મારી ભાજપને વિજયી બનાવવા અપીલ કરી હતી. ધારાસભ્ય કેશુભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં સ્થાનિક સ્તરે થયેલા પરિવર્તનોની વિગતો આપતા કહ્યું હતું કે ભુજ શહેરના દરેક વોર્ડમાં પાયાની સુવિધાઓના કામો પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવામાં આવ્યા છે. વિરોધ પક્ષો પાસે કોઈ ચોક્કસ નીતિ નથી ત્યારે ભાજપ માત્ર અને માત્ર વિકાસના એજન્ડા સાથે મેદાનમાં છે.

તેમણે મતદારોને વિનંતી કરી હતી કે ૨૬ એપ્રિલે લોકશાહીના પર્વમાં સક્રિય ભાગીદારી નોંધાવી ભાજપના તમામ ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા જોઈએ. આ કાર્યક્રમમાં ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર, મહામંત્રીઓ રિતેનભાઈ ગોર, જીગરભાઈ શાહે પણ ઉપસ્થિત રહી કાર્યકરોને દરેક બૂથ સ્તરે મજબૂતીથી કામ કરવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મંડળ ઈન્ચાર્જશ્રીઓ દેવરાજભાઈ ગઢવી, કિરીટભાઈ સોમપુરા, બાલકૃષ્ણભાઈ મોતા, મહીદીપસિંહ જોડેજાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સાથે જ વોર્ડ નં. ૯ ના ઈન્ચાર્જશ્રીઓ રેશ્માબેન ઝવેરી, સાત્વિકદાન ગઢવી અને રાજેશભાઈ મહેતાએ વ્યવસ્થાપન સંભાળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વોર્ડ નં. ૯ ના ભાજપના સત્તાવાર ઉમેદવાર કૃષ્ણબા અજયસિંહ જાડેજા, પ્રકાશ રામજી મહેશ્વરી, રૂપલ હિતેશ ચાવડા અને શીતલકુમાર ચંદ્રકાંત શાહના સમર્થનમાં સ્થાનિક નાગરિકો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉમટી પડતા સમગ્ર વાતાવરણ કેસરીયા રંગે રંગાઈ ગયું હતું. ઉદ્ઘાટન બાદ આગામી વ્યૂહરચના અંગે મહત્વની ચર્ચાઓ કરવામાં આવી હતી અને ઉમેદવારોએ જંગી વિજય મેળવવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે દિલીપભાઈ શાહ, ડો. મુકેશ ચંદે, જોરાવરસિંહ રાઠોડ, સંદીપભાઈ શાહ, નીતાબેન અલ્પેશ પટેલ વગેરે ઉપરાંત સ્થાનિક રહેવાસીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ચૂંટણી પહેલા કચ્છ કોંગ્રેસ માટે પડ્યા પર પાટુ જેવો તાલ

એક પછી એક સંનિષ્ઠ અને ખમતીધર કાર્યકરો દ્વારા કોંગ્રેસને અલવિદા કરાતાં કચ્છમાં કોંગ્રેસની મૃતઃપાય બની

ભુજ - કચ્છઉદય : સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ અને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે કચ્છ કોંગ્રેસમાં વિદ્રોહ અને અસંતોષની આગ ઠરવાનું નામ નથી લેતી. કોંગ્રેસની દંભી અને દોગલી રાજનીતિથી ત્રસ્ત થઈને એક પછી એક અનેક જુના કોંગ્રેસી કાર્યકરો કોંગ્રેસને અલવિદા કહીને ભારતીય જનતા પાર્ટીની સેવા, વિકાસ અને રાષ્ટ્રવાદી વિચારધારાથી પ્રભાવિત થઈને ભાજપમાં જોડાઈ રહ્યા છે.

એવા જ એક ઘટનાક્રમમાં ભુજમાં વોર્ડ નંબર ૯ના ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની અનુમતિથી ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સેવાદળના મંત્રી અને કચ્છ કોંગ્રેસના પૂર્વ મંત્રી અને પ્રવક્તા તરીકે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી ચૂક્યા છે એવા કોંગ્રેસી અને જૈન મહિલા અગ્રણી માનસી શાહ તેમની સાથેના અન્ય ૩૦ જેટલા સમર્થકો સાથે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. તેમની સાથે ભાજપમાં જોડાયેલ તૌસીફ મણીયાર પણ પ્રદેશ સેવાદળમાં કાર્યરત હતા. આ ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, કેડીસીસી બેંક ચેરમેન દેવરાજભાઈ ગઢવી, ભુજ શહેર ભાજપ પ્રમુખ મીતભાઈ ઠક્કર સહિતના પાર્ટીના અગ્રણીઓના હસ્તે આ સર્વે કોંગ્રેસી આગેવાનો અને કાર્યકર્તાઓએ ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરીને વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા.

આ ઉપરાંત અન્ય એક ધરખમ કોંગ્રેસી આગેવાન અને રાજગોર સમાજના અગ્રણી એવા જગદીશભાઈ ગોર પણ તેમના પત્ની અને કોંગ્રેસી નગરસેવક મંજુલાબેન ગોર અને અન્ય ૧૦૦ જેટલા સમર્થકોની સાથે ભારતીય જનતા પાર્ટીમાં સત્તાવાર રીતે જોડાયા હતા. શ્રી ગોરના પત્ની મંજુલાબેન જગદીશભાઈ ગોર ગત ટર્મમાં ભુજ નગરપાલિકામાં કોંગ્રેસના નગરસેવિકા તરીકે કાર્યરત હતા. શ્રી ગોરની સાથે રાજગોર સમાજના અન્ય અગ્રણીઓ જેવા કે હસમુખ રાજગોર, હિતેશ રાજગોર, લાભશંકર ગોર, આકાશ ગોર, પંકજ માકાણી, વસુબેન બોડા તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓ જેવા કે અબ્દુલ કાસમ બજાણીયા, મિયાં મલુક સમા, આમદ તુગાજી સમા વગેરેએ પણ ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે, કોંગ્રેસની મહિલા વિરોધી માનસિકતા હવે સરાજાહેર છતી થઈ ચૂકી છે. કોંગ્રેસ પક્ષના બે મહિલા અગ્રણીઓ માનસીબેન શાહ અને મંજુલાબેન ગોર સહિત અનેક અગ્રણીઓએ કોંગ્રેસના મહિલા વિરોધી વલણ અને કોંગ્રેસની ખંધી, ભ્રષ્ટ અને વેરઝેરની રાજનીતિથી નિરાશ થઈને કોંગ્રેસને કાયમી જાકારો આપ્યો છે અને ભારતીય જનતા પાર્ટીની ઝળહળતી વિકાસધારામાં સામેલ થયા છે. આ તમામ કોંગ્રેસી અગ્રણીઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ વિજય અપાવવા માટે તન, મનથી કામે વળગી ગયા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલની પોલીસ ટીમ રાઉન્ડ ધી ક્લોક એક્ટિવ

કોઇપણ સમાજની ધાર્મિક કે સામાજિક લાગણી ન દુભાય તે માટે ખાસ તકેદારી લેવાઇ રહી છે - સોશિયલ મીડિયાના કોઇ પણ પ્લેટફોર્મ પર વિવાદાસ્પદ પોસ્ટ થાય તો તરત જ ડિલિટ કરી પગલાં લેવાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષો અને ઉમેદવારો સોશિયલ મીડિયા પર પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે ત્યારે જ સોશિયલ મીડિયાના કોઇપણ પ્લેટફોર્મ પર કોઇપણ જાતી-સમાજ કે ધર્મની લાગણી દુભાય તેવી પોસ્ટ વાયરલ ન થાય તે માટે પોલીસનું સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ એક્ટિવ કરી દેવામાં આવ્યું છે. હાલ રાઉન્ડધી ક્લોક સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલની ટીમ સોશિયલ મીડિયા પર વોચ રાખી રહી છે. કોઇ વિવાદાસ્પદ પોસ્ટ વાયરલ થાય કે લખાણ પોસ્ટ થઇ જાય તો તરત જ તેને સોશિયલ મીડિયા પરથી હટાવી લેવા ઉપરાંત આ પોસ્ટ કરનાર સામે ગુનો નોંધી તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

હાલમાં જ ધંધુકામાં ધર્મેશ ગમારા નામના યુવકની સ્થાનિક વિસ્તારના રિઝવાન અને સમીર નામના બે યુવકોએ સામાન્ય તકરારમાં છરીના ઘા મારીને હત્યા કરી દીધી હતી. આ ઘટનાને લઇને ઉશ્કેલાઇ ગયેલા લોકોને ટોળાએ તોડફોડ કરી હતી. જોકે, હત્યાની ઘટનાના પડઘા રાજ્યભરમાં પડે તે પહેલા જ પોલીસે સોશિયલ મીડિયા પર વોચ રાખી વિવાદાસ્પદ પોસ્ટ વાયરલ થાય નહીં અને શાંતિ ડહોળાય નહીં તેની તકેદારી રાખી હતી. હજુ પણ આ ઘટનાને લઇને કોઇ વિવાદાસ્પદ પોસ્ટ વાયરલ થાય નહીં તેની તકેદારી રાખવામાં આવી રહી છે. ગત વિધાનસભાની ચૂંટણી ટાણે પણ અમદાવાદ ગ્રામ્યમાં કિશન ભરવાડ નામના યુવકની પણ મુસ્લિમ યુવકોએ હત્યા કરી હતી ત્યારે પણ સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ દ્વારા આ ઘટનાને લઇને રાજ્યભરમાં કોઇ વિવાદાસ્પદ પોસ્ટ વાયરલ થાય નહીં તેની તકેદારી લેવામાં આવી હતી. હાલ ડીજીપી ઓફિસથી કાર્યરત સોશિયલ મીડિયા મોનિટરિંગ સેલ સાથે સાયબર ક્રાઇમ બ્રાંચ અને ક્રાઇમ બ્રાંચ, તમામ જિલ્લા પોલીસ અને રેન્જની ટીમ પણ સોશિયલ મીડિયા પર વોચ રાખી રહી છે. વર્તમાન સમયમાં દેશ વિરોધી તત્વો અને જુદા જુદા આતંકવાદી સંગઠનો કે તેમને સપોર્ટ કરતી ટુકડીઓના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ સતત વોચ રાખવામાં આવી રહી છે. તાજેતરમાં જ શમા પરવીન નામની એક યુવતીને પોલીસે ઝડપી લીધી હતી. તેનું કામ દેશ વિરોધી અને આતંકવાદી તત્ત્વોને સપોર્ટ કરતી પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ કરવાનું હતું. તેની પાસેથી ઘણું દેશ વિરોધી સાહિત્ય પણ મળી આવ્યું હતું. જ્યારે તેના જુદા જુદા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઘણા એકાઉન્ટસ પણ હતા. આવી આખી ટીમ હાલ એક્ટિવ છે. આ ઉપરાંત આઇએસઆઇએસના પ્રભાવમાં આવીને એક યુવતી સિરિયા જવા માટે તૈયાર થઇ ગઇ હતી. પોલીસની ટીમે તેને પણ આઇડેન્ટિફાઇ કરી બચાવી લીધી હતી.

ચૂંટણીમાં ગરબડ થશે તો 3 મિનિટમાં પોલીસ પહોંચશે, ડ્રોન અને સીસીટીવીથી નજર; ૨૦ હજાર જવાનો તહેનાત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૪૮ વોર્ડની ૧૯૨ બેઠકો માટે રવિવારે (૨૬મી એપ્રિલ) મતદાન માટે શહેર પોલીસે બંદોબસ્ત ગોઠવવા તૈયારીઓ આરંભી દીધી છે. મતદાન દરમિયાન ટોળાંશાહી કે ગરબડ કરવાની કોશિષ કરવામાં આવશે તો ૩ જ મિનિટમાં પોલીસની ટુકડીઓ પહોંચી જાય તેવી વ્યવસ્થા કરાઈ રહી છે. સીસીટીવી અને ડ્રોનથી સર્વેલન્સ કરવા માટે ૧૫૦થી વધુ પોલીસ ટુકડીઓનું ક્રોસ પેટ્રોલિંગ ગોઠવાશે. એસઆરપી, સીઆરપીએફ અને આરએએફને સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરાશે. અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, એટીએસ અને પીસીબીની ટીમો ઝોનદીઠ વ્યૂહાત્મક રીતે કાર્યરત કરાશે.

રવિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. કુલ ૪૮ વોર્ડમાંથી ૧૯૨ નગરસેવકો ચૂંટી કાઢવા લોકશાહી ઢબે ચૂંટણી યોજાય તે માટે અમદાવાદ શહેર પોલીસે તૈયારીઓ આરંભી છે. બંદોબસ્ત સંદર્ભે મીટિંગ બાદ મહત્ત્વના નિર્ણયો લેવાયાં હતાં. શહેરના દરેક સેક્ટર અને ઝોનમાં પોલીસ કર્મચારી જે પોલીસ સ્ટેશનમાં કાર્યરત હોય તેના બદલે બીજા પોલીસ સ્ટેશનમાં જ ચૂંટણી બંદોબસ્ત ફાળવવા સહિતના નિર્ણયો લેવામાં આવ્યા છે. સીસીટીવી ઉપરાંત જરૂર જણાયે ડ્રોનથી નજર રાખશે. શહેર પોલીસની ૫૦ ક્વિક રિસ્પોન્સ ટીમ અને ૧૦૦ સેક્ટર પેટ્રોલિંગ ટીમ મળીને કુલ ૧૫૦ જેટલી ટીમો ક્રોસ પેટ્રોલિંગ કરશે. કોઈપણ મતદાન મથકમાં, બહાર કે આસપાસ ટોળાંશાહી કરવામાં આવશે અથવા તો વાતાવરણ ડહોળવાની કોશિષ કરવામાં આવશે તો ત્રણ જ મિનિટમાં પોલીસની ટુકડીઓ પહોંચી જાય તેવું આયોજન કરાયું છે.

૩. ૨૫૦૦ કરોડનું સાયબર ફ્રોડ: બેંક કર્મચારીઓની પણ સંડોવણી? યસ બેંકના મેનેજર સહિત 3ની રાજકોટથી ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ : દેશવ્યાપી કરોડો રૂપિયાના સાયબર ફ્રોડમાં તપાસ કરતી રાજકોટ જિલ્લા પોલીસની સાયબર ક્રાઈમ પોલીસે યસ બેંકના ત્રણ અધિકારીઓ મૌલિક રામજી કમાણી(રહે. પાતા મેઘપર, તા. કાલાવડ), કલ્પેશ વિઠ્ઠલભાઈ ડાંગરીયા(રહે. કાલાવડ શીતળા, જામનગર) અને અનુરાગ ચંદુભાઈ બાલધા(રહે. જામકંડોરણા)ની ધરપકડ કરી બે દિવસના રિમાન્ડ પર લીધા છે.

આ ત્રણેય આરોપીઓમાં એકમાત્ર મૌલિક જ હાલ યસ બેંકમાં નોકરી કરે છે. બાકીના બંને આરોપીઓ બીજી બેંકમાં નોકરી કરે છે. દેશવ્યાપી આ સાયબર ફ્રોડ અંગે પડધરી પોલીસ મથકમાં ગુનો દાખલ થયો હતો. જેની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ આર. જે. ગોધમને સોંપવામાં આવી હતી.

શરૂઆતમાં જુદા-જુદા એપીએમસી એકાઉન્ટમાંથી ૧૫૦૦ કરોડના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા હતા. જેમાંથી ૨૩ કરોડ જેવી રકમ સાયબર ફ્રોડની હતી. બાકીની રકમ ગેમિંગ અને જીએસટીના ટ્રાન્ઝેક્શનને લગતી હતી. તપાસ દરમિયાન હવે ૧૫૦૦ કરોડનો આંક સીધો ૨૫૦૦ કરોડ સુધી પહોંચ્યો છે. એટલું જ નહીં ૨૫૦૦ કરોડના ટ્રાન્ઝેક્શન કુલ ૮૫ બેંક ખાતાઓમાં થયા હતા. આ ૮૫ બેંક ખાતાઓમાં ૭૪ કરોડ કરતા વધુ સાયબર ફ્રોડની રકમ જમા થઈ હતી. જે આંક હજૂ વધવાની શક્યતા છે. ૭૪ કરોડના સાયબર ફ્રોડ અંગે દેશભરમાંથી કુલ ૫૩૫ અરજીઓ થયેલી છે.

અત્યાર સુધીમાં સાયબર ક્રાઈમ પોલીસે કુલ ૧૭ આરોપીઓની ધરપકડ કરી હતી. તે સાથે જ પડધરીના મોવિયામાં આવેલી યસ બેંકની શાખાના કર્મચારીઓની સંડોવણી અંગે તપાસ કરી હતી. તપાસ દરમિયાન જે તે વખતે બેંકની આ શાખામાં પર્સનલ બેંકર તરીકે નોકરી કરતાં મૌલિક, મેનેજર તરીકે નોકરી કરતાં કલ્પેશ અને પર્સનલ બેંકર તરીકે નોકરી કરતાં અનુરાગની સંડોવણી ખુલતાં આ ત્રણેયની ગઈકાલે ધરપકડ કરી આજે કોર્ટમાં રજૂ કરી ૨ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસના સૂત્રોએ જણાવ્યું કે, આ કૌભાંડની તપાસ માટે એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિયુક્તિ કરવામાં આવી છે. જેમના દ્વારા ૩૫ જેટલી પેઢીઓ અને તેની સાથે સંકળાયેલા ૮૫ એકાઉન્ટની તપાસ ચાલું છે. તપાસ દરમિયાન કૌભાંડનો આંક વધે તેવી શક્યતા છે.

રાજ્યની આશ્રમ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે નિભાવ ગ્રાન્ટમાં વધારો કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : રાજ્ય સરકાર દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (જીઈમ્ઝ) માટે ચાલી રહેલી આશ્રમ શાળાઓને મોટી રાહત આપતા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય મુજબ નિભાવ ગ્રાન્ટમાં વધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધી આશ્રમ શાળાઓ વિદ્યાર્થી દીઠ રૂ. ૨૧૬૦ નિભાવ ગ્રાન્ટ મળતી હતી. પરંતુ હવે તેમાં વધારો કરીને વિદ્યાર્થી દીઠ રૂ. ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ કરવામાં આવી છે. નિભાવ ગ્રાન્ટમાં વધારો થવાના કારણે હવે વિદ્યાર્થીઓને રોજિંદા ખર્ચ માટે વધુ આર્થિક સહાય ઉપલબ્ધ થશે.

અગાઉ આશ્રમશાળાઓમાં રહેઠાણ અને ભોજન માટે વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટની રકમ મર્યાદિત હતી, જેના કારણે વધતા મોંઘવારીના સમયમાં સંચાલકો અને વિદ્યાર્થીઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા ગ્રાન્ટમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા નિર્ણય અનુસાર, વિદ્યાર્થીઓને મળતી નિભાવ ગ્રાન્ટમાં નોંધપાત્ર વધારો કરાયો છે. આ વધારાથી આશ્રમ શાળાઓમાં રહેઠાણ, ભોજન, શિક્ષણ સંબંધિત સામગ્રી તેમજ અન્ય આવશ્યક સુવિધાઓ પૂરી પાડવામાં સરળતા રહેશે. ખાસ કરીને ગ્રામ્ય અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને આ નિર્ણયથી વધુ લાભ મળશે.

આ નિર્ણયથી આશ્રમશાળાના સંચાલકોને પણ રાહત મળશે, કારણ કે અત્યાર સુધી મર્યાદિત ગ્રાન્ટને કારણે સંચાલન ખર્ચ ઊંચો જતો હતો. હવે વધારાની ગ્રાન્ટથી શાળાઓમાં સુવિધાઓ સુધારવાની સાથે વિદ્યાર્થીઓને વધુ સારી ગુણવત્તાવાળી સેવાઓ આપવામાં મદદ મળશે. ૮ એપ્રિલ, ૨૦૨૨ના રોજ ઠરાવ બહાર પાડીને આશ્રમ શાળાઓની નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ રૂ. ૧૫૦૦થી વધારીને રૂ. ૨૧૬૦ કરવામાં આવી હતી. જોકે, હવે ચાર વર્ષ બાદ ફરી એકવાર તેમાં વધારો કરવામાં આવ્યો છે. જે અનુસાર હવે રૂ. ૨૫૦૦ નિભાવ ગ્રાન્ટ વિદ્યાર્થી દીઠ મળશે.

જેફ્રી એપ્સ્ટીન મામલે બ્રિટનના પીએમ સ્ટાર્મર પર ફરી દબાણ વધ્યું, રાજીનામાની માંગ તેજ બની

(એજન્સી દ્વારા)

લંડન : બ્રિટનના વડાપ્રધાન કિએર સ્ટાર્મરે અમેરિકાના વિવાદાસ્પદ જેફ્રી એપ્સ્ટીન ફાઇલ સાથે જોડાયેલ પીટર મેંડલસન મામલે મુશ્કેલીમાં મુકાયા છે. જેફ્રી એપ્સ્ટેટીનના જૂના સહયોગી પીટરની નિયુક્તિ અને સુરક્ષા તપાસમાં જે ખામીઓ જોવા મળી છે તેને લઇને જનતા તથા લેબરપાર્ટીના ઘણા સાંસદો નારાજ છે. સ્ટાર્મર આ કિસ્સાને શાંત પાડવા કોશિષ કરી રહ્યા છે પરંતુ તેમના નેતૃત્વને લઇને ગંભીર સવાલો હજુ પણ ઉભા છે.

ગત ગુરુવારથી આ મામલે નવા ખુલાસા થયા પછી સ્ટાર્મરના રાજીનામાની માંગ ફરી તેજ બની છે. મેંડલસેનને વર્ષ ૨૦૨૪માં અમેરિકામાં બ્રિટનના રાજદૂત બનાવાયા ત્યારે સુરક્ષા તપાસ પૂર્ણ કરવામાં આવી ન હતી. સ્ટર્મિરે મંત્રીઓને આ અધૂરી તપાસ અંગે તેમના મંત્રીમંડળને જાણકારી આપી ન હતી.આ કાર્ય માફ કરવા યોગ્ય નથી. આનો સમગ્ર દોષ વિદેશ મંત્રાલયના અધિકારીઓ પર મઢીને વરિષ્ઠ સિવિલ સેવક ઓલી રોબિન્સને બરખાસ્ત કરવામાં આવ્યા હતા. વિપક્ષી સંગઠનો ખોટી જાણકારી આપીને સંસદને ગુમરાહ કરવાનો આરોપ મુકયો છે.

દિલ્હી એક્સાઇઝ પોલિસી કેસમાં કેજરીવાલને ઝટકો, જજ બદલવાની અરજી હાઈકોર્ટે ફગાવી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દિલ્હી દારૂ નીતિ (આબકારી) કેસમાં જજ બદલવાની માંગને લઈને અરવિંદ કેજરીવાલની અરજી પર જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ ચુકાદો આપતા અરજી ફગાવી દીધી છે. તેમણે કહ્યું, 'હું કહેવા માંગુ છું કે હું આ અરજીઓ ફગાવી દઉં છું. હું કેસમાંથી હટીશ નહીં.'

આ પહેલા કેજરીવાલની અરજી પર ચુકાદો આપતા જસ્ટિસ શર્માએ કહ્યું હતું કે તેમની નિષ્પક્ષતા પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. જસ્ટિસ શર્માએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે જ્યારે તેમણે ચુકાદો લખવાનું શરૂ કર્યું ત્યારે કોર્ટરૂમમાં સંપૂર્ણ સન્નાટો હતો. તેમણે કહ્યું કે તે સમયે તેમને એક જજ તરીકે પોતાની જવાબદારીનો અહેસાસ થયો, કારણ કે તેમણે ભારતના બંધારણના શપથ લીધા છે. તેમને લાગ્યું કે તેમની ચૂપકીદી પણ એક રીતે પરીક્ષામાં છે અને સવાલ માત્ર તેમના પર જ નહીં, પરંતુ ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સંસ્થાની ગરિમા પર પણ છે.

જસ્ટિસ શર્માએ આગળ કહ્યું, 'હું આ કેસમાંથી રિક્યુઝ (સ્વૈચ્છિક રીતે હટવું) નહીં કરું. હું આ કેસની સુનાવણી કરીશ.' અરવિંદ કેજરીવાલ સહિત અન્યની કેસની સુનાવણી છોડવાની અરજી ફગાવતા જસ્ટિસ શર્માએ કહ્યું, 'હું આ કેસની સુનાવણીમાંથી હટીશ નહીં. જો હું સુનાવણીથી અલગ થાઉં અને જણાવ્યા વગર સુનાવણીથી અલગ થાઉં તો કદાચ આ ફાઈલ બંધ થઈ જશે. પરંતુ જે મુદ્દાઓ આ અરજીમાં ઉઠાવવામાં આવ્યા છે, તેની ચર્ચા દરેક જગ્યાએ ચાલશે કે શું કોઈ જજને સજામાં ફેરફાર કરી શકાય છે.' જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ કહ્યું, 'હું આ એપ્લિકેશન રિજેક્ટ કરું છું, કારણ કે મારી શપથ બંધારણ સાથે છે. મારી શપથ શીખવ્યું છે કે જસ્ટિસ દબાણમાં ઝૂકવાથી નથી થતો. જસ્ટિસ તે જ છે જે દબાણમાં ઝૂક્યો નથી. મારો આ જ નિર્ધાર રહ્યો છે અને રહેશે. હું કોઈપણ ડર અને ભેદભાવ વગર કામ કરીશ.'

જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ પણ જણાવ્યું કે 'મેં આ અરજીઓ પર નિર્ણય કરી લીધો હોવા છતાં, હું આ બાબતે નિર્ણય કરીશ, એ વાતથી પ્રભાવિત થયા વગર કે કેસથી અલગ થવાની અરજી છે અને જાણે કે આ અરજી ક્યારેય કેસમાં ફાઈલ જ કરવામાં આવી ન હતી. આ અરજીઓમાં મેં જે કંઈ પણ કહ્યું છે, તે માત્ર આ અરજીઓના નિર્ણય માટે છે.' બીજી તરફ, દિલ્હી હાઈકોર્ટે મુખ્ય કેસમાં પોતાનો જવાબ દાખલ કરવા માટે નિર્દોષ જાહેર થયેલા લોકોને છેલ્લી તક આપી છે. કોર્ટ ઝ્રમ્ દ્વારા ટ્રાયલ કોર્ટના નિર્દોષ છોડવાના નિર્ણય વિરુદ્ધ ૪ થી ૭ મે દરમિયાન સુનાવણી કરશે.

આ પહેલા જસ્ટિસ શર્માએ કહ્યું હતું કે કેજરીવાલના ધરપકડ કેસમાં માત્ર ધરપકડની જરૂરિયાતનો સવાલ જ મોટી બેંચને મોકલવામાં આવ્યો હતો અને વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. તેમની કોર્ટનો ઓર્ડર રદ કરવામાં આવ્યો ન હતો.

સાવધાન! વૃદ્ધોને લૂંટવા સાયબર માફિયાઓની નવી માયાજાળ, પોલીસની નિષ્ક્રિયતાના કારણે મરણમૂડી જોખમમાં

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુનો ઉકેલવા કરતાં તેને રોકવો એ પોલીસની પહેલી ફરજ છે. પરંતુ, ગુનો બને તે પછી તેનો ઉકેલ લાવી વાહ... વાહ.... મેળવવાની વ્યાપક બનેલી માનસિકતાના કારણે સાયબર ક્રાઈમ વધી રહ્યું છે. ખાસ કરીને વૃધ્ધોને ડિજિટલ એરેસ્ટ કરવાના કિસ્સા વધી રહ્યાં છે. વૃધ્ધોને ટાર્ગેટ કરતી ગુનાખોરી રોકવા માટે પાંચ વર્ષ અગાઉ કરાયેલાં આયોજનો કાગળ પર રહેતા સાયબર માફિયા બેફામ બન્યાં છે. ખાસ કરીને અમદાવાદ, સુરત સહિતના શહેરી વિસ્તારોમાં પોલીસ વૃધ્ધોની મદદ માટે ૨૪ કલાક માટે તત્પર હોવાના દાવાઓ કાગળ ઉપર છે. સાયબર ક્રાઈમ રોકવા માટે કરોડો રૂપિયા ફાળવાતા હોવાની ગુજરાત સરકારના ગૃહ વિભાગની ડિગો વચ્ચે ગુજરાતના વૃધ્ધોની મરણમૂડી બચાવવામાં પરિણામ શૂન્ય સમાન છે.

ગુજરાતમાં વિતેલા ૩ વર્ષથી સિનિયર સિટીઝનો અને મહિલાઓને ટાર્ગેટ કરીને પૈસા પડાવવાનું સાયબર ક્રાઈમ વધી રહ્યું છે. સિનિયર સિટીઝનોનો ડેટા સાયબર માફિયાઓ સુધી કઈ રીતે પહોંચે છે તે શોધવાની પોલીસની ત્રેવડ જણાતી નથી. ગુજરાત પોલીસે જ પાંચ વર્ષ પહેલા જ કરેલા આયોજનો પૂર્ણરૂપે અમલમાં મુકાય તો પણ સિનિયર સિટીઝનો સાથે આચરતા સાયબર ક્રાઈમના ગુનાઓ ઉપર અંકુશ આવી શકે તેમ છે. વર્ષ ૨૦૨૦-૧૦ના નવ મહિનામાં બે દંપતિ સહિત નવ સિનિયર સિટીઝનોની હત્યાની ઘટના અમદાવાદમાં બની છે.

ગંભીર ગુનાખોરીના ઘટનાક્રમ વચ્ચે વર્ષ ૨૦૨૧માં તત્કાલિન ડીજીપી આશિષ ભાટિયાએ તમામ શહેરોના પોલીસ સ્ટેશનોને તેમના વિસ્તારમાં એકલા રહેતાં સિનિયર સિટીઝનોની યાદી બનાવવા તેમજ મહિલા પોલીસની શી ટીમને સિનિયર સિટીઝનોની નિયમીત મુલાકાત લેવાના આયોજનો કર્યા હતાં. ગુજરાતમાં સરકારને સિનિયર સિટીઝનોની ચિંતા છે તેવી લાગણી સાથે 'પ્રોજેક્ટ નમન' અમલમાં મુકાયો હતો.

રાજસ્થાનમાં રિફાઇનરીમાં ભયાનક આગ : પીએમ ઉદ્ઘાટન નહીં કરી શકે

(એજન્સી દ્વારા)

જયપુર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે રાજસ્થાનમાં પચપાદ્રામાં હિન્દુસ્તાન પેટ્રોલિયમની સૌથી મોટી રિફાઇનરી કમ પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્ષનું ઉદ્ઘાટન કરવાના હતા. જોકે, આ પહેલાં જ સોમવારે દેશની પહેલી ગ્રીનફીલ્ડ રિફાઇનરીમાં આગ લાગી હતી, જેને પગલે ઉદ્ઘાટનનો કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યો છે. આગ લાગતા રિફાઇનરીમાંથી આગના કાળા ધૂમાડા આકાશને આંબતા હોવાનું જોવા મળ્યું હતું. જોકે, અગ્નિશમન દળની ટૂકડી અને કંપનીના નિષ્ણાતોએ કલાકોની મહેનત પછી આગ પર કાબૂ મેળવી લીધો હતો.

રાજસ્થાનના બાલોત્રા જિલ્લામાં પચપાદ્રા રિફાઇનરીમાં સોમવારે આગ લાગી હતી, આગની આ ઘટના કૂડ ડિસ્ટિલેશન યુનિટમાં લાગી હતી. જેને પગલે આગની વિશાળ જ્વાળાઓ જોવા મળી હતી. સમગ્ર પ્રશાસન દોડતુ થઇ ગયું હતું અને આગને કાબુ કરવા પ્રયાસ કર્યો હતો. સોમવારે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા આ રિફાઇનરીની મુલાકાત લેવા જવાના હતા તેને આગની ઘટના બાદ રદ કરી દેવાઇ હતી, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે આ રિફાઇનરીના ઉદ્ઘાટન માટે જવાના હતા.

ગરીબોને ભાગ્યે જ ન્યાય મળે છે, શિક્ષણ માત્ર વેપાર બની ગયું : મદ્રાસ હાઇકોર્ટ

(એજન્સી દ્વારા)

ચેન્નાઇ : દેશમાં શિક્ષણના વેપારીકરણ પર તમિલનાડુની મદ્રાસ હાઇકોર્ટે આકરી ટિપ્પણી કરી હતી, હાઇકોર્ટે કહ્યું હતું કે દેવી સરસ્વતી શિક્ષણનુ પ્રતિક માનવામાં આવે છે જોકે આજકાલ શિક્ષણ માત્ર વેપાર બનીને રહી ગયું છે. એક સમયે આપણા દેશમાં શિક્ષણ આપવાનું કામ પવિત્ર માનવામાં આવતું હતું, પરંતુ આજકાલ હવે શિક્ષણ માત્ર લાભદાયક વ્યવસાય બનીને રહી ગયું છે. સાથે જ હાઇકોર્ટે કહ્યું હતું કે આજકાલ ગરીબ પીડિતો ભાગ્યે જ ન્યાય મેળવે છે.

તેનકાસીની સ્કૂલમાં એક વિદ્યાર્થિનીના મોત મામલે યોગ્ય તપાસ ના થતા પિતા દ્વારા હાઇકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી જેની સુનાવણી દરમિયાન ન્યાયાધીશ બી પુગાલેંધીએ આ ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે જે સ્કૂલમાં વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું તે જ સ્કૂલ દ્વારા કેમ્પસની સામે જ એક મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ચલાવવામાં આવે છે છતા વિદ્યાર્થિનીને ત્યાં દાખલ કરવામાં ના આવી અને તેનું કેમ્પસમાં જ મોત નિપજ્યું. વિદ્યાર્થિનીનું શંકાસ્પદ સ્થિતિમાં મોત નિપજ્યું હતું જ્યારે સ્કૂલ પ્રશાસન તેને અકસ્માત ગણાવી રહ્યું છે.

ટ્રમ્પ ઈરાન પર પરમાણુ હુમલો કરવા તૈયાર હતા: લશ્કરી વડા સાથે થઈ ગઈ હતી બબાલ

નવી દિલ્હી : ઈરાન સાથેના સંઘર્ષ વચ્ચે, ડોનાલ્ડ ટ્રમ્પના સિચ્યુએશન મની અંદરની પરિસ્થિતિ અંગેના અહેવાલો વારંવાર સામે આવ્યા છે. ધ વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલ મુજબ, ઈરાને યુએસ વિમાન તોડી પાડું ત્યારે સિચ્યુએશન મમાં તણાવ ખૂબ જ વધી ગયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે કલાકો સુધી પોતાના અધિકારીઓ પર બૂમો પાડતા રહ્યા હોવાના અહેવાલ છે. દરમિયાન, ભૂતપૂર્વ સીઆઈએ વિશ્લેષક લેરી જો સનનો દાવો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સામે પરમાણુ હત્યમલો કરવાની તૈયારીમાં હતા પરંતુ જનરલ ડેન કેને તેમને અટકાવ્યા હતા.

ડેન કેને યુએસ જોઈન્ટ ચીસ ઓફ સ્ટાફના અધ્યક્ષ તરીકે સેવા આપે છે. નોંધનીય છે કે યુનાઈટેડ સ્ટેટસમાં, પરમાણુ કોડનો ઉપયોગ કરવાનો આદેશ આપવાનો અધિકાર ફક્ત રાષ્ટ્રપતિ પાસે રહે છે.

એકવાર આવો આદેશ જારી કરવામાં આવે છે, પછી સૈન્ય પરમાણુ હત્યમલો કરવા માટે છૂટ મળતી હોય છે. લેરી જો સનનો દાવો હતો કે આ ઘટના શનિવારે યોજાયેલી એક બેઠક દરમિયાન બની હતી.

તેમણે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે તે દિવસે ઈમરજન્સી બેઠક બોલાવી હતી. કાર્યવાહી દરમિયાન, ટ્રમ્પ ગુસ્સે થયા હોવાના અહેવાલ છે અને ઈરાન પર પરમાણુ હત્યમલો કરવા માટે તૈયાર થઈ ગયા હતા. જોકે, જનરલ ડેન કેઈને આ કાર્યવાહીનો વિરોધ કર્યો હોવાનું કહેવાય છે, અને દલીલ કરી હતી કે તે સંપૂર્ણપણે બદલો લેવા જેવું અને ક્રેપપૂર્ણ પગલું હશે. ત્યારબાદ, કેઈને માથું નમાવીને મીટિંગ મમાંથી બહાર નીકળતા દર્શાવતા ફોટોગ્રાસ બહાર આવ્યા.

શનિવારે યોજાયેલી કથિત કટોકટીની બેઠક અંગે હજુ પણ સ્પષ્ટતાનો અભાવ છે. આ પહેલા, ગુવારે, પીટ હેગસેથ અને જનરલ ડેન કેઈને સંયુકત રીતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તે સમયથી, પછીની કોઈપણ મીટિંગ અંગે કોઈ ઔપચારિક માહિતી જાહેર કરવામાં આવી નથી. અત્યાર સુધી કરવામાં આવેલા દાવાઓ ફકત ભૂતપૂર્વ સીઆઈએ વિશ્લેષક તરફથી જ ઉભ્યા છે; અન્ય ક્રોતોમાંથી કોઈ સમર્થન આપતી માહિતી પ્રા થઈ નથી.

ઈરાનમાં સત્તાપલટો? અરાઘચી સહિતના નેતાઓને હાંસિયે ધકેલીને નવા નેતાએ સુકાન સંભાળ્યું

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં શાંતિની આશા ફરી એકવાર ઠગારી નિવડી છે. સ્ટેટ ઓફ હોર્મુઝમાં ઈરાનના કાર્ગો જહાજ પર અમેરિકાએ કરેલા હુમલાએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. આ હુમલા બાદ ઈરાનની અંદર કૂટનીતિક ટીમોને સાઈડલાઈન કરી દેવામાં આવી છે અને ઁઈઝ્રના (ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ) કટ્ટરપંથી કમાન્ડરોએ દેશના મહત્ત્વના નિર્ણયો લેવાના શરૂ કરી દીધા છે.

ધ ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર, ઈઝ્રના કમાન્ડર મેજર જનરલ અહમદ વાહિદી હવે ઈરાનના મુખ્ય નિર્ણયકર્તા બની ગયા છે. અત્યાર સુધી અમેરિકા સાથે નરમ વલણ અપનાવતા વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીને કિનારે કરી દેવાયા છે. વાહિદી અને તેમની ટીમે સ્પષ્ટતા કરી છે કે, અમેરિકા સાથેની કોઈપણ શાંતિ વાટાઘાટો હાલમાં મુલતવી રાખવામાં આવી છે. અમેરિકી નૌકાબંધીના જવાબમાં સ્ટેટ ઓફ હોર્મુઝ સંપૂર્ણપણે બંધ રહેશે. ઈરાની વાટાઘાટકાર ટીમને તેહરાન પાછી બોલાવી લેવામાં આવી છે.

નિષ્ણાતો માની રહ્યા છે કે, ડોનાલ્ડ ટ્રમ્પે સૈન્ય દબાણ વધારીને ઈરાનને મંત્રણાના ટેબલ પર લાવવાની કોશિશ કરી હતી, પરંતુ તે પોતાના પગ પર કુહાડી મારવા જેવું સાબિત થયું છે. અમેરિકી હુમલાને કારણે ઈરાનના કટ્ટરપંથી નેતાઓને વધુ બળ મળ્યું છે, જેને પગલે હવે કોઈ પણ સમજૂતી થવાની શક્યતા નહિવત દેખાઈ રહી છે.

વીકેન્ડ દરમિયાન ઈરાને હોર્મુઝના માર્ગે પસાર થતાં ઓછામાં ઓછા ત્રણ જહાજોને નિશાન બનાવ્યા હતા. જેના કારણે ફારસની ખાડીમાં સેંકડો જહાજો ફસાઈ ગયા છે. વિશ્વના તેલ વેપાર માટેનો આ સૌથી મહત્ત્વનો માર્ગ બંધ થતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઈંધણના ભાવમાં મોટો ઉછાળો આવવાની ભીતિ છે.

મમતાની ભવાનીપુર સહિત બંગાળની ૫૫ બેઠકો સંવેદનશીલ : ચૂંટણીપંચ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : પશ્ચિમ બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનરજીની ભવાનીપુર સહિત

શ્રદ્ધાંજલિ



સ્વ. અજીતસિંહ ખેંગારજી (વેલુભા) જાડેજા
ઉ.વ. ૭૫, સ્વર્ગવાસ તા. ૧૯/૪/૨૦૨૬
ગામ : સમાઘોઘા, તા. મુંદરા.

પરિવારના મોભી જ્યારે આ વિશાળ સત્સંગ છોડી રજા લે છે ત્યારે અમો સૌ ઘેરા દુઃખની લાગણી અનુભવીએ છીએ. આપનું પ્રેરણાદાયી - આદર્શ જીવન, નીડર, નિખાલસ સેવાભાવી જીવનની સુવાસ કાયમી સ્મૃતિમાં અંકિત રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે... ૐ શાંતિ...

- જાડેજા ભગવતસિંહ ખેંગારજી (મોટા ભાઈ)
- જાડેજા ધર્મેન્દ્રસિંહ ખેંગારજી (નાના ભાઈ)
- જાડેજા વિરેન્દ્રસિંહ ભગવતસિંહ (ભત્રીજા)
- જાડેજા અનિરુદ્ધસિંહ ભગવતસિંહ (ભત્રીજા-Ex Army)
- જાડેજા હિતેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ (ભત્રીજા)
- જાડેજા રાજેન્દ્રસિંહ ધર્મેન્દ્રસિંહ (ભત્રીજા)
- જાડેજા વિજયસિંહ અજિતસિંહ (પુત્ર) (પૂર્વ સરપંચ, સમાઘોઘા-બરાયા)
- જાડેજા મહાવીરસિંહ અજીતસિંહ (પુત્ર) (ઉપપ્રમુખ, મુંદરા તાલુકા ભાજપ)
- જાડેજા શક્તિસિંહ વિરેન્દ્રસિંહ (પૌત્ર)
- જાડેજા યશપાલસિંહ અનિરુદ્ધસિંહ (પૌત્ર)
- જાડેજા પ્રિતપાલસિંહ વિજયસિંહ (પૌત્ર)
- જાડેજા ધ્રુવરાજસિંહ હિતેન્દ્રસિંહ (પૌત્ર)
- જાડેજા દક્ષરાજસિંહ રાજેન્દ્રસિંહ (પૌત્ર)
- જાડેજા વિશ્વરાજસિંહ શક્તિસિંહ (પરપૌત્ર)
- જાડેજા ધીરૂભા મેરામણજી પરિવાર
- જાડેજા ઉનડજી ગગુભા પરિવાર
- જાડેજા પ્રભાતસિંહ ઉનડજી પરિવાર
- જાડેજા વેલુભા દેશળજી પરિવાર

સદ્‌ગતનું બેસણું : તા. ૧૯/૪/૨૬થી ૨૩/૪/૨૦૨૬ના સાંજે ૬ વાગ્યા સુધી, દરબારગઢ ડેલી મુકામે, ગામ : સમાઘોઘા, તા. મુંદરા-કચ્છ.

HIGHLY TENURED SUBJECT FACILITATORS

Science: Sreevidya Byju (English), Madhavi Upadhyay (Chemistry), Vaibhav Thacker (Physics), Hiren Kalola (Physics), Ashika Panicker (Mathematics), Sudipta Devnath (Biology), Dolly Agarwal (Biology), Rakesh Suthar (Mathematics), Nandan Pomal (Chemistry), Jagdish Mithwani (Informatics Practices)

Commerce: Sapna Maheshwari (Business Studies/Accounts), Jagdish Mithwani (Accounts), Sridevi Venugopal (English/History), Sujansinh Jadeja (Economics), Harsha Krishnani (Business Studies), Soniya Khushalani (Business Studies), Pari Sampat (English), Anita Lalwani (Data Science)

Humanities: Sanjukta Chatterjee (Political Science/Psychology), Veena Chandnani (Business Studies/English), Pooja Arun (Economics)

ATMIYA VIDYAPEETH
A Unit Of Atmiya Group
Leading CBSE School
C.B.S.E. Affiliated Co Educational Day School upto Senior Secondary

Empowering students for JEE | NEET | VITEE | BITSAT
Expert Faculties with 16+ Years of Experience
Application Based Experiential Learning
ProblemSolving Sessions
Regular Assessment

ADMISSIONS OPEN FOR XI (2026-27)
SCIENCE, COMMERCE, HUMANITIES

SURVEY NO. 239/2, SHINAY, GANDHIDHAM
info@atmiyavidyapeeth.org www.atmiyavidyapeeth.org

WE GUIDE & LEAD TO SUCCESS

ભચાઉમાં વોંધ પુલિયા પાસે દિનદહાડે ફાયરિંગ કરી વૃદ્ધની હત્યા

પારિવારીક અદાવતમાં બન્યો બનાવ : ઘટનાસ્થળેથી ખાલી કારતૂસ અને તલવારની મ્યાન મળી : લોકોના ટોળે ટોળા ભેગા થયા

ભચાઉ - કચ્છ ઉદય : અહીંના વોંધ પુલિયા પાસે આજે સવારે દિનદહાડે ફાયરિંગ કરવામાં આવ્યું છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ પારિવારીક અદાવતમાં બનાવને અંજામ આપવામાં આવ્યો છે. જેના પગલે ચકચાર મચી જવા પામી છે.

જાણવા મળતી વિગતો મુજબ ભચાઉના વોંધ ઓવર બ્રીજ પાસે આજે સવારે આ બનાવ બન્યો હતો. જેમાં વોંધ ગામના આશરે ૭૦ વર્ષિય હરગોવિંદભાઈ સાધુની હત્યા કરવામાં આવી હતી. ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ઘટનાસ્થળે એક રાઉન્ડ ખાલી કારતૂસ અને તલવારનું ખાલી મ્યાન મળી આવ્યું છે. અંગત પારિવારીક અદાવતમાં હત્યાનો બનાવ બન્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. આ બનાવને પગલે ચકચાર મચી જવા પામી હતી. મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે એકત્ર થયા હતા. ભચાઉ પોલીસ પહોંચી હતી. દેહને પીએમ માટે સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. ભચાઉ પીઆઈ ડી.ડી. ઝાલા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, હાલ ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. અંગત અદાવતમાં બનાવ બન્યો હોવાનું જણાઈ રહ્યું છે. પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

GURU NANAK PUBLIC SCHOOL
(Affiliated to Guj. Sec. and High Sec. Edu. Board)
(Managed by Shree Guru Nanak Education Society)

ADMISSION OPEN
Nursery to std XII (Science & Commerce)
English Medium

SALIENT FEATURE
- Computer & Science Laboratories
- Well equipped Library
- Qualified, Trained & Efficient Teachers
- Olympiad & Other Competitions
- Spacious & Airy Rooms with clean, green Environment
- Transportation- School Bus Facilities available
- Canteen services available
- Result oriented Teaching along with character Building of Children
- Sports activity and Cultural activities

Aryasamaj Gandhidham Managed
D.A.V. Public School (Adipur & Anjar)
CBSE Affiliated English Medium Co-Ed School



- Child Friendly Environment
- Well Qualified and Professional Teachers
- To Provide Quality Education for a Bright Future
- Empowering Women Through Education

Plot No. 1, Ward 6A, Behind Rambaug Hospital, Adipur
E-mail: info@davpsgandhidham.com ◆ Phone +91-9409305460
Survey No. 699/1, Omnagar, Behind New Court, Anjar
E-mail: info@davpsanjar.com ◆ Phone +91-9924371427

SAVVY INT. SCHOOL | SAVVY JUNIORS
A MONTESSORI PRE SCHOOL

ADMISSIONS OPEN 2026-27
For, Montessori &
Grades 1 to 12 - Science | Commerce | Humanities



SAVVIANS:
LEADING THE FUTURE WITH AI & ROBOTICS
Enroll Today • Limited Seats

SAVVY INT. SCHOOL
63997 66666
www.savvyintschool.com
Savvy Int. School

SAVVY JUNIORS
63576 96666
www.savvyjuniors.com
Savvy Juniors

contact@savvyschool.in